**સંપાદક :**

| | |
|---|---|
| **પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય** | નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| **ડૉ. દીપ્તિબા કે. ગોહિલ** | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજયશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ |

**વિષય સલાહકાર સમિતિ (PAC) :**

| | |
|---|---|
| **પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય** | નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| **ડૉ. દીપ્તિબા કે. ગોહિલ** | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજયશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| **ડૉ. મુકેશ ખટીક** | આસિસ્ટન્ટ પ્રોફેસર અને વિભાગાધ્યક્ષ, રાજયશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| **ડૉ. હિતેશ પટેલ** | આસિસ્ટન્ટ પ્રોફેસર, રાજયશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| **શ્રી હિમાંશુ પટેલ** | પૂર્વ સરપંચ, પૂંસલી, સાબરકાંઠા. |
| **ડૉ. સની વઢવાણિયા** | ઓફિસર ઓન સ્પેશ્યલ ડ્યૂટી-રિસર્ચ એન્ડ એક્ષટેન્શન, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |

**પરામર્શક (વિષય):**

| | |
|---|---|
| **ડૉ. ગજેન્દ્ર શુક્લ** | નિવૃત્ત પ્રિન્સીપાલ, મહિલા આર્ટસ કોલેજ, નવસારી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત. |
| **ડૉ. પુષ્પાબહેન મોતિયાની** | નિવૃત્ત ડીન અને અધ્યક્ષ, શાંતિ સંશોધન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |

**લેખક :**

| | |
|---|---|
| **ડૉ. ગજેન્દ્રસિંહ પી. જાડેજા** | નિવૃત્ત અધ્યક્ષ , રાજયશાસ્ત્ર વિભાગ, શામળદાસ આર્ટસ કોલેજ, એમ. કે. બી. યુનિવર્સિટી, ભાવનગર. |
| **ડૉ. દીપ્તિબા કે. ગોહિલ** | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજયશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ. |
| **ડૉ. ગણેશ પ્રજાપતિ** | ભૂતપૂર્વ આસિસ્ટન્ટ પ્રોફેસર, રાજયશાસ્ત્ર, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ. |

**પરામર્શક (ભાષા):**

| | |
|---|---|
| **શ્રી ઘનશ્યામ કે. ગઢવી** | નિવૃત્ત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કોલેજ, મહેસાણા. |


**પ્રકાશન વર્ષ :** આવૃત્તિ-2023

**ISBN :** 978-93-91468-72-9

978-93-91468-72-9

**પ્રકાશક : કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**


**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

**ડૉ. બાબાસાહેબ આંબેડકર**
**ઓપન યુનિવર્સિટી**
**(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)**

**ગુજરાતમાં પંચાયતી રાજ**
**પ્રમાણપત્ર અભ્યાસક્રમ**
**CPRG**

# PPW -SEC -105

# પેપર 01

## પંચાયતી રાજનો પરિચય


| | |
|---|---|
| **એકમ : 01** | |
| **પંચાયતી રાજની વિભાવના- 01** | **05** |
| **એકમ : 02** | |
| **પંચાયતી રાજની વિભાવના- 02** | **11** |
| **એકમ : 03** | |
| **પંચાયતી રાજ અને સામુદાયિક વિકાસ યોજના** | **26** |
| **એકમ : 04** | |
| **ગાંધીજી અને ગ્રામ સ્વરાજનો ખ્યાલ** | **39** |

**પેપર 01**

**પંચાયતી રાજનો પરિચય**

---

**સર્ટીફિકેટ કોર્ષ ઈન પંચાયતી રાજ ઈન ગુજરાતનું પેપર** 01 કુલ ચાર એકમોમાં વહેંચવામાં આવ્યું છે.

**એકમ 01 પંચાયતી રાજની વિભાવના 01** માં પંચાયતી રાજનો અર્થ, ખ્યાલ સમજાવવામાં આવ્યો છે. પંચાયતી રાજના ઉદ્દેશો કે હેતુઓની જાણકારી આપવામાં આવી છે. સ્થાનિક સ્વશાસનનું કે પંચાયતી રાજનું મહત્ત્વ પણ તમે જાણશો.

**એકમ 02 પંચાયતી રાજની વિભાવના 02** માં પંચાયતી રાજનો વિકાસ આલેખવામાં આવ્યો છે. સ્વાતંત્ર્ય પૂર્વે પંચાયતી વ્યવસ્થા અને તેના વિકાસની પ્રક્રિયા અંતર્ગત પ્રાચીન ભારતમાં પંચાયતી વ્યવસ્થા, મધ્યકાલીન સમયમાં પંચાયતી વ્યવસ્થા, બ્રિટીશ શાસન દરમિયાન પંચાયતી વ્યવસ્થા માટેના પ્રયાસોની ચર્ચા કરવામાં આવી છે. ગાંધીજીના ગ્રામ સ્વરાજ વિશેના ખ્યાલો પણ રજૂ કરવામાં આવ્યા છે. બંધારણ સભા અને ગ્રામ પંચાયતો વિશે પણ જાણશો. ત્યાર બાદ સ્વાતંત્ર્ય બાદ ભારતમાં પંચાયતી રાજની વિકાસની પ્રક્રિયા અંતર્ગત સામુદાયિક વિકાસ યોજના, બળવંતરાય મહેતા સમિતિની રચના અને પંચાયતી રાજની સ્થાપના વિશે અભ્યાસ કરશો.

**એકમ 03 પંચાયતી રાજ અને સામુદાયિક વિકાસ યોજના** વિશે માહિતી આપે છે. આ એકમમાં ગ્રામ સામુદાયિક વિકાસ યોજના, સામુદાયિક વિકાસ યોજનાના મુખ્ય લક્ષણો જણાવવામા આવ્યા છે. સામુદાયિક વિકાસ યોજનાના પરસ્પર અવલંબન ઉપર ભાર જણાવવામાં આવ્યો છે. આ એકમમાં સામુદાયિક વિકાસ યોજનાનું મૂલ્યાંકન તેના સિધ્ધાંતોની જાણકારી મેળવીને તેની નિષ્ફળતાના કારણો પણ સમજાવવામાં આવ્યા છે. ગ્રામિણ વિકાસની યોજનાઓની ઝલક પણ મેળવશો.

**એકમ 04 ગાંધીજી અને ગ્રામ સ્વરાજનો ખ્યાલ** અંગેનું છે. આ એકમમાં ગ્રામ સ્વરાજના પાયાના સિધ્ધાંતો રોજગારી, જાત મહેનત, સમાનતા, ટ્રસ્ટીપણું, વિકેન્દ્રીકરણ, સ્વદેશી, સ્વાવલંબન, સહકાર, સૌ ધર્મોનું સમાન સ્થાન, પંચાયતી રાજ, પાયાની કેળવણી વિશે ચર્ચા કરવામાં આવી છે.

# એકમ-1 પંચાયતી રાજની વિભાવના-01

## રૂપરેખા


**1.0 ઉદ્દેશો**

**1.1 પ્રસ્તાવના**

**1.2 પંચાયતીરાજનો અર્થ અને ખ્યાલ**

**1.2.1 પંચાયતીરાજનો અર્થ**

**1.2.2 પંચાયતી રાજની વિભાવના**

**1.3 પંચાયતી રાજના ઉદ્દેશો /હેતુઓ**

**1.4 સ્થાનિક સ્વશાસનનું મહત્ત્વ/પંચાયતીરાજનું મહત્ત્વ**

**1.5 સારાંશ**

**1.6 ચાવીરૂપ શબ્દો**

**1.7 સ્વાધ્યાય**

**1.8 સંદર્ભ સૂચિ**


## 1.0 ઉદ્દેશો :

આ એકમના અભ્યાસથી તમે નીચેની વિગતોથી માહિતગાર બનશો.

- પંચાયતીરાજનો અર્થ અને વિભાવના જાણશો.
- પંચાયતીરાજના ઉદ્દેશો કે હેતુઓની સમજ મેળવશો.
- પંચાયતીરાજનું /સ્થાનિક સ્વશાસનનું મહત્ત્વ સમજશો.

## 1.1 પ્રસ્તાવના :

પ્રત્યેક રાજય પોતાના ધ્યેયોને સિધ્ધ કરવા, પ્રજા કલ્યાણકારી યોજનાઓને પ્રજા સુધી પહોંચાડવા, તેનો અમલ કરવા, તેને સફળ બનાવવા અને વહીવટીતંત્રના સુચારુ સંચાલન માટે સ્થાનીક શાસનની સંસ્થાઓની રચના કરતું હોય છે. ભારતમાં પણ આ પ્રકારના ઉદ્દેશોની પૂર્તિ માટે પ્રાચીન સમયથી સ્થાનીય શાસનની સંસ્થાઓનું મહત્વ સમજી સ્થાનિક સંસ્થાઓની રચના કરવામાં આવી રહી છે. ભારતમાં સ્થાનિક શાસન વ્યવસ્થાને બે પ્રકારે વિભાજિત કરવામાં આવી છે. એક શહેરી સ્થાનિક શાસનની સંસ્થાઓ અને બીજી ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓ. આ પ્રકારની સ્થાનિક સંસ્થાઓને સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓ તરીકે ઓળખવામાં આવે છે તેનો અર્થ સ્વયં સ્પષ્ટ છે કે સ્થાનિક કક્ષાએ સ્થાનિક ચોકકસ વિસ્તારમાં વસવાટ કરતાં લોકો આ સંસ્થાનું સંચાલન કરી સ્થાનિક સાધનો દ્વારા સ્થાનિક સમસ્યાઓનું સમાધાન શોધી કાઢે. આ સ્થાનિક સંસ્થાઓની શહેરી અને ગ્રામીણ સમસ્યાઓ અલગ અલગ પ્રકારની હોય છે અને તેનું સમાધાન પણ અલગ રીતે થતું હોય છે. બંનેનું લોકજીવન, વ્યવસાય, સમસ્યાઓ, સમસ્યાના ઉકેલના સાધનો અલગ હોય છે, તો આ બંને પ્રકારની સંસ્થાઓના આવકના સ્ત્રોતમાં પણ મોટો તફાવત જોવા મળે છે. આ પ્રકારની સ્થિતિને કારણે સ્થાનિક

સંસ્થાઓનું શહેરી અને ગ્રામીણ સંસ્થાઓમાં વિભાજન કરવું જરૂરી બન્યું છે. પરંતુ બંને પ્રકારની સંસ્થાઓનો મૂળભૂત ઉદ્દેશ છે લોકોની સમસ્યાઓનું સમાધાન શોધી લોકોની સુખ, શાંતિ અને સલામતીમાં વૃદ્ધિ કરવી.

ભારત ગામડાંઓનો બનેલો દેશ છે. ભારતનો બહુસંખ્યક જનસમુદાય ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરે છે. તેથી ગ્રામીણ ભારતની સમસ્યાઓ એ ભારતની મુખ્ય સમસ્યાઓ બની જાય છે. ભારતની ગ્રામીણ સમસ્યાઓને ઉકેલવાથી સમગ્ર દેશ અનેક પડકારોથી બચી શકે છે. દેશના પડકારોને પહોંચી વળવા તથા નવા ઊભા થતાં પ્રશ્નોને અટકાવવા પ્રાચીન સમયથી ગામડું રાજયવ્યવસ્થાનું એક પાયાનું એકમ બની રહયું છે. ગ્રામ્ય જનસમુદાયના સ્થાનિક પ્રશ્નો ઉકેલી, પ્રાથમિક સુખ–સગવડ પૂરી પાડી રાજયના વહીવટીતંત્રનો કાર્યબોજ ઓછો કરવામાં મદદરૂપ થઈ રહયું છે. ભારતના સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અને રાજકીય વિકાસમાં ગ્રામીણ સ્વશાસનની સંસ્થાઓ આધારશીલા બની રહી છે. પ્રાચીનથી અર્વાચીન સમય સુધીમાં ગ્રામીણ સ્થાનિક સંસ્થાનું નામ, સ્વરૂપ, માળખું, કામગીરીનો પ્રકાર વગેરે બદલાતા રહયા છે તેમ છતાં તેનું હાર્દ બદલાયું નથી, તેનું વજુદ બદલાયું નથી. સ્વતંત્ર ભારતમાં આ ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓના સંગઠનીય માળખાને પંચાયતીરાજ તરીકે ઓળખવામાં આવે છે.

## 1.2 પંચાયતીરાજનો અર્થ અને ખ્યાલ

### 1.2.1 પંચાયતીરાજનો અર્થ :

પંચાયત શબ્દની ઉત્પત્તિની દ્રષ્ટિએ સંસ્કૃત ભાષાના બે શબ્દો 'પંચ' અને 'આયતનમ્' પરથી પંચાયત શબ્દ ઉતરી આવ્યો છે. 'પંચ' એ સંખ્યા સૂચક શબ્દ છે તે પાંચની સંખ્યા દર્શાવે છે. ભારતમાં પ્રાચીન સમયથી લોકો 'પંચ ત્યાં પરમેશ્વર' ની વાતમાં વિશ્વાસ ધરાવે છે, તથા પાંચની સંખ્યાને શુભ પણ માનવામાં આવે છે. તો 'આયતનમ્' નો અર્થ સ્થળ કે રહેઠાણ થાય છે એટલે કે, પાંચ વ્યકિતઓનો સમૂહ કે જે અમૂક ચોકકસ જગ્યાએ ચોરો, સભાસ્થળ કે કોઈ ઝાડની નીચે સાથે મળીને સમગ્ર ગામના વિવિધ પ્રશ્નોની ગંભીરતાથી ચર્ચા–વિચારણા કરે છે તેમજ સમસ્યાનો સુખદ અંત લાવવા પ્રયાસ કરે છે. આમ ગામની સમસ્યાનો સુખદ અંત લાવનારી સંસ્થા તે પંચાયત એવો તેનો અર્થ થાય. આવી ગ્રામીણ સમસ્યાઓના સુખદ અંત લાવનાર સ્થાનિક સંસ્થાઓનું નીચેથી ઉપર સુધીનું સુવ્યવસ્થિત સંગઠનીય વહીવટી માળખું તે પંચાયતીરાજ. જેને ભારતમાં વર્તમાન સમયમાં પંચાયતીરાજના ત્રિ–સ્તરીય માળખા તરીકે ઓળખવામાં આવે છે.

આ પંચાયતો પોતાના વિસ્તારમાં સંપ અને સહકારનું વાતાવરણ ઊભું કરવા પ્રયત્નો કરતી.સ્થાનિક પ્રશ્નોનો તાત્કાલિક નિકાલ લાવવા પ્રયત્નો કરતી, ગામની પાંચ બુઝુર્ગ વ્યકિતઓ તેની કાર્યવાહી સંભાળતી. તેમાં ન્યાયની કાર્યવાહીનો પણ સમાવેશ થતો. પંચાયતના નિર્ણયોને ગામનો દરેક નાગરિક માન્ય રાખતો. ગ્રામ પંચાયતની ચૂંટણી થતી. ગામના સહકારથી પંચાયત પ્રશ્નોનું નિરાકરણ કરતી હોવાથી તેને 'પ્રશ્નોના નિરાકરણ માટેની સંસ્થા' તરીકે ઓળખાવી શકાય. પંચાયતની સભ્ય સંખ્યા ચોકકસ ન હતી. તેની કાર્યપધ્ધતિ, સભ્ય સંખ્યા, માળખું સમયે સમયે પરિવર્તિત થતું રહ્યું છે.

એલ.ગોલ્ડિંગના મતે સ્થાનિક સરકાર એટલે ''એક એવી વસ્તીના લોકો કે જે પોતાના પ્રશ્નોના સંદર્ભમાં પોતે જ વ્યવસ્થા કરે છે'' તો સર્વ સામાન્ય વ્યાખ્યા આપી શકાય કે, 'સ્થાનિક કક્ષાએ પુખ્તવયના ધોરણે પ્રજા દ્વારા ચૂંટાયેલાં પ્રતિનિધિઓને રાજય સરકાર ખાસ કાયદા દ્વારા

સ્થાનિક સત્તાઓ સોંપે છે. આ સત્તાનો ઉપયોગ કાયદાની મર્યાદામાં રહીને અધિકારીની સલાહ મુજબ સ્વાયત્ત રીતે કરે તે સ્થાનિક સ્વશાસનની સંસ્થા.'' ટૂંકમાં પંચાયતીરાજ એટલે સત્તાનું વિકેન્દ્રીકરણ કરીને, લોકશાહી માર્ગે વિકાસના કાર્યો કરવાની સત્તા સંભાળતી લોકો દ્વારા ચૂંટાયેલાં પ્રતિનિધિઓની પંચાયતી વ્યવસ્થા એટલે પંચાયતીરાજ.

### 1.2.2 પંચાયતીરાજની વિભાવના :

સ્વતંત્રતા પૂર્વે પણ હિન્દુસ્તાનમાં ગ્રામીણ ક્ષેત્રે પંચાયતી વ્યવસ્થા અસ્તિત્વમાં હતી. પરંતુ સ્વતંત્રતા પછીના પંચાયતી રાજનું સ્વરૂપ અને કાર્યક્ષેત્ર કેટલીક બાબતોમાં અલગ પ્રકારનું રહ્યું છે. તેમાં સ્વતંત્રતા પૂર્વેની પંચાયતી વ્યવસ્થાની તુલનાએ સમય, સંજોગો અને સમસ્યાઓને ધ્યાનમાં રાખી કેટલાંક પરિવર્તનો સ્વીકારવામાં આવ્યા છે. અંગ્રેજોના સમયમાં સ્થાનિક શાસનની સંસ્થાઓ તરીકે ઓળખાતી આ પંચાયતી રાજની સંસ્થાઓ સરકારની સ્થાનિક સ્વરાજયની નીતિને કારણે સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓ તરીકે ઓળખાવા લાગી. સ્વતંત્ર ભારતમાં પંચાયતી રાજનો ઉદ્દભવ અને અમલ એ એક બહુઆયામી ક્રાંતિકારી પગલું ગણાવી શકાય. સરકારની સ્થાનિક સ્વરાજયની નીતિને કારણે લોકો પોતે જ પોતાના વિકાસ માટેની નીતિ અને યોજના તૈયાર કરે. તેનાં અમલની જવાબદારી સ્વીકારે. લોકોના આ વિકાસની જવાબદારી વહન કરવા માટે ગ્રામીણ કક્ષાએ એક સંસ્થાકીય માળખાની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે કે જેમાં લોકોની ભાગીદારી વિશેષ પ્રમાણમાં રહે તેવી જોગવાઈ કરવામાં આવી છે. આ સ્થાનિક સંસ્થાઓ કેન્દ્ર, રાજય અને સ્થાનિક કક્ષાના વિકાસ કાર્યક્રમોનો અમલ કરે. આ પ્રજાકલ્યાણની વિકાસ યોજનાઓના અમલમાં લોકો વધુ ને વધુ ભાગીદાર બની વહીવટ, વિકાસ, સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે સુધારા અને વિકાસ, સામાજિક ન્યાય, સમાનતા અને આર્થિક વિકાસ માટેની લોકકલ્યાણની સેવાઓ પૂરી પાડવાનો પંચાયતીરાજની સંસ્થાઓનો ઉદ્દેશ છે. તેથી પંચાયતી રાજની સંસ્થાઓને આ સેવાકીય કાર્યોની જવાબદારી સોંપવામાં આવી છે. પંચાયતી રાજનાં ત્રિ–સ્તરીય માળખાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. જેમાં જિલ્લા કક્ષાએ જિલ્લા પંચાયત, તાલુકા કક્ષાએ તાલુકા પંચાયત અને ગ્રામ્ય કક્ષાએ ગ્રામ પંચાયતનો સમાવેશ થાય છે. આ પંચાયતી રાજની સંસ્થાઓને લોકશાહીની તાલીમશાળા તરીકે પણ ઓળખવામાં આવે છે. આ સંસ્થાઓ દ્વારા ગ્રામીણક્ષેત્રમાં વસવાટ કરતા ઓછું ભણેલાં અને વહીવટના બિનઅનુભવી નાગરિકોને તાલીમ મળી રહે છે તો સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીઓને કારણે ગ્રામીણ પ્રજાને લોકશાહી ઢબે શિક્ષણ મળે છે. જે સ્થાનિક લોકો અને વહીવટકર્તાઓને ગ્રામીણ વિકાસની યોજનાઓ અને કાર્યક્રમોના અમલ માટે તથા તેને સફળ બનાવવામાં ઉપયોગી નીવડે છે. જેથી વિકાસના ફળ ગ્રામીણ સમાજને સીધાં મળી શકે છે. સ્વતંત્ર ભારતનું પંચાયતીરાજનું માળખું લોકશાહી વિકેન્દ્રીકરણના ચિંતનને આધારે નિમાયેલી શ્રી બળવંતરાય મહેતા સમિતિની ભલામણોને આધારે રચાયું છે અને અમલી બન્યું છે.

## 1.3 પંચાયતીરાજના ઉદ્દેશો/હેતુઓ

1. વિકાસના કાર્યોના અમલને ઝડપી બનાવવા વહીવટ કરકસરયુકત અને કાર્યક્ષમ બનાવવો.
2. રાષ્ટ્રનિર્માણની કામગીરીમાં પ્રજાનો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત કરવો.
3. વહીવટ અને વિકાસની જવાબદારી પાયાની લોકશાહી સંસ્થાઓ સંભાળી શકે એ પ્રકારનું વહીવટી માળખું ઊભું કરવું.
4. સત્તાના વિકેન્દ્રીકરણ દ્વારા વહીવટ સરળ અને ઝડપી બનાવવો.

5. સુંદર આયોજન કરવું, તેમાં લોકોને ભાગીદાર બનાવવા અને એ રીતે લોકોપયોગી કાર્યો કરવા.
6. પંચાયતીરાજની સંસ્થાઓના માધ્યમથી શિક્ષણનો પ્રચાર અને પ્રસાર કરવો.
7. પંચાયતીરાજની સંસ્થાઓ દ્વારા સ્થાનિક પ્રશ્નોનું નિરાકરણ કરી સામૂહિક વિકાસ કરવો.
8. કૃષિસુધારણા દ્વારા ખેત ઉત્પાદન વધારી રાષ્ટ્રીય ઉત્પાદનમાં વધારો કરવો અને હરિયાળી ક્રાંતિ કરવી.
9. લોકશાહી અંગેનું શિક્ષણ લોકોને પૂરું પાડી, નવી નેતાગીરી ઊભી કરવામાં મહત્વની ભૂમિકા ભજવવી.
10. ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે ગૃહઉદ્યોગ અને લઘુ ઉદ્યોગ અંગેની જરૂરી માહિતી પૂરી પાડવી અને જરૂરી સહાય આપી તેના ઉત્કર્ષ માટે કાર્ય કરવું.
11. દરેક વ્યકિતને વિવિધ ક્ષેત્રોમાં પોતાની ક્ષમતા મુજબ પુરતી તક મળે અને વ્યકિતના વ્યકિતત્વનો વિકાસ થાય તે માટે જરૂરી વાતાવરણ ઊભું કરવું.
12. પંચાયતીરાજની સંસ્થાઓ દ્વારા લોકશાહીની તાલીમ પુરી પાડી ગ્રામ્ય વિસ્તારના સામાન્ય અને અશિક્ષિત નાગરિકોને વહીવટની સમજ અને તાલીમ આપવી.
13. દરેક પોતાની વિશિષ્ટ સંસ્કૃતિને જાળવી રાખીને પણ રાષ્ટ્રીય એકતા અને રાષ્ટ્રીય ઉત્કર્ષમાં પોતાનો ફાળો આપે એ પ્રકારનું વાતાવરણ સર્જવું.
14. પંચાયતીરાજની સંસ્થાઓ પોતાના વિસ્તારના ગરીબ અને પછાત વર્ગના લોકો માટે રાજય અને કેન્દ્ર સરકાર દ્વારા અમલી બનતી યોજનાઓને લાભાર્થીઓ સુધી પહોંચાડી પછાતવર્ગના ઉત્કર્ષની તમામ યોજનાઓને સફળ બનાવવી.

## 1.4 સ્થાનિક સ્વશાસનનું મહત્વ / પંચાયતી રાજનું મહત્ત્વ

આધુનિક ભારત વિશાળ વિસ્તાર અને વિશાળ વસ્તી ધરાવતું રાજય છે. આ વિશાળ વિસ્તાર અને વિશાળ વસ્તીને કારણે રાજયના ઉદ્દેશોને સિધ્ધ કરવામાં રાજય સરકારો માટે સંચાલકીય મુશ્કેલીઓ પણ સર્જાય છે અને સમસ્યાઓના સમાધાન સામે પડકારો ઊભા થતાં હોય છે. તો બીજી બાજુ વિશાળ વસ્તીને કારણે પણ મનુષ્યના જીવનધોરણ અને જીવનપદ્ધતિ સામે રોજબરોજની અનેક સમસ્યાઓ ઊભી થાય છે ત્યારે આ સમસ્યાઓ અને પડકારોને પહોંચી વળવા માટે સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓ સિવાય અન્ય કોઈ વિકલ્પ રહેતો નથી. આ સ્થાનિક સ્વશાસનના વિકલ્પનો અભાવ તેની જરૂરિયાત અને મહત્ત્વને સ્પષ્ટ કરે છે.

સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓનું કાર્યક્ષેત્ર ભલે નિશ્ચિત અને મર્યાદિત વિસ્તાર પૂરતું હોય પરંતુ તેનાથી તેનું મહત્વ ઘટી જતું નથી. બલકે સ્થાનિક પ્રજાના રોજબરોજના પ્રશ્નોનો નિકાલ કરીને એકમ અને કેન્દ્ર સરકારનો કાર્યબોજ ઓછો કરીને રાષ્ટ્રના લોકજીવનમાં પોતાનો ખૂબ જ અગત્યનો ફાળો આપે છે. સ્થાનિક સ્વશાસનની આ પ્રકારની ભૂમિકાને કારણે એકમ અને કેન્દ્ર સરકાર રાજયના વિકાસ અને અન્ય ક્ષેત્રો પર પૂરતું ધ્યાન આપી શકે છે. લોકો જયારે કોઈ ચોકકસ વિસ્તારમાં વસવાટ કરવાનું શરૂ કરે છે ત્યારે કેટલાંક પ્રશ્નો ઊભા થાય તે સ્વાભાવિક છે. આ પ્રશ્નો મોટેભાગે નાગરિક સેવાને લગતા હોય છે. જેમાં પાણી પુરવઠો, ગંદાપાણીનો નિકાલ, સ્વચ્છતા, વીજળીની વ્યવસ્થા, રોગચાળો ફેલાતો અટકાવવો, આરોગ્યને લગતી સેવા, શિક્ષણ, સિંચાઈ, રસ્તાની વ્યવસ્થા કરવી વગેરે લોકજીવનની પ્રાથમિક જરૂરિયાતો છે. જેમ જેમ સ્થાનિક શાસનનો વિસ્તાર વધતો જાય છે તેમ તેમ અન્ય પ્રશ્નો પણ

વધતા જાય છે. તેની સાથોસાથ સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓની જવાબદારી પણ વધતી જાય છે અને તે જવાબદારી આ સંસ્થાઓ વહન પણ કરે છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસની સાથે લોકોની ઊંચા જીવનધોરણની અપેક્ષાઓ પણ વધતી જાય છે ત્યારે જરૂરિયાત પ્રમાણે ચાલુ સેવાઓને જાળવી રાખવાનું તથા નવી સેવાઓ શરૂ કરવાનું દબાણ વધતું જાય છે. જે સેવાઓથી પ્રજાનું જીવનધોરણ ભૌતિક, આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક રીતે ઊંચું આવે તે પ્રકારની સેવાઓની જવાબદારી આ સંસ્થાઓ ઉપાડી રહી છે. સ્થાનિક કાર્યો ખૂબ જ વધી ગયાં છે. તેથી કહેવાય છે કે સ્થાનિક શાસનનું મહત્ત્વ નાગરિકો માટે તથા રાષ્ટ્રનિર્માણમાં પરોક્ષ રીતે ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. સાથોસાથ આપણી કલ્યાણરાજયની વિભાવનાને ચરિતાર્થ કરવામાં પણ આ સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓ સહાયક બની રહી છે.પંચાયતીરાજનું મહત્ત્વ સવિશેષ છે તેમ કહી શકાય.

## 1.5 સારાંશ

ભારતમાં પંચાયતી રાજ વ્યવસ્થાનો સ્વીકાર સ્વતંત્રતા બાદ કરવામાં આવ્યો હોવા છતાં તેના મૂળ ખૂબ પ્રાચીન સમયથી જ જોવા મળે છે. પ્રાચીન ભારતમાં સ્થાનિક સ્વશાસનનો ખ્યાલ અમલમાં હતો જ. સમયાંતરે માત્ર તેનું સ્વરૂપ અને કાર્યપધ્ધતિ બદલાયા છે. ઉદ્દેશ્ય તો એક જ રહ્યો છે. સ્થાનિક લોકોની મદદ વડે, સ્થાનિક સંસાધનોનો મહત્તમ ઉપયોગ કરીને સ્થાનિક લોકોના પ્રશ્નોનું નિરાકરણ સ્થાનિક કક્ષાએ જ લાવવું.

## 1.6 ચાવીરૂપ શબ્દો

**બહુ સંખ્યક** : બહુમતી જન સમુદાય

**ત્રિસ્તરીય માળખું :** બળવંતરાય મહેતા સમિતિદ્વારા પંચાયતી રાજ વ્યવસ્થા માટે ત્રિસ્તરીય માળખાનું સૂચન કરવામાંઆવ્યું હતું. જેમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતનો સમાવેશ થાય છે. પંચાયતીરાજના આ સંયુકત માળખાને ત્રિસ્તરીય માળખું કહેવામાં આવે છે.

## 1.7 સ્વાધ્યાય

**(અ) નીચે આપેલાં પ્રશ્નોના જવાબ આપો.**

1. પંચાયતીરાજ એટલે શુ ? તેના ઉદ્દેશો કયા છે ?

2. પંચાયતીરાજનું મહત્ત્વ સ્પષ્ટ કરો.

## 1.8 સંદર્ભ સૂચિ

1. શાહ બી.સી., : ' ભારતમાં પંચાયતીરાજ ' , યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, 1981.
2. આગજા બલદેવ : ' 73માં બંધારણીય સુધારા પશ્ચાત ભારતમાં પંચાયતી રાજ ' , યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
3. શુકલ ગજેન્દ્ર : ' પંચાયતીરાજ ' , ન્યુ પોપ્યુલર પ્રકાશન, સુરત, 2013-14.
4. शर्मा हरिश्चंद्र : 'भारत में स्थानिय प्रशासन' , कॉलेज बुक डिपो, जयपुर.
5. શેઠ પ્રવિણ (સં), : 'પંચાયતીરાજ અને વિકાસ' ,પં. નહેરુ જન્મશતાબ્દી સમિતિ, અમદાવાદ, 1989.
6. ઝાલાડી.ડી.,: ' બળવંતરાય મહેતા : રાજકીય નેતૃત્વ ', સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, 1990.
7. ઝાલાડી.ડી.(સં), : 'પંચાયતીરાજ લોકભાગીદારી તરફ' , ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર, 1996.
૮. મરચન્ટ આમ્રપાલી (અનુ.) : 'પંચાયતીરાજ (કાયદા થી ચળવળ સુધી)' , પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, 1996.
૯. વૈષ્ણવ બિપિનચંદ્ર (સં), : 'પંચાયત પરિચય' ,નવસર્જન પબ્લિકેશન, અમદાવાદ, 1995.

# એકમ-2 પંચાયતી રાજની વિભાવના-02

રૂપરેખા

2.0 ઉદ્દેશો

2.1 પ્રસ્તાવના

2.2 સ્વાતંત્ર્ય પૂર્વે પંચાયતી વ્યવસ્થા અને તેના વિકાસની પ્રક્રિયા

2.2.1 પ્રાચીન ભારતમાં પંચાયતી વ્યવસ્થા

2.2.2 મધ્યકાલીન સમયમાં પંચાયતી વ્યવસ્થા

2.2.3 બ્રિટિશ શાસન દરમિયાન પંચાયતી વ્યવસ્થા માટેના પ્રયાસો

2.3 ગાંધીજીનું ગ્રામ સ્વરાજ

2.4 બંધારણસભા અને ગ્રામ પંચાયતો

2.5 સ્વાતંત્ર્ય પશ્ચાત ભારતમાં પંચાયતી રાજની વિકાસની પ્રક્રિયા

2.5.1 સામુદાયિક વિકાસ યોજના

2.5.2 બળવંતરાય મહેતા સમિતિની રચના અને પંચાયતીરાજની સ્થાપના

2.6 સારાંશ

2.7 ચાવીરૂપ શબ્દો

2.8 સ્વાધ્યાય

2.9 સંદર્ભ સૂચી

## 2.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસથી તમે નીચેની વિગતોથી માહિતગાર બનશો.

- સ્વાતંત્ર્ય પૂર્વે પંચાયતી વ્યવસ્થા અને તેના વિકાસની પ્રક્રિયા જાણશો.
- ગાંધીજીના ગ્રામ સ્વરાજ અંગેના વિચારો સમજશો.
- સ્વાતંત્ર્ય બાદ ભારતમાં પંચાયતીરાજના વિકાસની પ્રક્રિયા સમજાવો.

## 2.1 પ્રસ્તાવના

આ એકમમાં ભારતમાં આઝાદી પહેલાં અને આઝાદી બાદ પંચાયતીરાજ વ્યવસ્થા વિશે સમજૂતી આપવામાં આવી છે. પંચાયતીરાજ વ્યવસ્થા નવો ખ્યાલ નથી. પ્રાચીન ભારતમાં આ પ્રકારની વ્યવસ્થા અસ્તિત્વમાં હતી. આ એકમમાં તમે ગાંધીજીનો ગ્રામ સ્વરાજ અંગેનો ખ્યાલ પણ જાણશો. આ ઉપરાંત આઝાદી બાદ પંચાયતીરાજના વિકાસ માટે બળવંતરાય મહેતા સમિતિની જાણકારી પણ મેળવશો.

## 2.2 સ્વાતંત્ર્યપૂર્વે પંચાયતી વ્યવસ્થા અને તેની વિકાસ પ્રક્રિયા

ભારત પ્રાચીન સમયથી ગામડાંઓમાં વસેલું અને વિકસેલું છે. ભારતમાં શહેરો ઓછાં

અને ગામડાંઓ વધું છે. ભારતીય સંસ્કૃતિ, સમાજજીવન, અર્થકારણ અને રાજકારણની બાબતમાં ગામડાંઓનો ફાળો નોંધપાત્ર રહ્યો છે. ગામડાંઓએ પોતાની આગવી વહીવટી વ્યવસ્થા વિકસાવી હતી. ભારતમાં ગામડું અને ગ્રામપંચાયત હંમેશાં પાયાના એકમ તરીકે કાર્યરત રહયાં છે તેનો ઈતિહાસ સાક્ષી છે. આમ, ભારતનો ઈતિહાસ એ મહદ્અંશે ગામડાંઓનો ઈતિહાસ છે.

ભારતીય સંસ્કૃતિ વિશ્વની પ્રાચીન સંસ્કૃતિમાંની એક છે અને વિશ્વમાં આગવું સ્થાન ધરાવે છે. તેમાં વૈદિક સમયથી અસ્તિત્વ ધરાવતી આપણી ગ્રામીણ સ્થાનીય સંસ્થાઓનું પ્રદાન સવિશેષ છે. વૈદિક સમયથી વર્તમાન સમય સુધીની સ્થાનીય સ્વરાજયની આ સંસ્થાઓ બહુજન સમાજના હિતમાં વહીવટનું કેન્દ્રબિંદુ બની રહી છે.

### 2.2.1 પ્રાચીન ભારતમાં પંચાયતી વ્યવસ્થા

આર્યોના આગમનપૂર્વે પણ ભારતમાં આ પ્રકારની સામાજિક અને રાજકીય સંસ્થા અંગેનો ખ્યાલ અસ્તિત્વમાં હતો. આર્યોએ ભારતમાં સ્થિર થઈને પોતાના 'જનપદ' વિકસાવ્યા તેનો ઉલ્લેખ ઋગ્વેદમાં છે. ઋગ્વેદના સમયમાં પંચાયતી વ્યવસ્થાનું ગણતાંત્રિક સ્વરૂપ અસ્તિત્વમાં હતું. જે રાજાવિહીન ગણતંત્ર ડક્ષ,'વૈરાજય' કહેવાતું હતું. વૈદિક સમયમાં ગામના વડાને ગ્રામણી કહેવામાં આવતો હતો. દરેક ગામને પોતાની સભા કે સમિતિ હતી. વૈદિક સમયમાં ગામની મુખ્ય 'સભા' અને સમગ્ર જનતાની સંપૂર્ણ સંસ્થાને 'સમિતિ' તરીકે ઓળખવામાં આવતી. ગામની સભા કે સમિતિ જાહેર પ્રશ્નોની ચર્ચા કરીને નિર્ણયો કરતી. આ ચર્ચા માટેના સ્થળ તરીકે ચોરાને પસંદ કરવામાં આવતો. જયાં ગામના લોકો એકઠાં થઈને પ્રશ્નોની ચર્ચા કરીને નિર્ણયો કરતા હતા. વાયુપુરાણમાં પણ પ્રાદેશિક જનસમુદાયોના રૂપમાં ભારતમાં 120 જનપદોનો ઉલ્લેખ છે. જે જનજાતિ, ગોત્ર, બોલી, સામાજિક રીત–રિવાજ, ભૌગોલિક સ્થાન અને રાજકીય સ્થિતિને આધારે નકકી થતા હતાં. તે સ્વાયત્ત અને આત્મનિર્ભર સમુદાયો હતા. તે નિર્ણયો માટે ચર્ચા વિચારણાની પધ્ધતિ અપનાવતા.

મનુસ્મૃતિમાં પણ પંચાયત અંગેનો ઉલ્લેખ કરેલ છે. મનુ મહારાજના મતે ગામમાં સ્થિર વ્યવસાય કરતાં હોય એવા ત્રણ અથવા દસ વ્યકિતઓની બનેલી મંડળી (પંચ) જે કોઈ કાયદો ઘડે તે કાયદાની સામે કોઈએ વાંધો ઉઠાવવો નહી. મનુસ્મૃતિમાં ત્રણ પ્રકારની વસાહતોનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. ગ્રામ, પુર અને નગર. શુક્રાચાર્યના નીતિસારમાં પણ ત્રણ પ્રકારની ગ્રામીણ વસાહતોનો ઉલ્લેખ છે. કુંભ, પાલી અને ગ્રામ. નીતિસારમાં જણાવ્યા પ્રમાણે ગ્રામ પંચાયત પાસે વહીવટ તેમજ સારાં પ્રમાણમાં ન્યાયની સત્તા હતી. પંચાયતના સભ્યો સાથે રાજાના અમલદારો પણ ઘણી આમન્યા રાખતાં અને અદબથી વર્તતા. પંચાયત ગામની જમીન વહેંચણી કરતી, ગામમાં પાકેલાં પાકમાંથી રાજભાગ ઉઘરાવી ગામ વતી તે સરકારને પહોંચાડતી.

મહાભારતના સભાપર્વમાં નારદમુનિ યુધિષ્ઠિરને વહીવટમાં પાંચ ચૂંટાયેલાં ગ્રામવડીલોના સ્થાન અંગે સૂચક પ્રશ્નો પૂછયાં છે અને જણાવ્યું છે કે તારા રાજયમાં બહાદુર અને ડાહ્યા પંચોને એકઠાં કરી બીજી આનુષંગિક પંચાયત પ્રવૃત્તિઓ કરીને પ્રજાના સામાન્ય સુખમાં વધારો કરવાનું જણાવ્યું છે. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં પણ ગ્રામ્ય–વ્યવસ્થા અંગેનો ઉલ્લેખ જોવા મળે છે. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે શહેર, કસબા અને ગામડાંઓમાં ઠીકઠીક પ્રમાણમાં સ્થાનિક સ્વરાજ હતું. ગામડાંના ચૂંટાયેલાં વડીલો સ્થાનિક વહીવટ સંભાળતાં. કોઈ રાજા કે સમ્રાટ ભાગ્યે જ તેમાં દરમિયાનગીરી કરતા. કૌટિલ્યના મતે સ્થાનિક સરકારો

સફાઈ, આરોગ્ય, રસ્તા, મકાન વગેરે બાબતો પર ધ્યાન આપતી અને આ પ્રકારના કાર્ય કરતી હતી. તો ગ્રીક મુસાફર મેંગેસ્થનિસે પણ પંચાયતોનું વર્ણન કરેલ છે. ચીની મુસાફર હ્યુ–એન–સંગ પણ તે વખતનું ગ્રામીણ ભારત કેવું સમૃધ્ધ હતું તે જણાવ્યું છે.

પ્રાચીન ભારતની પંચાયતી વ્યવસ્થા ઐતિહાસિક અને વ્યવહારિક દ્દષ્ટિએ વિશિષ્ટ પ્રકારની હતી. ગામડાંઓમાં પંચો, ગ્રામસભા, ગ્રામપંચાયત અને ગ્રામસંઘો જેવી સંસ્થાઓ મહત્વનું સ્થાન અને દરજ્જો ધરાવતી હતી. પંચાયતો કરવેરા ઉઘરાવવાનું, વિવાદ કે ઝઘડા બાબત ન્યાય તોળવાનું અને ગામ લોકોની સુખાકારી જળવાય તે જોવાનું કાર્ય કરતી હતી. ભારતમાં પ્રાચીન સમયથી ગામડાંના લોકોની ભાવના રહેલી છે કે પોતાના આંતરિક વહીવટ અને પોતાના ન્યાયની વ્યવસ્થા પોતે જ કરવી. સ્વરાજને જાળવી રાખવા માટે આ મહત્વનાં અંગો છે. આ બંને બાબતોને જાળવવાની કાળજી પંચાયતો રાખતી હતી. વૈદિક સમયથી ભારતીય રાજકીય વ્યવસ્થાનો મુખ્ય આધાર ગ્રામ ગણરાજયો હતાં. ગ્રામ ગણરાજય એક આત્મનિર્ભર સમુદાય હતો જે કામગીરીની બાબતમાં આત્મનિર્ભર હતો. જયારે સામ્રાજયો બન્યા ત્યારે પણ સ્થાનિક શાસનનું પાયાનું એકમ ગામ જ હતું અને ગ્રામ વહીવટીતંત્ર જ ગામમાં વસવાટ કરતાં લોકોના કલ્યાણની વ્યવસ્થા કરતું હતું. દ્રવિડ લોકોની જૂની ગ્રામવ્યવસ્થા અને આર્યોના નવા વિચારોના સમન્વયવાળી ગ્રામ્યવ્યવસ્થા હિન્દુસ્તાનમાં વિકાસ પામી હતી. તેની મુખ્ય બાબત એ હતી કે ગામો સ્વતંત્રતા ભોગવતા અને ચૂંટાયેલ પ્રતિનિધિઓની બનેલી પંચાયતો ગામનો વહીવટ સંભાળતી હતી.

### 2.2.2 મધ્યકાલીન સમયમાં પંચાયતી વ્યવસ્થા

મધ્યકાલીન સમયમાં પણ સ્થાનીય સ્વશાસનની સંસ્થાઓનું મહત્ત્વ રહયું હતું. આ ગ્રામીણ સંસ્થાઓ સ્વતંત્ર રીતે પોતાની કામગીરી કરતી હતી. રાજયના વહીવટીતંત્રનો કાર્યબોજ ઓછો કરવામાં પરોક્ષ રીતે ભાગીદાર થતી હતી. આ સંસ્થાઓ પોતાની જરૂરિયાતો પોતાના જ વિસ્તારમાંથી સંતોષતી. રાજયના સત્તાધીશો પણ પોતાની સગવડતા માટે પોતાના હિતમાં આ વ્યવસ્થાને સ્વીકારી હતી. પોતાના હિતમાં તેને પ્રોત્સાહન આપતા અને પડકારોનો સામનો કરવા માટે વિકસવાની અનુકૂળતા કરી આપતાં હતાં.

**જી.એન.શર્મા** મધ્યકાલીન સમયના રાજસ્થાનમાં ગ્રામ પંચાયતોને ‘પંચકુળ’ તરીકે ઓળખાવે છે. આ‘પંચકુળ’ ગામની જુદી-જુદી કોમો અને ધાર્મિક સમુદાયોના આગેવાનોની બનેલી હતી. જી.એસ.દીક્ષિતના મતે તે સમયે ગામના મુખીને ‘ગૌંડ’ કહેવામાં આવતો હતો. તેનું સ્થાન વંશપરંપરાગત હતું. તેની ફરજ ગામના નાના–મોટા ઝઘડાઓના નિકાલની હતી. જાહેર સેવાના કાર્યો કરવા માટે તલાટી ગામનો બીજો અધિકારી હતો. જે ગામના મુખીની સમકક્ષ ગણાતો. તે વખતે ગામના વહીવટ માટે બે સંસ્થાઓ કાર્ય કરતી. એક ગ્રામસભા અને બીજી ગ્રામસમિતિ હતી. તેમાંથી એક ‘આઈમિંગા’ (Aimanigas) તરીકે ઓળખાતી. તેનો અર્થ પાંચ આગેવાનો થતો. તેને આપણે ગ્રામપંચાયત કહી શકીએ. બીજી સંસ્થા ‘એન્તુહિતુ’ (Entuhittu) તરીકે ઓળખાતી જેનો અર્થ થાય છે આઠ ધંધાઓના પ્રતિનિધિઓની સમિતિ. આ સમિતિ ગામના મુખીને સલાહ આપવા રચાઈ હતી.

મોગલોના સમયમાં પણ વહીવટનું સૌથી નાનું એકમ ગ્રામ હતું. ગામની તમામ વ્યવસ્થા ગ્રામપંચાયતો કરતી. ગામના પ્રભાવશાળી અને બુધ્ધિશાળી વ્યકિતઓની એક પંચાયતની રચના થતી. પંચાયતનું મુખ્ય કાર્ય ગામની સફાઈ, સુરક્ષા, શિક્ષણ અને સિંચાઈની વ્યવસ્થા કરવાનું હતું. આ ઉપરાંત ન્યાય સંબંધી કાર્ય પણ કરતી. ડૉ. પી. **સરન** આ અંગે

જણાવે છે કે "ગામના મોટાભાગના ઝઘડાઓનો નિર્ણય પંચાયત કરતી હતી અને તેના ફેંસલાની વિરુધ્ધ અપીલની જરૂર ખૂબ જ ઓછી પડતી હતી." પંચાયતોના નિર્ણયોને મોગલ બાદશાહ યોગ્ય સન્માન આપતાં હતા. દરેક ગામમાં ત્રણ મહત્ત્વપૂર્ણ અધિકારી હતાં. મુકાદમ, પટવારી અને ચૌધરી. મુકાદમ ગામની દેખભાળ રાખતો, પટવારી કર વસુલ કરતો અને ચૌધરી પંચાયતની મદદથી ઝઘડાનો નિકાલ કરતો હતો. સુરક્ષા માટે દરેક ગામમાં ચોકીદાર પણ રહેતો હતો.

આમ અફઘાન અને મોગલ શાસકોએ ગ્રામ્ય સમાજની રૂઢિઓ અને પ્રણાલિકાઓમાં દરમિયાનગીરી નહિ કરવાની કાળજી રાખી હતી. તેમ છતાં સમય જતાં કેટલાંક શાસકોએ એકહથ્થુ સત્તા ભોગવવાનું શરૂ કરતાં ગ્રામ્ય સમાજની પરંપરાગત રૂઢિઓ અને રિવાજો પ્રત્યે ધીમે ધીમે સન્માનની લાગણી ઓછી થવા લાગી. આમ છતાં પણ અમુક અંશે પંચાયતોનો પ્રભાવ અને અધિકારો ચાલુ રહ્યાં હતા.

મધ્યકાલીન સમયમાં સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓ સારી રીતે પોતાના ક્ષેત્રમાં પ્રવૃત્ત રહી હતી. અને શકિતશાળી સંગઠન બની રહયું. સામાજિક, આર્થિક ભૂમિકાની સાથે તેની રાજકીય ભૂમિકા પણ રહી હતી. જમીનની વ્યવસ્થા કરવી, વિવાદોનો ઉકેલ લાવવો, સિંચાઈના સાધનોનું નિર્માણ કરવું વગેરે મુખ્ય કાર્યો હતા. આ ઉપરાંત વિવિધ સ્થાનિક કરો વસુલવા, બજાર અને વેપારની વ્યવસ્થા કરવી, ચરિયાણ, જંગલો તથા જળાશયોની વ્યવસ્થા માટે ગામની અલગ–અલગ સમિતિઓ હતી. તેથી ઉચ્ચકક્ષાએ રાજયમાં થતી ઉથલપાથલનો કોઈ પ્રભાવ ગ્રામ્ય જીવન કે તેની વ્યવસ્થા પર થતો ન હતો. તેમ છતાં સ્થાનિક સંસ્થાઓ પર શાસકોના પ્રભાવ વધવાને કારણે આ સ્થાનિક સ્વશાસન સંસ્થાઓની સ્વતંત્રતા પર આંશિક નિયંત્રણ આવ્યું હતું. ચૂંટણી પ્રથાનું પ્રમાણ ઘટયું હતું. વંશપરંપરાગત વ્યવસ્થા દૃઢ બની હતી. તેથી આ સંસ્થાઓની વિકાસયાત્રા ધીમી થઈ હતી કે સ્થગિત થઈ હતી. તેમ છતાં આ સંસ્થાઓની ઉપયોગિતાનો સ્વીકાર થતો રહયો હતો.

ઈ.સ.1830 માં ભારતની પંચાયતી વ્યવસ્થા અંગે બ્રિટિશ ગવર્નર જનરલ ચાર્લ્સ મેટ્કાફે ગ્રામ પંચાયતોને "નાના પ્રજાસત્તાક" એકમો કહ્યાં હતાં. અને લખ્યું છે કે "ગ્રામ પંચાયતો નાના–નાના પ્રજાતંત્ર છે. પોતાને જરૂરી લગભગ બધી જ બાબતો તેમનામાં મોજૂદ છે અને બહારના સંબંધોથી તેઓ લગભગ સ્વતંત્ર છે. જયાં કોઈ વસ્તુ ટકી નથી ત્યાં ગ્રામ પંચાયતો કાયમ ટકી રહેતી હોય તેમ જણાય છે. દરેક પંચાયત એક નાનકડા અલગ રાજય સમાન છે. ગ્રામ પંચાયતો લોકોના સુખ–શાંતિ તેમજ સ્વાયત્તતા અને સ્વતંત્રતાના ઉપભોગ માટે ઘણે અંશે ઉપકારક છે" આ બાબત સ્પષ્ટ કરે છે કે વહીવટીતંત્રમાં એક એકમ તરીકે ગ્રામીણ સ્થાનીય સ્વશાસનનું મહત્ત્વ કેટલું છે.

### 2.2.3 બ્રિટિશ શાસન દરમિયાન પંચાયતી વ્યવસ્થા માટેના પ્રયાસો

પ્રાચીન સમયમાં ભારતમાં પંચાયતી વ્યવસ્થાનો સારો વિકાસ થયો હતો. જયારે માધ્યકાલીન સમયમાં તેણે પોતાની સ્થિરતા જાળવી રાખી હતી. પરંતુ મોગલ સમયમાં તેના વિકાસની ગતિ મંદ પડી હતી. ત્યારે અંગ્રેજોએ આ પંચાયતી વ્યવસ્થાને પોતાના શાસનના વિસ્તારનું સાધન બનાવવા પ્રયાસ કર્યો હતો પરંતુ જયારે તેની સામે ધીમે ધીમે અવાજ ઉઠવા લાગ્યો ત્યારે પંચાયતી રાજ વ્યવસ્થાને આધુનિક સ્વરૂપ આપવાના પ્રયાસો થયાં હતાં.

#### 2.2.3.1 બ્રિટિશ શાસન દરમિયાન પંચાયતી વ્યવસ્થાની વિકાસ પ્રક્રિયા

અંગ્રેજોના આગમનપૂર્વે ગ્રામ્યકક્ષાએ વહીવટ અને વ્યવસ્થા ગ્રામીણ સંસ્થાઓ કરતી

હતી. પરંતુ બ્રિટિશ શાસકોએ જમીન મહેસૂલ માટે રૈયતવારી પદ્ધતિ અમલમાં મૂકી અને ન્યાયની અદાલતોની સ્થાપના કરતાં ગ્રામ પંચાયતોનું મહત્ત્વ અને મોભો ઘટવા લાગ્યા. બ્રિટિશ સરકારે 1890 અને 1897 માં સ્થાનિક સ્વરાજ  વિશે ઠરાવો કર્યા પરંતુ તે શહેરી વિસ્તારો માટે હતાં. 1802ના રેગ્યુલેશનથી પંચાયતોને ન્યાયનો વહીવટ સોંપવાનો પ્રયત્ન થયો, પરંતુ આ પ્રયત્ન નિષ્ફળ રહ્યો. 1882થી 1902સુધી આ પંચાયતી સંસ્થાઓ જિલ્લા કક્ષાના વહીવટી અંકુશ નીચે કાર્ય કરતી હતી. 1907માં ભારત સરકારે સ્વાયત્ત સંસ્થાઓ વિષે વિચાર કરવા માટે **રોયલ કમિશન**ની નિમણૂક કરી. 1909માં રોયલ કમિશને પોતાના અહેવાલમાં સ્થાનિક સરકારના ગુણ–દોષ તરફ ધ્યાન દોરી પોતાના તારણોમાં જણાવ્યું કે "બ્રિટિશ શાસન પધ્ધતિને કારણે આ સંસ્થાઓએ પોતાનું નૂર ગુમાવ્યું છે તેમજ તત્કાલિન સ્થાનીય વ્યવસ્થામાં ચૂંટણી પ્રથાનો યોગ્ય વિકાસ થઈ શકયો નથી. સરકારી અધિકારીઓની અધ્યક્ષના રૂપમાં નિયુકિત ખામીયુકત છે. બોર્ડ પર સરકારી નિયંત્રણ ખૂબ જ વધારે છે તેથી વર્તમાન પરિસ્થિતિમાં સ્થાનિક સ્વશાસન પ્રભાવક અંગ નહિ બની શકે. તેમ છતાં આ સંસ્થાને ચેતનવંતી બનાવવા રોયલ કમિશને એ વાત પર ભાર મૂકયો કે ગામને સ્થાનીય શાસનની આધારશીલા બનાવવામાં આવે. જો કે વહીવટને જનતાનો સહકાર મળી રહે તે માટે સ્થાનિક પગલાં ભરવા જરૂરી છે. તેથી આપણે ગામડાંમાંથી જ પ્રારંભ કરવો જોઈએ. ગામડાંમાં ગ્રામ પંચાયતની સ્થાપના કરી. તેમાં પાંચ સભ્યો અને એક મુખી હોવો જોઈએ તથા પંચાયતોને નાના દીવાની અને ફોજદારી કેસ સુપ્રત કરવાની ભલામણ કરી હતી. કમિશનનો આગ્રહ હતો કે સ્થાનિક સંસ્થાઓને વધુને વધુ સ્વતંત્રતાઆપવામાં આવે કે જેથી તેની શકિતનો યોગ્ય વિકાસ થઈ શકે. આ વિકેન્દ્રીકરણ અંગેની રોયલ કમિશનની ભલામણોના સંદર્ભે ભારત સરકારે સ્થાનિક સરકાર અંગે પોતાનું વલણ સ્પષ્ટ કરતાં 1915 માં ઠરાવ પસાર કર્યો. 1915 માં પંચાયતોને અમુક પ્રકારના ચોકકસ કર નાખવાની મંજૂરી આપવામાં આવી પરંતુ તેનાં પર પ્રાંતીય સરકારનું નિયંત્રણ રાખવું જોઈએ એ વાતને પણ ધ્યાનમાં રાખવામાં આવી.

1918 માં ભારત સરકારે "સ્થાનિક સરકારની ફરજોમાં પ્રજાકીય કલ્યાણની તમામ પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. અને તે માટે જિલ્લાકક્ષાની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ તેને પૂરી સગવડતાઓ આપી. સ્થાનિક નાગરિકની બાબતમાં સંપૂર્ણપણે કાર્યક્ષમ અને આત્મનિર્ભર બનાવવાની કેન્દ્ર સરકારની નીતિ છે." એવો ઠરાવ કર્યો. આમ સ્થાનિક સ્વરાજયની ભવિષ્યની જવાબદારી માટે પાયાની સંસ્થા તરીકે સ્વીકાર કરવામાં આવ્યો.

1919 માં **મોન્ટે–ગ્યુ–ચેમ્સફર્ડ** સુધારા દ્વારા સ્થાનિક સ્વરાજ એ સ્થાનિક સરકારોનો વિષય બન્યો. અને ભારત સરકાર દ્વારા આ અંગે એકટ પસાર કરવામાં આવ્યો. પરિણામે ઘણા પ્રાંતોએ પંચાયતોની રચના માટે કાયદા ઘડયા. મોન્ટે–ચેમ્સ સુધારાને કારણે સ્થાનિક સંસ્થાઓમાં પૂર્ણ રીતે ચૂંટણીનો સ્વીકાર થયો. મતાધિકારને વિસ્તૃત કરવામાં આવ્યો, અધ્યક્ષપદ માટે બિનસરકારી વ્યકિતને ચૂંટવા, સ્થાનીય સંસ્થાઓને વધુને વધુ સ્વાયત્તતા આપવી અને લઘુમતીઓના હિતોનાં રક્ષણની બાબતને પ્રાધાન્ય આપવાની બાબત સમાવિષ્ટ હતી. આ સુધારાને કારણે પ્રાંતોમાં મ્યુનિસિપલ તથા લોકલ બોર્ડ અધિનિયમ પસાર કરવામાં આવ્યો. ચૂંટાયેલાં સભ્યોની સંખ્યામાં વૃદ્ધિ કરવામાં આવી અને પંચાયતોની સ્થાપના કરવામાં આવી. આમ ભારત સરકારના 1919ના અધિનિયમથી સ્થાનિક સ્વરાજય પ્રાંતોનો વિષય બનતા જૂની ગ્રામ પંચાયત પધ્ધતિને પુનર્જીવિત કરવાના પ્રયત્નો શરૂ થયા અને જુદાંજુદાં પ્રાંતોમાં કાયદાઓ કરવામાં આવ્યા.

1920ના ધી બોમ્બે વિલેજ પંચાયત એકટ મુજબ કલેકટર અથવા જિલ્લા લોકલ બોર્ડના કમિશ્નરની મંજૂરીથી કોઈપણ ગામ ગ્રામ પંચાયતની રચના કરી શકે, ગામના તમામ પુખ્તવયના પુરુષોને મતાધિકાર આપવામાં આવ્યો. પંચાયતની ઓછામાં ઓછી સભ્ય સંખ્યા પાંચની રાખવામાં આવી હતી. પંચાયતના મંત્રીની નિમણૂક ફરજિયાત હતી. પંચાયત તેને સોંપેલાં કાર્યો કરતી. ન્યાયના ક્ષેત્રમાં તેની સત્તા મર્યાદિત હતી. 1920ના કાયદામાં ત્રણ બાબતો મુખ્ય હતી. તમામ પુખ્તવયના પુરુષોને મતાધિકાર, પંચાયતના સભ્યોની ચૂંટણી અને તેના પર કલેકટરને બદલે જિલ્લા લોકલ બોર્ડનો અંકુશ.1920ના મુંબઈ ગ્રામ પંચાયત ધારા મુજબ ગુજરાતના કેટલાંક દેશી રાજયોએ પણ પંચાયતધારા ઘડયાં હતાં. તેમાં 1926માં વડોદરા અને ભાવનગર રાજયએ પંચાયતધારો ઘડયો હતો અને તેનો અમલ કરવાનું પણ શરૂ કરી દીધું હતું. 1939માં બોમ્બે વિલેજ એકટમાં સુધારો કરવામાં આવ્યો. તેમાં 2000ની વસ્તીવાળા ગામોમાં ફરજિયાત પંચાયતની રચના કરવી. પંચાયતના સભ્યો ચૂંટણી દ્વારા ચૂંટાય એવી વ્યવસ્થા, ચૂંટણી શકય ન હોય ત્યાં પ્રતિનિધિની કલેકટર દ્વારા નિયુકિત, નાના કેસ માટે ન્યાય પંચાયતની વ્યવસ્થા ફરજિયાત અને પંચના સભ્યોની ચૂંટણી કરવી. ઘરવેરો ફરજિયાત નાખવો અને પંચાયતના મંત્રીની નિમણૂક સરકાર કરે એવું ઠરાવવામાં આવ્યું હતું. પરંતુ 1930માં વૈશ્વિક આર્થિક મંદીને કારણે કેન્દ્ર અને પ્રાંતીય સરકારોએ આ સંસ્થાઓને મળતી ગ્રાંટની રકમની ફાળવણીમાં ઘટાડો કરતા આ સંસ્થાઓ નાણાંકીય ખેંચ અનુભવવા લાગી તેમજ કાર્યક્ષમ વહીવટી અધિકારીઓનો અભાવ અને પ્રજાની નિષ્ક્રિયતાને કારણે આ સંસ્થાઓ મૃતઃપ્રાય બની ગઈ હતી. 1947માં સ્વાતંત્ર્ય પ્રાપ્તિસમયે આ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ માત્ર સરકારનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા બની રહી.

### 2.2.3.2 સ્વાતંત્ર્ય ચળવળ દરમિયાન પંચાયતીરાજની માંગણી

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ તથા સ્વાતંત્ર્ય ચળવળના નેતાઓ દ્વારા સમયાંતરે ગ્રામ્યકક્ષાએ પંચાયતોની સ્થાપના અને તેની જવાબદારીઓ અંગે ભારત સરકાર સમક્ષ માંગણીઓ કરવામાં આવતી રહી હતી. સૌપ્રથમ 1909ના અખિલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા લાહોર અધિવેશનમાં ઠરાવ પસાર કરવામાં આવ્યો કે "કોંગ્રેસ આતુરતાપૂર્વક આશા રાખે છે કે ગ્રામ પંચાયતથી માંડી ઉપરના સ્તર સુધીની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ ચૂંટાયેલી હોય અને તેને પૂરતી નાણાંકીય મદદથી ટેકો આપવા માટે સરકાર વહેલાંસર પગલાં લે." આમ ઠરાવ કરીને કોંગ્રેસે ગ્રામ પંચાયતની સ્થાપના અને નાણાંકીય મદદના સંદર્ભમાં સરકાર સમક્ષ પોતાનો અભિગમ સ્પષ્ટ કરી દીધો. તો 1910માં અલ્હાબાદ ખાતેના કોંગ્રેસના અધિવેશનમાં બ્રિટીશ સરકાર સમક્ષ ગ્રામપંચાયતોની સ્થાપના અંગેની માંગણી કરવામાં આવી અને પંચાયતોને પુનર્જીવિત કરવા માટેનો સંકલ્પ કરવામાં આવ્યો. 14મી ફેબ્રુઆરી, 1916ના રોજ ગાંધીજી એ પહેલીવાર ગામડાંઓમાં ગ્રામ પંચાયતોની પુનઃસ્થાપનાની માંગણી કરી અને જણાવ્યું કે "ગામડાંના સ્વચ્છતા તથા અન્ય પ્રશ્નો ઘણાં સમય પહેલાં ઉકેલી શકયા હોત. ગ્રામ પંચાયતો હવે વિશિષ્ટ રીતે જાગૃત બળ બની રહેશે અને ભારત લગભગ તેની જરૂરિયાતો મુજબનું સ્વશાસન ભોગવતું થઈ જશે."1920માં રવીન્દ્રનાથ ટાગોરે શાંતિનિકેતનમાં ગ્રામીણ સુધારાની દિશામાં ગ્રામીણ વિકાસ અને બાળશિક્ષા અંગેનો કાર્યક્રમ શરૂ કર્યો હતો. 1922માં ગયા ખાતે યોજાયેલ કોંગ્રેસના અધિવેશનમાં **ચિતરંજનદાસે** પોતાનો પાંચ મુદ્દાનો કાર્યક્રમ રજૂ કર્યો હતો. તેમાં પંચાયતોને ભારતીય શાસનના પુનર્નિમાણનો આધાર બનાવવામાં આવે તેમજ તેના પર જ ઉચ્ચસ્તરની સરકાર આધારિત બનવાની અને તેને વધારાની સત્તા આપવાની કલ્પના વ્યકત કરવામાં આવી હતી. **દેશબંધુ ચિતરંજનદાસે** સૂત્ર આપ્યું હતું."સ્વરાજ જનતાનું

હશે તથા જનતા જ સ્વરાજ લેશે.''28મી મે 1931ના ગાંધીજીએ 'યંગ ઈન્ડિયા' માં લખ્યું કે, ''પંચાયતો દ્વારા હિન્દુસ્તાનના અસંખ્ય ગ્રામસમાજોનો કારભાર ચાલતો હતો પરંતુ બ્રિટીશ સરકારે મહેસૂલ વસૂલ કરવાની તેની કઠોર પધ્ધતિથી આ ગ્રામ સમાજોનો લગભગ નાશ કરી નાખ્યો.''

આમ ભારતની સ્વાતંત્ર્ય ચળવળના નેતાઓ ભારતની પંચાયતીરાજનું મહત્ત્વ સમજતા હતાં. તેથી તેઓ પોતાના વિચારો દ્વારા ભાવિ પંચાયત વ્યવસ્થાની સંકલ્પના વ્યકત કરતાં રહયાં. નેતાઓની સંકલ્પનાને સાકાર બનાવવામાં અખિલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ એક મંચ તરીકે ભૂમિકા પુરી પાડી અને બ્રિટિશ સરકાર પર દબાણ વધાર્યું પરિણામે 1907ના રોયલ કમિશનથી ધીમે ધીમે વિકેન્દ્રીકરણની પ્રક્રિયાનો પ્રારંભ થયો અને 1919ના **મોન્ટેગ્યુ–ચેમ્સફોર્ડ** સુધારાથી પંચાયતોની રચના અને જવાબદારી અંગે નકકર કામગીરી શરૂ થઈ તેમ છતાં તેમાંરહેલી ક્ષતિઓમાં સુધારા કરવાની પ્રક્રિયા ચાલુ રહી તેમાંથી સ્વાતંત્ર્ય ચળવળના નેતાઓ અને કોંગ્રેસના પ્રયાસોથી પંચાયતીરાજ વ્યવસ્થા આકાર પામતી રહી.

**ગોપાલકૃષ્ણ ગોખલે** વહીવટના વિકેન્દ્રીકરણનું સમર્થન કરતા હતાં. તેઓ એ વિચાર સાથે સંમત ન હતા કે જિલ્લા કલેકટર જ સર્વેસર્વા હોય. ગોખલેએ ગ્રામ્ય સ્તરે ગ્રામપંચાયતની રચનાનું સૂચન કર્યું હતું તથા રાજયસ્તરે સ્થાનીય બોર્ડ અને જિલ્લા પરિષદની રચનાનું સૂચન પણ કર્યું હતું. લોકમાન્ય તિલકે જણાવ્યું કે ગ્રામ્ય સંસ્થા આપણી પ્રાચીન શાસન પ્રણાલીનો પ્રાથમિક આધાર છે. પરંતુ બ્રિટિશ શાસન દરમિયાન ગ્રામ્ય વ્યવસ્થાને તોડી પાડવામાં આવી હતી. તેથી ખેડૂત આશ્રિત અને અસહાય બન્યો હતો. તો 1917માં કલકત્તા અધિવેશનમાં **ડૉ. એની બેસન્ટે** પંચાયતોની પુનર્રચના કરવા પર ભાર આપતાં કહયું હતું કે, ''આર્થિક અને નૈતિક ભ્રષ્ટતા પર ત્યારે જ કાબૂ મેળવી શકશે કે જયારે એક સ્વસ્થ અને પ્રભાવી ગ્રામીણ જીવનની પુનર્રચના થાય અને તે ત્યારે જ શકય છે જયારે પંચાયતોની પુનર્રચના સરકારના એક એકમની જેમ હોય.''

આમ સ્વાતંત્ર્ય આંદોલન દરમિયાન પંચાયતીરાજ અંગે કોંગ્રેસ તથા તેના નેતાઓ દ્વારા સમયાંતરે વિચારોની અભિવ્યકિત અને માંગણી થતી રહી છે.

## 2.3 ગાંધીજીનું ગ્રામસ્વરાજ

દરેક વિચારકને પોતાની આગવી વિચારસરણી હોય છે અને વિચારસરણી દ્વારા પોતાના ઉદ્દેશોને સિધ્ધ કરવા જુદાંજુદાં રસ્તાઓ તથા તેનાં માટે ઉપયોગમાં લેવાનાં સાધનોની સમજૂતી આપે છે. ગાંધીજીએ પણ પોતાના રામરાજયના આદર્શ ઉદ્દેશને સિદ્ધ કરવા પાયાના ઉપાયો સૂચવેલાં છે. ગાંધીજીની વિચારસરણીના પાયામાં ગ્રામ સ્વરાજ રહેલું છે. તે માટે ગ્રામસ્વરાજને લગતી કેટલીક પાયાની બાબતો અંગે સ્પષ્ટતા કરી છે. જેવી કે ગ્રામનાગરિક, ગ્રામસમાજ અને ગ્રામ્ય નેતાગીરી કેવી હશે. ગ્રામપંચાયતનું કાર્ય અને આદર્શ શું હશે વગેરે. ગાંધીજી ભારતની પ્રાચીન સંસ્કૃતિના સમર્થક રહ્યાં છે તેથી આ પ્રાચીન સંસ્થા પંચાયત પ્રત્યે તેઓને વિશેષ લગાવ હતો. ગાંધીજી માટે રામરાજય એ સાધ્ય હતું અને ગ્રામપંચાયતો તે સિદ્ધ કરવા માટેનું શ્રેષ્ઠ સાધન છે. આપણી દરેક સમસ્યાઓના ઉકેલ માટે પંચાયતો આપણને ઉપયોગી થઈ શકે તે માટે પાયામાંથી પરિવર્તન જરૂરી છે તેમ તેઓ માનતા હતા. સામાજિક, આર્થિક અને રાજકીય પરિવર્તન માટે પંચાયતો શ્રેષ્ઠ પુરવાર થઈ શકે તેમ છે એવું તેઓનું માનવું હતું. આમ પાયામાંથી સાચી લોકશાહીના પ્રસારની પ્રક્રિયા આરંભી ગ્રામસ્વરાજને બળ પૂરું પાડતાં વિચારો રજૂ કર્યા હતા.

ગ્રામ્ય નાગરિક અંગે ગાંધીજીએ જણાવ્યું કે આખરે તો સમાજ અને રાજય વ્યકિતઓ દ્વારા જ બનેલ છે. તેથી સામાન્ય વ્યકિતનું આત્મબળ હંમેશા મહત્વની બાબત છે. વ્યકિતનું આત્મબળ મજબૂત હોવું જરૂરી છે. જો નાગરિક શુદ્ધ ભાવનાવાળો, નિઃસ્વાર્થી, સ્વદેશી માલનો જ ઉપયોગ કરતો હોય, મજૂર કે મહાજન વચ્ચે ભેદ રાખતો ન હોય, જાતિ, ધર્મ કે વર્ણના ભેદભાવથી પર હોય, અફીણ, દારૂ જેવા કેફી પદાર્થોનું વ્યસન ન હોય, પરસ્ત્રીનો સ્પર્શ પણ કરે નહી તેમજ નીડર અને બહાદુર હશે. જરૂર પડે પોતે બીજાને માટે ખપી જશે પરંતુ બીજાને મારશે નહી. આવા સદ્‌ગુણો ધરાવતાં વ્યકિતઓનો બનેલો એક આદર્શ ગ્રામ્ય સમાજ રચાશે.

મહત્તમ ગુણો ધરાવતી વ્યકિતઓનો બનેલો, આ ગ્રામ્યસમાજ પિરામીડ આકારનો નહી હોય કે જેમાં ટોચ પાયા પર પોતાનો બોજો લાદીને ટોચ પાયાને કચડે છે એટલે કે ગ્રામ્ય સમાજમાં શોષણને અવકાશ નહી હોય. વ્યકિત પોતાના વિકાસ માટે અન્યના વિકાસને અવરોધક બનશે નહી બલ્કે અન્યના વિકાસમાં પોતાનો સહકાર આપશે. સમુદ્રમાં વિસ્તરતા જતાં મોજાંઓની જેમ સતત વિકાસની પ્રક્રિયા પરસ્પરના સહકારથી ચાલુ રહેશે. આ સમાજ એકબીજાથી ઉપર જતાં વર્તુળોનો નહી પરંતુ એકબીજામાં સમાવી વિસ્તરતા જતાં વર્તુળોનો બનેલો હશે. આમ દરેક ગામના કેન્દ્રમાં ગામ માટે ખપી જવાની ભાવના હશે. દરેક ગામ જરૂર પડે બીજા ગામ માટે ખપી જવાની ભાવનાવાળું હશે. આવા અનેક ગામો મળી ગ્રામસમાજ રચાશે કે જે એક પ્રાણવાળું શરીર બનશે. તેમાં અહંકાર કે આક્રમણને સ્થાન નહિ હોય પરંતુ નમ્ર હશે. વિશાળ દ્રષ્ટિવાળો આ ગ્રામ્ય સમાજ જીવનની ભવ્યતા પોતાના અંતરમાં અનુભવશે.

આવા શ્રેષ્ઠ ગ્રામ્યસમાજ દ્વારા રચાયેલી પંચાયતની જવાબદારી પણ આપોઆપ વધી જાય છે. ગાંધીજીએ જણાવ્યું કે માનવીઓની દેખભાળ રાખવાની પંચાયતની પ્રાથમિક ફરજ તો છે જ પરંતુ તેની સાથેસાથે પશુઓની પણ દેખરેખ રાખવાની છે. આપણે ગાયને માતા તરીકે પૂજીએ છીએ, પરંતુ તેને પૂરતું ખાવાનું આપતાં નથી. તેથી આપણી ગાયો પૂરતું દૂધ આપતી નથી. તેથી ગાયનું દૂધ બમણું થાય તેવું કરવાનું છે તે માટે પંચાયતે ઢોરના ચારા માટે અનામત જમીન રાખવી જોઈએ. અનાજના ઉત્પાદનમાં મહત્તમ વધારો કરવા માટે પંચાયતે કુદરતી ખાતર તૈયાર કરવાનું કામ કરવું જોઈએ. પંચાયતે લોકોની તંદુરસ્તીનો પણ વિચાર કરવાનો હોવાથી છાણ, કચરો અને ગંદકી રહેવી ન જોઈએ. આ બધાં કાર્યોમાં ખર્ચ ઘટાડવા માટે ગામના પ્રાપ્ત સાધનોનો મહત્તમ ઉપયોગ કરવો આવશ્યક છે. વડીલોના મનોરંજન માટે અને બાળકોની રમતગમત માટે પંચાયતે વ્યવસ્થા કરવી જોઈએ. સિનેમા કેળવણીનું સાધન બને ત્યારે ખરું પરંતુ આજે તો લોકોને તે બુરી બાબતો શીખવે છે. તેથી તે આપણા ગામડામાં નહી હોય. ગામનો પૈસો કોર્ટ–કચેરીમાં ન વેડફાય તે માટે વિવાદનો અંત સમાધાન દ્વારા લાવવો જોઈએ. ટૂંકમાં, પંચાયત નમૂનેદાર ગામ બનાવે કે બીજા ગામોને તેમાંથી પ્રેરણા મળે.

અંગ્રેજોના આગમન પૂર્વેનો ભારતનો ઈતિહાસ ગામડાંઓની સમદ્ધિની સાક્ષી પૂરે છે. તો અંગ્રેજોના આગમન પછીની બહુસંખ્યક સમસ્યાઓ પણ ગામડાંઓની જ છે. તેથી ભારતની આ બહુસંખ્યક સમસ્યાઓના ઉકેલ માટે ગાંધીજી ગ્રામીણ નેતાગીરી ઊભી કરવા માંગતા હતા. આ ગ્રામીણ નેતાગીરીમાંથી રાષ્ટ્રીય નેતાગીરી પંચાયતોમાંથી જ ઊભી થાય તે માટે એક સો પંચાયતો પોતાનો નેતા ચૂંટે. આવી રીતે બસો પંચાયતોના જૂથો રચાય અને એમ કરતાં કરતાં સમગ્ર ભારતને આવરી લેવાય. નેતાઓના બે પ્રકાર હોય એક રાષ્ટ્રના પ્રશ્નો અને વહીવટમાં સક્રિય રહેશે અને બીજી કક્ષાના નેતાઓ લોકસેવકો હશે. જે લોકોપયોગી કાર્યો કરશે. તેઓએ સૂચવેલી આ ગ્રામીણ નેતાગીરી રાષ્ટ્રના પ્રશ્નો ઉકેલવામાં અને સામૂહિક વિકાસ સાધવામાં ઉપકારક સાબિત થશે.

ગ્રામસ્વરાજ એ ગાંધીજીને ભારતની ભૂખથી પીડાતી અને ગરીબીથી કચડાતી જનતા સાથે હૃદયની એકતા સાથે તેનાં સુખદુ:ખના ભાગીદાર થવાની સાધનાના પરિપાકરૂપે મળેલી જડીબુટ્ટી છે. એટલે ગામડાંની સેવા કરી સ્વરાજની સ્થાપના કરવી એ જ સાચું છે. બીજું બધું મિથ્યા છે એ સ્વરાજ માટેનો તેઓનો મૂળમંત્ર હતો. તેઓ ગ્રામસ્વરાજમાં સરકારના અંકુશનો સ્વીકાર કરતા નથી. અને જણાવે છે કે ગ્રામસ્વરાજ એટલે સરકારના અંકુશમાંથી મુકત થવાનો પ્રયાસ પછી ભલે તે સરકાર દેશની હોય કે પરદેશી. તેમાં અંતિમ સત્તા વ્યકિતની હશે. વ્યક્તિએ ગ્રામસ્વરાજનું ચિત્ર પ્રત્યક્ષ કરવું હશે તો તેણે પોતે પોતાનામાં સ્વરાજ પ્રાપ્ત કરવું પડશે. તેથી ગાંધીજીએ ગ્રામસ્વરાજ માનવકેન્દ્રી, શોષણમુકત વિકેન્દ્રીત સાદી અર્થવ્યવસ્થા છે તેમ કહ્યું છે.

ગાંધીજી ઈચ્છતા હતા કે "સ્વતંત્રતાની શરૂઆત પાયાથી થાય તે માટે હિન્દુસ્તાનનું એક એક ગામ રાજય અમલની પૂરેપૂરી સત્તા ધરાવનારું પ્રજાસત્તાક અથવા પંચાયત હોય પોતાનો સમગ્ર વ્યવહાર ચલાવવાની જરૂર પડે તો આખી દુનિયા સામે પોતાનું રક્ષણ કરવા સક્ષમ હોય બહારના કોઈપણ પ્રકારના આક્રમણ સામે પોતાનું રક્ષણ કરવાની કેળવણી મેળવી હોય અને તે રક્ષણના પ્રયાસમાં પોતે ખપી જવાની તેની તૈયારી હોય. આમ, સરવાળે તો રાજયના પાયાનું ઘટક વ્યકિત બને છે." આવી વ્યવસ્થા આત્મનિયંત્રિત હશે. સત્તા—નિયંત્રિત નહી હોય, તેથી પંચાયત ગામની ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર બનશે. ગ્રામ સ્વરાજ એ રાજકારણ, અર્થકારણ અને સમાજકારણના ક્ષેત્રમાં અહિંસાનું પ્રગટ સ્વરૂપ છે.આમ ગાંધીજીને મન રાજકીય સત્તાઓ સાધ્ય નહી પરંતુ સાધન માત્ર હતી. તેઓએ કહયું કે ;"સાચી લોકશાહી કેન્દ્રમાં બેઠાંબેઠાં રાજવહીવટ ચલાવનારા વીસ માણસો નથી ચલાવી શકતા તે તો ઠેઠ નીચેથી પ્રત્યેક લોકોએ ચલાવવાની રહેશે" ગાંધીજીની કલ્પનાનું ગ્રામસ્વરાજ સાચી અને શકિતશાળી લોકશાહીનું છે.

## 2.4 બંધારણસભા અને ગ્રામપંચાયતો

13મી ડિસેમ્બર, 1946ના રોજ બંધારણસભામાં બંધારણના હેતુઓ અને ઉદ્દેશો સમજાવતો ખરડો રજૂ કરવામાં આવ્યો. તેમાં વહીવટના પાયારૂપ એકમ તરીકેનો પ્રાચીન સમયથી અસ્તિત્વ ધરાવતી હોવા છતાં અને રાષ્ટ્રીય ચળવળ દરમિયાન પંચાયત માટેની પ્રતિબદ્ધતા વ્યકત કરેલી હોવા છતાં તેમજ ગાંધીદર્શનના સ્પષ્ટ પ્રચાર છતાં ભારતના બંધારણના પહેલાં મુત્સદ્દામાં ગ્રામપંચાયતોની રચના અને સ્થાન વિશે કોઈ ઉલ્લેખ ન હતો. તે બાબત લોકશાહી વિકેન્દ્રીકરણની પ્રતિબધ્ધતા માટે અયોગ્ય ગણાવી શકાય.આ બાબતે ગાંધીવાદી ચિંતકોએ અવાજ ઉઠાવ્યો કે આપણે ગાંધીવાદના આધાર પર બંધારણનું ઘડતર કરી રહ્યાં છીએ પરંતુ ગાંધીવાદના આધારભૂત તત્ત્વ પંચાયતને કયાંય સ્થાન આપવામાં આવ્યું નથી. ગાંધીવાદીઓએ આ પંચાયતના સ્થાન વિષે ગાંધીજીનું ધ્યાન દોરતા અને બંધારણનો ખરડો ગાંધીજી સમક્ષ રજૂ કરતાં ગાંધીજીએ કહયું કે;"આમાં તો પંચાયતોની વ્યવસ્થા છે જ નહી....... જો ભારતને નષ્ટ થવું ન હોય તો આપણે નીચેની કક્ષાએથી કામ શરૂ કરવું પડશે. અન્યથા ઉચ્ચ અને મધ્યમકક્ષાનું તંત્ર અસ્થિર થઈ જશે. સ્વરાજનો અર્થ કેટલાંક લોકોના હાથમાં સત્તા નહી બલકે બહુમતીના હાથમાં સત્તા છે. જેનાથી તે શાસનતંત્રને નિયંત્રિત કરી શકે. અર્થાત્ વિકેન્દ્રીકરણ જ ભારતનાવહીવટીતંત્રનું સમાધાન છે." આ પહેલાં પણ ગાંધીજીએ હરિજનમાં લખ્યું હતું કે;"પંચાયતોને જેટલી સત્તા આપશો તેટલું પ્રજાનું ભલું થશે" અને જણાવ્યું કે "સ્વતંત્રતા સ્થાનિક કક્ષાએથી થવી જોઈએ એ રીતે પ્રત્યેક ગામ એક ગણરાજય કે પંચાયતીરાજ હશે. પ્રત્યેક ગામ આત્મનિર્ભર હોવું જોઈએ, તેનાથી પોતાની જરૂરિયાતોને પોતે જ પૂર્ણ

કરવાની રહેશે. જેથી તે સંપૂર્ણ વ્યવસ્થા પોતે જાતે ચલાવી શકે'' આ પ્રકારના ગાંધીજીના વિચારોએ ગાંધીવાદીઓને બળ પૂરું પાડયું. આમ, બંધારણના ખરડામાં ગ્રામપંચાયતોને સ્થાન નહી મળવાને કારણે બંધારણસભામાં તેની તરફેણ અને વિરુદ્ધ એક પ્રકારનો ચર્ચાનો દોર શરૂ થયો. ગ્રામ પંચાયતોને બંધારણમાં સ્થાન નહી મળવાથી તેની ઉગ્ર ટીકા થવા લાગી. ગ્રામ પંચાયતોના બંધારણમાં સ્થાન અંગે સૌપ્રથમ બંધારણસભામાં **શ્રીમન્નનારાયણે** અવાજ ઉઠાવ્યો અને તે પછી ટીકાઓનો દોર શરૂ થયો. **અરુણચંદ્ર** ગુહાએ ટીકા કરતાં કહ્યું ''બંધારણ ના સમગ્ર ખરડામાં આપણે કોંગ્રેસનો દૃષ્ટિકોણ, ગાંધીજીના સામાજિક—આર્થિક દૃષ્ટિકોણનો કયાંય ઉલ્લેખ કર્યો નથી તથા આગળ ઉમેર્યું કે ગામડાંને બેઠા કરવાનો સંકલ્પ બંધારણમાં વ્યકત થતો નથી. ભારતનું ભાવિ બંધારણ પિરામીડ આકારનું હોવું જોઈએ અને તેના પાયામાં પંચાયતો હોવી જોઈએ.''**ગોકુલભાઈ દોલતરામભટ્ટે**કહ્યું ''પંચાયતી રાજ વિનાનું ભારતનું બંધારણ હોઈ જ ન શકે પંચાયતોના આધાર વિના ભારતનું વિશાળ ભવન પડી જશે.'' દામોદર સ્વરૂપ શેઠે કહયું કે ''જે બંધારણમાં ભારતના લાખો ગામડાંઓનો કોઈ ઉલ્લેખ નથી અને એમને વહીવટના એકમ તરીકે ગણવામાં આવ્યા નથી, તે બંધારણ લાંબું ટકશે કે કેમ તે બાબતમાં મને ભારે શંકા છે.''**પ્રો.શિબનલાલ સકસેના**એ કહ્યું કે ''ખુદ મહાત્મા ગાંધીજીએ બંધારણ ઉપરના પોતાના વિચારોમાં ગ્રામપંચાયતોને અગત્યનું સ્થાન આપ્યું છે ત્યારે આપણે અહીયા તેને હડધૂત કરીએ છીએ તેનું મને દુઃખ છે.''**ટી.પ્રકાશને**કહ્યું કે;''ડૉ. આંબેડકરે મેટ્કાફના લખાણોનું બરાબર અર્થઘટન કર્યું નથી. આપણાં ગામડાંઓ હજારો વર્ષોની આપત્તિઓ સામે ટકી શકયાં છે તે વાતનો સહૃદયતાપૂર્વક સ્વીકાર થવો જોઈએ અને તેમને વધુ સમૃધ્ધ બનાવવા પ્રયત્ન કરવો જોઈએ.''**કે. સંથનમે** કહ્યું કે;''આ દેશની ભાવિ સ્વતંત્રતા માટે આપણે જે મૂળભૂત તંત્રની રચના કરીએ છીએ તેના પાયામાં દરેક ગામની સ્થાનિક સ્વાયત્તતા હોવી જોઈએ.''**આર.કે.સિંધવે** કહયું કે;''આપણી લોકશાહી માટેનું આજ બંધારણ હોય તો મારે કહેવું જોઈએ કે ડૉ. આંબેડકરે ગામડાંઓની સ્થાનિક સ્વાયત્તતાઓનો અસ્વીકાર કરીને લોકશાહીને નકારાત્મક બનાવી છે.'' બંધારણસભાના આ સભ્યોની ટીકાઓનો જવાબ આપતા અને ગામડાંઓને વહીવટના પાયાના એકમ તરીકે ગણતા સમર્થકો પર પ્રહાર કરતા આંબેડકરે કહ્યું હતું કે, તેમને આશ્ચર્ય છે કે જેઓ પ્રાંતવાદ અને કોમવાદની નિંદા કરે છે તેઓએ ગામડાંના ઉદ્ધારક તરીકે બહાર આવવું જોઈએ. ડૉ. આંબેડકર ગ્રામપંચાયતની રચનાની તરફેણમાં ન હતા. તેથી તેઓએ કહયું હતું કે, ''ગ્રામ સ્થાનિક અજ્ઞાનનો અડ્ડો, સંકુચિત માનસ અને સાંપ્રદાયિકતા સિવાય બીજું શું છે.......... મને પ્રસન્નતા છે કે ભારતના બંધારણના ખરડામાં ગામનો બહિષ્કાર કરવામાં આવ્યો છે અને વ્યકિતને એકમ માનવામાં આવ્યું છે.'' આમ ડૉ. આંબેડકર વહીવટતંત્ર અને વિકાસ માટે ગામને પાયાનું એકમ માનવાને બદલે વ્યકિતને પાયાનું એકમ બનાવવા ઈચ્છતા હતાં. આ પ્રકારના ડૉ.આંબેડકરના વિચારોનો અનેક બંધારણસભાના સભ્યોએ વિરોધ કર્યો હતો. તેથી, ડૉ.આંબેડકર અને બંધારણસભામાં બંધારણમાં ગ્રામપંચાયતને સ્થાન આપવાના સમર્થકોના વિરોધને શાંત પાડવા માટે જયારે બંધારણસભામાં રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોની ચર્ચા થઈ રહી હતી ત્યારે **ડી.કે. સંથનમે** એક પ્રસ્તાવ રજૂ કર્યો કે રાજય ગ્રામપંચાયતોની રચના કરે અને તેને અધિકારો પણ આપે જેથી તે સ્વાયત્ત શાસન સારી રીતે કરી શકે. આ સુધારાનો ડૉ.આંબેડકરે સ્વીકાર કરતાં રાજયનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં પંચાયતોને સ્થાન આપવામાં આવ્યું. બંધારણની કલમ 40માં રાજયોને પંચાયતોની રચના કરવાનો નિર્દેશ કરવામાં આવ્યો. બંધારણની 7મી અનુસૂચિ (રાજયયાદી)ના પરિશિષ્ટ—5માં ગ્રામપંચાયતોને સમાવીને કાયદો ઘડવાનો અધિકાર રાજયને આપવામાં આવ્યો છે. આમ

ગ્રામ પંચાયતોને બંધારણમાં સ્થાન મળ્યું અને બંધારણની જોગવાઈ પ્રમાણે ભારતીય સંઘના રાજયોએ કાયદાઓ ઘડવાની પ્રક્રિયા આરંભી.

## 2.5 સ્વાતંત્ર્ય પશ્ચાત ભારતમાં પંચાયતીરાજની વિકાસની પ્રક્રિયા અને સ્થાપના

ભારતમાં પંચાયતી વ્યવસ્થાના મૂળ પ્રાચીન સમય સુધી વિસ્તરેલા હોવા છતાં સમય સંજોગોને કારણે પંચાયતીરાજ વ્યવસ્થા મૃતઃપાય અવસ્થામાં હતી. તેના વિકાસની પ્રક્રિયા અને આધુનિક સ્વરૂપ આપવાનું કાર્ય અંગ્રેજોના શાસન દરમિયાન વીસમી સદીના પૂર્વાધમાં શરૂ થયું હતું. તેમાં સ્વાતંત્ર્ય ચળવળ દરમિયાન અનેક વખત આ પંચાયતીરાજ વ્યવસ્થાને સુદૃઢ બનાવવાની માંગણી થતી રહી અને સ્વતંત્ર પ્રાપ્તિ પછી પંચાયતી વ્યવસ્થાને પુનર્જીવિત કરી રાષ્ટ્રનિર્માણના એક સાધન તરીકે તેને સ્વીકારવાની પ્રક્રિયાનો પ્રારંભ થયો જેમાં સામુદાયિક વિકાસ યોજનાથી શરૂ થયેલી આ પ્રક્રિયા અને બળવંતરાય મહેતા સમિતિએ પંચાયતીરાજ વ્યવસ્થાને આખરી આકાર આપતા સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી સમગ્ર ભારતમાં પંચાયતીરાજની સ્થાપના થઈ.

### 2.5.1 સામુદાયિક વિકાસ યોજના

સ્વતંત્રતાની "પ્રાપ્તિ સમયે કેન્દ્ર સરકાર સમક્ષ બે મહત્ત્વના પડકાર હતા અને તે રાષ્ટ્રનિર્માણનું અને રાષ્ટ્રના વિકાસનું. **શ્રી પંડિત જવાહરલાલ નહેરુ**એ પંચવર્ષીય યોજનાઓના માધ્યમથી આ પડકારને પહોંચી વળવાનું પસંદ કર્યું. પ્રથમ પંચવર્ષીય યોજનાના પ્રારંભે જ નહેરુને લાગ્યું કે પ્રજાની ભાગીદારી અને પ્રજાના સહકાર દ્વારા જ રાષ્ટ્રનિર્માણ અને રાષ્ટ્રના વિકાસના લક્ષને સિધ્ધ કરી શકાશે. તેથી 2જી ઓક્ટોબર 1952ના રોજ કેન્દ્ર સરકારે સામુદાયિક વિકાસ કાર્યક્રમની શરૂઆત કરી. આ સામુદાયિક કાર્યક્રમને ઝડપી અને સફળ બનાવવા માટે પંચાયતીરાજ અને સામુદાયિક વિકાસ મંત્રાલયની સ્થાપના કરી અને તેની જવાબદારી એસ.કે.ડે ને સોંપવામાં આવી. આ સામુદાયિક વિકાસ કાર્યક્રમનો હેતુ હતો કે આર્થિક આયોજન અને સામાજિક પરિવર્તન માટેની રાષ્ટ્રીય યોજનાઓ અને કાર્યક્રમોમાં ગ્રામીણ પ્રજામાં સક્રિય રુચિ ઉત્પન્ન થાય તથા ગ્રામીણક્ષેત્રે આર્થિક અને સામાજિક જીવનમાં પરિવર્તન લાવવામાં પ્રજાના પોતાના પ્રયાસો હોય તેવી પ્રજા પાસે અપેક્ષા હતી. આ માટે સમુદાયની પાયાની જરૂરિયાતોને લક્ષમાં લઈને જ તે પ્રમાણે કાર્યક્રમો કરવા અને તે માટેના તમામ પ્રયત્નોને કેન્દ્રિત કરવા. પંચાયત પ્રધાન **શ્રી એસ.કે.ડે.** એ વિચાર્યું કે જો પ્રજાની વચ્ચે કામ કરતી સંસ્થાઓ સમાંતર વ્યવસ્થા ઊભી કરે અને સરકારના સહકારમાં રહીને વિકાસ કાર્યોની જવાબદારી ઉપાડે તો વિકાસના કાર્યોને વેગ મળે અને જુસ્સો જળવાઈ રહે એટલું જ નહી સરકારી તંત્રનું ભારણ પણ ઓછું થાય. તેથી તેની સાથે જ ગ્રામીણ વિકાસ માટે નવાં વહીવટી એકમોની સ્થાપનાની જરૂરિયાત ઊભી થઈ અને સામુદાયિક વિકાસ બોર્ડની સ્થાપના કરવામાં આવી. અને બ્લોક સ્તર પર બ્લોક વિકાસ અધિકારી પર વિકાસ કાર્યની જવાબદારી સોંપવામાં આવી. જો કે આ વ્યવસ્થાની હોદ્દાની વહીવટી સત્તામાં વધારો થયો પરંતુ પ્રજા પાસેથી અપેક્ષિત સહકાર ન મળ્યો. આમ સરકાર દ્વારા અમલી સામુદાયિક વિકાસ કાર્યક્રમે ગ્રામીણ પ્રજાને આયોજનના વર્તુળમાં લાવી દીધી પરંતુ ગ્રામીણ કક્ષાએ સામુદાયિક વિકાસ કાર્યક્રમોના અમલમાં પ્રજાની ભાગીદારી વધારવામાં અને સરકારીતંત્ર વહીવટીતંત્ર થી પ્રજાના અંતરને ઓછું કરવામાં નિષ્ફળ રહયું. પ્રજાને એવું લાગ્યું કે આ સમગ્ર કાર્યક્રમ સરકારનો છે અને બધું જ સરકારે કરવાનું છે. તેથી આપણે તેમાં કશું કરવાનું રહેતું નથી આવી ભાવના વિકાસ પામી તેથી સામુદાયિક વિકાસ કાર્યક્રમને જોઈએ એટલી સફળતા મળી નહી. અને પ્રજાભિમુખ કાર્યક્રમને જોઈતી નેતાગીરી પૂરી પાડવામાં સરકારનું અમલદારશાહીતંત્ર નિષ્ફળ જવા લાગ્યું.

1952માં સામુદાયિક વિકાસ કાર્યક્રમના પ્રારંભ પછી શાસકોને લાગ્યું કે ''ગ્રામકક્ષાએ કોઈ ચોકકસ સંસ્થા કે સમુદાયનું પ્રતિનિધિત્વ કરે, જવાબદારીપૂર્વક કાર્ય કરે અને જરૂરી નેતૃત્વ પૂરું પાડે તે સિવાય વિકાસ કાર્યક્રમોનો અમલ વાસ્તવિક ગ્રામવિકાસ માટે થઈ શકશે નહી.'' આ બાબતને ધ્યાનમાં રાખી ભારતમાં પંચાયતી રાજનો અમલ થયો તે પહેલા ગ્રામવિકાસની યોજનાઓ સામુદાયિક વિકાસ'ના કાર્યક્રમ હેઠળ આવરી લેવામાં આવી હતી. આમ 'સામુદાયિક વિકાસ' એટલે ભૌગોલિક રીતે એકબીજાની નજીક રહેતા લોકોની સામાજિક અને આર્થિક જીવનપદ્ધતિમાં ગુણાત્મક તેમજ સંખ્યાત્મક પરિવર્તન'' આમ સામુદાયિક વિકાસ માટે જે અપેક્ષાઓ વ્યકત કરવામાં આવી હતી તેમાં અપેક્ષિત પરિણામો નહી મળવાથી તેને વધુ સારી રીતે સફળ બનાવવા અને લોકોની સક્રિય ભાગીદારી વધારવાના હેતુથી તેનું મૂલ્યાંકન કરવા શ્રી બળવંતરાય મહેતાના નેતૃત્વમાં એક સમિતિની રચના કરવામાં આવી.

### 2.5.2 બળવંતરાય મહેતા સમિતિ રચના અને પંચાયતીરાજની સ્થાપના

સ્વતંત્ર ભારતમાં પ્રથમ પંચવર્ષીય યોજનાના પ્રારંભે ગ્રામ્યવિસ્તારના વિકાસ અને સ્થાનિક લોકોની સહકારની અપેક્ષા રાખવામાં આવી હતી તેને ચરિતાર્થ કરવા માટે ઓકટોબર 1952માં સામુદાયિક વિકાસ યોજના શરૂ કરવામાં આવી. પરંતુ પ્રથમ પંચવર્ષીય યોજના પૂર્ણ થવા આવી ત્યારે ખ્યાલ આવ્યો કે સામુદાયિક વિકાસ યોજના લોકોની યોજના બનવાને બદલે તે માત્ર સરકારની યોજના બની રહી છે. તેથી તેનું મૂલ્યાંકન કરવા માટે 16મી જાન્યુઆરી 1957ના રોજ શ્રી બળવંતરાય મહેતાના અધ્યક્ષપણા હેઠળ એક સમિતિની ભારત સરકાર દ્વારા રચના કરવામાં આવી. આ સમિતિએ એક; વહીવટ કરકસરયુકત તથા કાર્યદક્ષતાથી ચાલે અને બે; વધુ ને વધુ લોકો તેમાં સહભાગી બને. તે બે મુદ્દાઓને નજરસમક્ષ રાખીને પ્રશ્નાવલિ તૈયાર કરી. ભારતના વિવિધ પ્રદેશોનો પ્રવાસ કર્યો અને ગ્રામ્ય વિસ્તારના આગેવાન ખેડૂતો, રાજકીય સામાજિક કાર્યકરો, નેતાઓ, ધારાસભ્યો વગેરેની મુલાકાત લઈને એક અહેવાલ તૈયાર કર્યો અને 24મી નવેમ્બર 1957ના રોજ અહેવાલ સરકાર સમક્ષ રજૂ કર્યો.

બળવંતરાય મહેતા સમિતિએ પોતાના અહેવાલમાં ત્રણ સિદ્ધાંતો તારવ્યા.

1. સામુદાયિક વિકાસ અને સત્તાનું વિકેન્દ્રીકરણ કરવું જોઈએ એટલે કે ગ્રામ્યવિસ્તારના કાર્યો તેની સ્થાનિક લોકશાહી સંસ્થા દ્વારા થવા જોઈએ.
2. આ સ્થાનિક લોકશાહી સંસ્થાઓ કાયદા દ્વારા સ્થપાય અને કાયદા દ્વારા તેને કાર્યો સોંપાય.
3. આ સંસ્થાઓ પોતાના કાર્યો સંતોષકારક રીતે કરી શકે તે માટે તેમને પૂરતી નાણાકીય વ્યવસ્થા અને કર્મચારીઓ પૂરા પાડવા જોઈએ.

આ ત્રણ મુખ્ય બાબતોને કેન્દ્રમાં રાખીને શ્રી બળવંતરાય મહેતા સમિતિએ પોતાના અહેવાલમાં સૂચનો કર્યા હતાં.

1. ગ્રામકક્ષાથી જિલ્લા કક્ષા સુધી એકબીજાને સાંકળતી ત્રણ સ્તરની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ રચવી જોઈએ.
2. પંચાયતરાજની સંસ્થાઓને સાચા અર્થમાં સત્તા અને જવાબદારી સોંપવા.
3. આ સંસ્થાઓને પોતાની જવાબદારીઓ પૂર્ણ કરવા માટે પૂરતા પ્રમાણમાં નાણાંકીય સાધનોની ફાળવણી કરવી.
4. આ સ્તરની તમામ કલ્યાણકારી અને વિકાસને લગતી યોજનાઓ અને કાર્યક્રમો આ સંસ્થાઓ મારફત થવાં જોઈએ.

5. જે કાર્યો નીચલા સ્તરે થઈ શકતા હશે તે ઉપલા સ્તરે કરવાની તક ન આપવી.
6. ત્રણેય સ્તરની પધ્ધતિ એવી હોવી જોઈએ કે ભવિષ્યમાં સત્તા અને જવાબદારીનું વિસ્તરણ વધુ સરળ બને.

શ્રી બળવંતરાય મહેતા સમિતિનો કેન્દ્રસરકાર દ્વારા સ્વીકાર થતાં સૌ પ્રથમ ૨ સપ્ટેમ્બર, 1959ના રોજ રાજસ્થાનની વિધાનસભાએ પંચાયત સમિતિ અને જિલ્લા પરિષદ અધિનિયમ પસાર કરતા તેનો અમલ ૨ ઓકટોબર 1959ના રોજ ભારતના તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ રાજસ્થાનના નાગોર જિલ્લામાં પંચાયતી રાજનું ઉદ્‌ઘાટન કરી ગ્રામીણ વિકાસનો પ્રારંભ કર્યો. પંચાયતીરાજનું ઉદ્‌ઘાટન કરતાં નહેરુએ જણાવ્યું કે ''નવાભારતના સંદર્ભમાં આ ક્રાંતિકારી અને ઐતિહાસિક પગલું છે' એસ.કે.ડે ને સ્વતંત્ર ભારતનાં પંચાયતીરાજના શિલ્પી ગણવામાં આવે છે. તેઓએ પંચાયતીરાજ અંગે જણાવ્યું કે પંચાયતીરાજ એ વ્યકિતને બ્રહ્માંડ સાથે જોડતી કડી છે. રાષ્ટ્રીય લોકશાહીના પરિપ્રેક્ષ્યમાં તેમણે ગ્રામસભાથી લોકસભા વચ્ચેના સઘન અને અંગભૂત સંબંધોની કલ્પના કરી હતી. શ્રી નહેરુએ ગ્રામીણ વિકાસ માટેની આ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ માટે પંચાયતીરાજ શબ્દ પ્રયોજયો હતો. તો તે પછી 11મી ઓકટોબર 1959ના રોજ આંધ્રપ્રદેશના નાંદેડ ખાતે શ્રી નહેરુએ પંચાયતીરાજનો પ્રારંભ કરાવ્યો. અને તે પછી સમગ્ર દેશમાં વિવિધ રાજયોએ પંચાયતીરાજ અધિનિયમો પસાર કર્યા. 1960માં આસામ અને કર્ણાટકમાં, 1962માં મહારાષ્ટમાં, 1963માં ગુજરાતમાં, 1964માં પ.બંગાળમાં અને તે પછી 1968માં હિમાચલમાં પંચાયતીરાજ અમલમાં આવ્યું અને ક્રમશઃ વિસ્તરતું રહયું છે. મોટાભાગના રાજયોએ ત્રિસ્તરીય માળખું અપનાવ્યું હતું.

## 2.6 સારાંશ

ભારતમાં પંચાયતી રાજનો ખ્યાલ પ્રાચીન સમયથી જોવા મળે છે. કાળક્રમે તેનું નામ, સ્વરૂપ અને કાર્ય પદ્ધતિમાં પરિવર્તન આવ્યું છે. આ એકમના સાર બિંદુઓ નીચે મુજબ છે.

- સ્વાતંત્ર્ય પૂર્વે પંચાયત રાજ વ્યવસ્થા અને તેના વિકાસની પ્રક્રિયાનો અભ્યાસ તમે કર્યો. જે અંતર્ગત પ્રાચીન ભારતમાં પંચાયતી વ્યવસ્થા, મધ્યકાલીન સમયમાં પંચાયત વ્યવસ્થા, બ્રિટિશ શાસન દરમિયાન પંચાયતી વ્યવસ્થા માટેના પ્રયાસોની જાણકારી તમે મેળવી છે.
- ગાંધીજીનો ગ્રામ સ્વરાજ અંગેનો ખ્યાલ પણ તમે સમજયા.
- સ્વાતત્ર્ય બાદ ભારતમાં પંચાયતી રાજની વિકાસની પ્રક્રિયા તમે જાણી છે. જેમાં સામુદાયિક વિકાસ યોજના, બળવતરાય મહેતા સમિતિની રચના અને સ્વાતંત્ર્ય પૂર્વે પંચાયત રાજ વ્યવસ્થા અને તેના વિકાસની પ્રક્રિયાનો અભ્યાસ તમે કર્યો. જે અંતર્ગત પ્રાચીન ભારતમાં પંચાયતી વ્યવસ્થા, મધ્યકાલીન સમયમાં પંચાયત વ્યવસ્થા, બ્રિટિશ શાસન દરમિયાન પંચાયતી વ્યવસ્થા માટેના પ્રયાસોની જાણકારી તમે મેળવી છે.
- ગાંધીજીનો ગ્રામ સ્વરાજ અંગેનો ખ્યાલ પણ તમે સમજયા.
- સ્વાતત્ર્ય બાદ ભારતમાં પંચાયતી રાજની વિકાસની પ્રક્રિયા તમે જાણી છે. જેમાં સામુદાયિક વિકાસ યોજના, બળવતરાય મહેતા સમિતિની રચના અને પંચાયતી રાજની સ્થાપના વિશે સમજૂતી મેળવી.

## 2.7 ચાવીરૂપ શબ્દો

- **બંધારણસભા :**સ્વતંત્ર ભારતમાં લોકશાહી રાજ્ય વ્યવસ્થાના સુચારું સંચાલન માટે બંધારણની રચના કરવા પ્રજાની પ્રતિનિધિઓની બનેલી બંધારણ ઘડનારી કેન્દ્રીય ધારાસભાને બંધારણ સભા તરીકે ઓળખાવી શકાય.
- **ચરિયાણ :** ગામમાં પશુઓને ચરવા માટે ગ્રામ પંચાયત દ્વારા અનામત રાખવામાં આવેલી જમીનને ચરિયાણ કહેવામાં આવે છે.
- **આત્મનિર્ભર :** સ્વાવલંબનનો પરિયાય શબ્દ છે જેનો અર્થ છે જરૂરિયાત મુજબની વસ્તુઓના ઉત્પાદનની ક્ષમતા કેળવવી.

## 2.8 સ્વાધ્યાય

**(અ) નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. પ્રાચીન સમયમાં પંચાયતી વ્યવસ્થા.

2. બ્રિટિશ શાસન દરમિયાન પંચાયતી વ્યવસ્થાની વિકાસ પ્રક્રિયા.

3. ગાંધીજીનું ગ્રામ સ્વરાજ.

4. સામુદાયિક વિકાસ યોજના.

5. બંધારણસભામાં પંચાયતીરાજ અંગેની ચર્ચા સ્પષ્ટ કરો.

6. બળવંતરાય મહેતા સમિતિની રચના અને પંચાયતીરાજનો ઉદ્ભવ જણાવો.

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

**(બ) નીચે આપેલ ખાલી જગ્યા પૂરો.**

1. રાજાવિહીન ગણતંત્રને _______________ કહેવામાં આવતું.
2. વૈરાજયનો ઉલ્લેખ _______________ માં છે.
3. ચીની મુસાફર _______________એ પંચાયતોનું વર્ણન કરેલું છે.
4. ગ્રામપંચાયતોને_______________ એ નાના પ્રજાસત્તાકો તરીકે ઓળખાવી છે.
5. 1909ના કોંગ્રેસના _______________ખાતેના અધિવેશનમાં સ્થાનિક સંસ્થાઓ માટેની માંગણી કરી.
6. બંધારણની કલમ _______________ માં માર્ગદર્શક સિદ્ધાંતોમાં પંચાયતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.
7. સામુદાયિક વિકાસ યોજનાનો પ્રારંભ ઈ.સ. _______________ માં કરવામાં આવ્યો.

૮. પંચાયતીરાજનો અમલ કરનાર સૌપ્રથમ રાજય _______________ હતું.

૯. પંચાયતીરાજનો અમલ _______________ના રોજ _______________ એ કર્યો.

## 2.9 સંદર્ભ સૂચિ

1. શાહ બી.સી., : 'ભારતમાં પંચાયતીરાજ' , યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, 1981.
2. આગજા બલદેવ : ' 73માં બંધારણીય સુધારા પશ્ચાત ભારતમાં પંચાયતીરાજ ' , યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
3. શુકલ ગજેન્દ્ર : ' પંચાયતીરાજ ' , ન્યુ પોપ્યુલર પ્રકાશન, સુરત, 2013-14.
4. शर्मा हरिश्चंद्र : 'भारत में स्थानिय प्रशासन' , कॉलेज बुक डिपो, जयपुर.
5. શેઠ પ્રવિણ (સં), : 'પંચાયતીરાજ અને વિકાસ' ,પં. નહેરુ જન્મશતાબ્દી સમિતિ, અમદાવાદ, 1989.
6. ઝાલાડી.ડી.,: 'બળવંતરાય મહેતા : રાજકીય નેતૃત્વ ', સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, 1990.
7. ઝાલાડી.ડી.(સં), : 'પંચાયતીરાજ લોકભાગીદારી તરફ' , ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર, 1996.

૮. મરચન્ટ આમ્રપાલી (અનુ.) : 'પંચાયતીરાજ (કાયદા થી ચળવળ સુધી)' , પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, 1996.

૯. વૈષ્ણવ બિપિનચંદ્ર (સં), : 'પંચાયત પરિચય' ,નવસર્જન પબ્લિકેશન, અમદાવાદ, 1995.

# એકમ-3 પંચાયતીરાજ અને સામુદાયિક વિકાસ યોજના

રૂપરેખા

**3.0** ઉદ્દેશો

**3.1** પ્રસ્તાવના

**3.2** ગ્રામસમુદાયનો અર્થ

**3.3** ગ્રામ સામુદાયિક વિકાસ યોજના

**3.4** સામુદાયિક વિકાસ યોજનાના મુખ્ય લક્ષણો

**3.5** સામુદાયિક વિકાસ યોજનાના પરસ્પર અવલંબન ઉપર ભાર

**3.6** સામુદાયિક વિકાસ યોજના અને પંચાયતીરાજ

**3.7** વિકાસ યોજનાના સિદ્ધાંતો

**3.8** સામુદાયિક વિકાસ યોજનાના નિષ્ફળતાના કારણો

**3.9** ગ્રામીણ વિકાસની યોજનાઓ

**3.10** સારાંશ

**3.11** ચાવીરૂપ શબ્દો

**3.12** સંદર્ભસૂચિ

**3.13** તમારી પ્રગતિ ચકાસો

## 3.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસથી વિદ્યાર્થી નીચેની બાબતોથી માહિતગાર થશે.

- ગામડા વિશેનો ખ્યાલ મેળવી શકશો.
- સમુદાય વિશેનો ખ્યાલ મેળવી શકશો.
- સામુદાયિક વિકાસ યોજના વિશે સમજ મેળવી શકશો.

## 3.1 પ્રસ્તાવના

2001ની વસ્તી ગણતરી પ્રમાણે ભારતમાં 70% લોકો ગામડાંમાં વસે છે. ઉદ્યોગ અને રોજગારી વધવાને કારણે શહેરમાં વસતી વધારો થયો પણ તેમ છતાં ગ્રામ સમુદાયમાં વસ્તીનું પ્રમાણ હજુ નોંધપાત્ર છે. 1947માં દેશ આઝાદ થયો, 1950માં બંધારણ અમલમાં આવ્યું અને 1951માં કેવી રીતે વિકાસ કરવો. દેશની અંદર વિકાસ કરવા માટે કેવા કાર્યક્રમો કરવા તે માટે આયોજન થયું અને ગ્રામ સામુદાયિક વિકાસ યોજનાની શરૂઆત થઈ જે માટે બે વસ્તુ સમજવી પડે.

### સમુદાય અને વિકાસ

સમુદાય એટલે કોઈ ભૌતિક સીમા ધરાવતો પ્રદેશ, સ્થળ કે વિસ્તાર જેમાં અમારાપણાની ભાવના કેન્દ્રસ્થાને છે. કોઈ નિશ્ચિત પ્રદેશનું સ્થળ સાથે જોડાયેલો વ્યક્તિઓનો

સમૂહ એટલે સમુદાય. વિકાસ એટલે કે પ્રમાણ વધવું તેમાં પ્રગતિ અને પરિવર્તન ઘટકો છે પણ જે પરિવર્તન ઉર્ધ્વગામી હોય તે વિકાસ તરીકે ઓળખાય.

## 3.2 ગ્રામ સમુદાયનો અર્થ

- **ગામડું**

વ્યવસાયની દૃષ્ટિએ ગામડામાં ખેતી પર આધારિત વ્યવસાય હોય છે. જે કુદરત ઉપર આધારિત છે. તેમાં ખેતી, પશુપાલન વગેરે વ્યવસાય આવે છે. જ્યારે શહેરમાં અનેક પ્રકારના વ્યવસાયો જોવા મળે છે. ગીચતાની દૃષ્ટિએ જોઈએ તો શહેરમાં ગીચ વસ્તી હોય છે. જ્યારે ગામડાંમાં છૂટા-છવાયા વસવાટો ખુલ્લી જગ્યાઓ વધારે જોવા મળે છે. ગામડામાં નિકટવર્તી પ્રાથમિક સંબંધો વધુ જોવા મળે છે. જ્યારે શહેરની અંદર વૈવિધ્ય વધુ જોવા મળે છે. આથી ત્યાં સંબંધોમાં લાગણીભાવ જોવા મળતો નથી. જ્યારે ગામડામાં લાંબાગાળાનાં સંબંધો જોવા મળે છે. આ ઉપરાંત પરંપરાગત જીવન વધારે જોવા મળતું હોય છે. આ બધી ગામડાની અને શહેરની લાક્ષણિકતા છે. જેમાં શહેર ગામડાથી અને ગામડું શહેરથી જુદું પડે છે. આ લાક્ષણિકતાઓને આધારે પરંતુ કોઈપણ સમાજની અંદર એ સંપૂર્ણપણે શહેર હોતું નથી. ગામડાંમાં સંબંધો આત્મિયતાવાળા હોય છે. જ્યારે શહેરી સમાજની અંદર વસ્તીનું પ્રમાણ વૈવિધ્યવાળું હોય છે.

- **સમુદાય**

સમુદાય શબ્દ લૅટિન ભાષાના comતથા munisશબ્દોથી બન્યો છે. જેમાં comનો અર્થ Togethorઅર્થાત્ એક સાથે તથા munisનો અર્થ Serving(સેવા કરવી). આમ સમુદાયનો અર્થ એક સાથે મળીને સેવા કરવી. આમ વ્યક્તિઓનો એવો સમૂહ જેમાં પરસ્પર હળી-મળીને રહેવાની ભાવના તથા પરસ્પર સહયોગ દ્વારા આપણા અધિકારોનો ઉપયોગ કરવો. પ્રત્યેક સમુદાયમાં મનોવૈજ્ઞાનિક લગાવ તથા અમારાપણાની ભાવના હોય.

- **મેકાઈવર**

સમુદાય સામાજિક જીવનના એ ક્ષેત્રને કહેવાય છે કે જે સામાજિક સંબંધના અથવા સામંજસ્ય માત્રમાં જાણવામાં આવે છે.

- **બોગાર્ડસ**

સમુદાય એક સામાજિક સમૂહ છે. જેમાં અમારાપણાની ભાવનાની માત્રા એક નિશ્ચિતક્ષેત્રમાં હોય છે.

- **એમ. મજુમદાર**

સમુદાય કોઈ નિશ્ચિત ભૂ-ક્ષેત્ર, ક્ષેત્રની કોઈપણ સીમામાં રહેવાવાળા વ્યક્તિઓનો સમૂહ જો સામાન્ય જીવન વ્યતીત કરતા હોય છે.

## 3.3 ગ્રામ સામુદાયિક વિકાસ યોજના

આયોજના C.D.P (Communication Development Programme)ના નામથી ઓળખાય છે. કોઈપણ વિકાસનો સંબંધ એ સંખ્યા સાથે પણ જોવા મળે છે. જેમ કે 1991માં શિક્ષણનું પ્રમાણ કેટલું હતું. એમાં કેટલા ટકા છોકરીઓનું પ્રમાણ હતું. 2001માં કેવો વધારો થયો છે આમ શિક્ષણમાં કેવો વિકાસ થયો છે. એ સંખ્યાની દૃષ્ટિએ પણ જોઈ શકાય છે. જેમાં વિસ્તાર ફેલાવો વ્યાપનો આધાર પણ જોઈ શકાય વિકાસનું પ્રમાણ વધે એની સાથે સાંકળી

શકાય. વિકાસનો ખ્યાલ પણ કેટલેક અંશે પ્રગતિ સાથે સંકળાયેલો છે. આમ વિકાસનો ખ્યાલ એ ભૌતિક સંપત્તિ સાથે સંકળાયેલો છે. આ સામુદાયિક વિકાસ યોજનાનો મૂળ ખ્યાલ છે.

બીજા વિશ્વયુદ્ધ પછી યૂનોની સ્થાપના થઈ. જેમાં વિકાસની પ્રક્રિયા વિશ્વમાં મોટાભાગના દેશોએ લોકશાહી પદ્ધતિ વિકસાવી અને સામુદાયિક વિકાસ યોજનાનો વિચાર રજૂ કર્યો. 1948માં CambridgeCentre NCCસામુદાયિક શિક્ષણના પર્યાય તરીકે વિકાસ શબ્દનો ઉપયોગ થતો હતો. વિકાસ એટલે કે પ્રમાણ વધવું, તેમાં પ્રગતિ અને પરિવર્તન ઘટકો છે. પરિવર્તન ઉર્ધ્વગામી હોય તે વિકાસ તરીકે ઓળખાય. સમુદાયનાં લોકો સહભાગી બને, જાતે અગ્રેસર થઈને સક્રિય બની અને ઉત્સાહ થઈ સારું જીવન જીવવા માટે સમગ્ર સમુદાય જોડાય. આ પ્રકારની પદ્ધતિએ સામુદાયિક વિકાસ છે. બીજા દેશોના અનુભવ ઉપરથી એવું ફલિત થાય છે કે માત્ર સારું બંધારણ હોય એ પુરતું નથી પણ લોકો જીવનમાંરસ લે. ભાગીદાર થાય એવો રાજકીય વિકાસ પણ જરૂરી છે. આમાં આ પદ્ધતિ પહેલા સામાજિક, આર્થિક પરિસ્થિતિને સુધારવી પડે. આ પ્રકારની યોજનાઓ એની એ જુદી-જુદી પ્રવૃત્તિઓ છે. એટલે કે યુનોની જે પહેલી બેઠક થઈ એમાં સરકારી વહીવટીતંત્રમાં જે ગ્રામ સામુદાયિક વિકાસનાં આ શબ્દ પહેલીવાર ઉપયોગ કર્યો. જેમાં લોકો પોતે અને સરકારના સતાના મંડળો એવીરીતે જોડાય છે. જેથી સમુદાયને આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિમાં સુધારો થાય અને તે દેશનાં વિકાસમાં લોકો પોતે સહભાગી બને. આ કાર્યક્રમમાં દેશના જુદાં જુદાં કાર્યક્રમોના એકભાગ રૂપે જ આ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી, જેવી કે આર્થિક યોજના, સામાજિક યોજના, આરોગ્યલક્ષી યોજના વગેરે જેવા  કાર્યક્રમોના એક ભાગરૂપ છે. આ ગ્રામ સામુદાયિકની પ્રક્રિયા છે.

- સતત ચાલતી પ્રક્રિયા છે.
- લોકોને આત્મનિર્ભર બનાવવાની પ્રવૃત્તિ છે.

એમાં સહભાગીપણું મહત્ત્વનું છે. આ ઉપરાંત નાના-નાના સમુદાયોને દેશના સંદર્ભમાં સક્રિય કરી તેની ભૂમિકા ભજવવાની શક્તિમાં વધારો કરવો એટલે એમાં સમૂહની ભાગીદારી સમૂહની પહેલ અને સમૂહનાં કલ્યાણ માટેની સામુહિક વિકાસની પ્રવૃત્તિ છે.આંતરરાષ્ટ્રીય કક્ષાએ "સામુદાયિક વિકાસએ એવી પ્રયુક્તિ છે કે જે ઘણી સરકારો અપનાવે છે, જે દ્વારા ગ્રામીણ લોકો સ્થાનિક રીતે અગ્રેસર થઈ વધુ અસરકારક બને. વધુ ઉત્પાદન અને સારા જીવન તરફ વળે એવા પ્રકારની સામાજિક ક્રિયા છે. જેમાં લોકો જાતે સંગઠિત બની પોતાની જરૂરીયાતો અને સાધનો ઓળખી વ્યક્તિગત યોજનાઓ બનાવે અને મહદ્ અંશે પોતાના સાધનો ઉપર આધાર રાખીજેમાં સરકાર કે અન્યની મદદ મેળવી પોતાની સમસ્યાઓનું નિવારણ કરે."

## 3.4 સામુદાયિક વિકાસ યોજનાના મુખ્ય લક્ષણો

સામુદાયિક વિકાસનો કાર્યક્રમ 1952માં ગ્રામીણ વિકાસનો હતો. જે પાછળથી 1958 સુધીમાં શહેર સાથે પણ જોડવામાં આવ્યો. એમાં મુખ્ય ત્રણ બાબતો છે.

1. આ પ્રક્રિયાને શરૂ કરતાં પહેલાં લોકશાહી પ્રકારનું સહભાગીપણું.
2. બની શકે તેટલી આત્મનિર્ભરતા જાતે ઊભી કરવી.
3. એકરૂપ બનવા માટે સરકારી કે બિનસરકારી મદદનો સ્વીકાર.

- આ યોજનામાં ગ્રામીણ લોકો જાતે પોતાના સામાજિક પરિવર્તન માટે એકત્રિત થાય. એમનામાં પોતાના વિશેની સભાનતા કેળવાય તો તે જવાબદારી ઉપાડતા થાય.

- આ યોજનામાં સમાજના દરેક કુટુંબો ભાગ લે અને સ્વેચ્છાએ કામ કરે એ આ વિકાસનો પાયો છે. આમાં લોકોએ પોતાની જાતે જ પોતાનો વિકાસ કરવાનો છે.

1. આમાં લોકોનો સહકાર હોય તમામ લોકોને ન્યાય મળે એવો આ યોજનાનો આશય છે.
2. આ એક એવી પદ્ધતિ છે જે દ્વારા સામાજિક નીતિના ઈચ્છનીય ધ્યેયો સિદ્ધ કરી શકાય. આ એક પ્રકારનું આંદોલન છે.
3. જેમાં ગ્રામીણ સમાજમાં પરિવર્તન લાવવાની વાત છે. આમાં સમાજના સામાજિક અને આર્થિક પાસાંના સુધારણા કરવાનું ધ્યેય છે.
4. લોકોના વિકાસ માટે લોકોનું સહભાગીપણું મહત્ત્વનું છે.
5. સમુદાયના લોકો પોતે જ અગ્રેસર થાય, પોતે જાતે જ નેતૃત્વ લે. પોતે સ્વેચ્છાએ ભેગા થાય અને પોતાની વિવિધ સમસ્યાઓ હલ કરવાનું વિચારે પોતાના વિકાસની બાબતમાં વિચારે જેમાં પરસ્પરની મદદ મહત્ત્વની બાબત છે.
6. જેમાં આયોજનમાં લોકો પોતાનાં પ્રયત્નોની કાર્યક્રમને અસરકારક બનાવવા પ્રયત્નો કરે છે.
7. સામુયિક વિકાસ યોજનાના મહત્ત્વનાં મૂલ્યો જોઈએ તો વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં શ્રદ્ધા રાખવી, વિશ્વાસ કરવો, સામાન્ય નાગરિક શક્તિમાં વિશ્વાસ ધરાવવો. દરેક નાગરિક પોતાની ફરજ બરાબર બજાવે એવો વિશ્વાસ છે. વિશાળ સમુદાયના વિકાસ માટે આવા નાના-નાના ગામડાઓમાં વિકાસ કરવાની યોજના છે. આમાં મુક્ત પસંદગીના આધારે એટલે એમના ગામમાં કઈ બાબતની વધારે જરૂર છે જેવી કે શિક્ષણ, પાણી, રસ્તાઓ, વાહન વ્યવહારના સાધનો કે ગટરોની એ માટે ગામનાં લોકો ભેગા મળીને સહભાગી બનીને કાર્ય કરે છે.

વિશ્વનાં જુદા જુદાં દેશોની અંદર આ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. એમાં દરેક દેશોનો પોતાનો આગવો આશય હતો કે શેના માટે વિકાસ કરવો. જેમાં પ્રજાને વિશાળ પાયા પર સાક્ષર બનાવવા પર ભાર મૂક્યો. જ્યારે ભારતમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ વધારે મજબૂત બને એ માટે આ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો. એટલે વિકસતા દેશોમાં હતા સરકારે શરૂ કરેલા કાર્યક્રમો છે જેમાં નીતિવિષયક, નાણાંવિષયક અમલીકરણ માટે સરકાર દ્વારા સ્થાનિક સંસ્થાઓનો સહકાર લેવામાં આવે છે જ્યારે વિકસિત દેશોમાં ખાનગી ધોરણો એકલ દોકલ વ્યક્તિ દ્વારા જાગૃત લોકો જ આ કાર્યક્રમ ચલાવે છે. જેમાં પ્રજાની તમામ વ્યવસ્થા એમની જરૂરિયાતોને પૂરો પાડવાનું કામ ખાનગી ધોરણે ચાલે છે.

સામાન્ય રીતે સામુદાયિક વિકાસ યોજનાની પ્રક્રિયામાં કોઈ પણ વ્યક્તિ પોતાની જાતે પોતાના વિકાસનો પ્રયત્ન કરે છે સામાન્ય રીતે કઈ-કઈ બાબતોમાં પરિવર્તન લાવી શકાય એમાં

- ભૌગોલિક બાબતમાં
- જમીન ઉપયોગની બાબતમાં પરિવર્તન લાવી શકાય
- ખેતી ઉપરનું ભારણ ઓછું કરવું જેમાં ખેતી સિવાયના વ્યવસાયોની તકો ઉભી કરવી. જમીનની ઉત્પાદકતા વધારવીએ માટેના પ્રયત્નો કરવા.
- વસ્તીની ગુણવત્તામાં વધારો થાય, સારામાં સારું આરોગ્ય ધરાવતા બાળકો જન્મે પોષક

આહાર દ્વારા પોષણ મેળવે વગેરે બાબતોમાં પરિવર્તન લાવી શકાય છે.

આ યોજનામાં સમાજનાં લોકોનું પ્રમાણ જળવાય અને લોકોનું આરોગ્ય સારુ રહે એ માટેના પ્રયત્નો થાય છે. જેમાં બાળકોનો યોગ્ય ઉછેર થાય, એમને સારું શિક્ષણ મળે. એમને સારી માહિતી પ્રાપ્ત થાય, સારું જીવન ઘડતર થાય, એમના સામાજિક અને સાંસ્કૃતિક જીવનમાં ફેરફાર લાવવાની બાબત આ કાર્યક્રમમાં જોવા મળે છે.

## 3.5 સામુદાયિક વિકાસ યોજનાના પરસ્પર અવલંબન ઉપર ભાર

જેમાં 'જીવો અને જીવવા દો' એવા સૂત્રોનો પ્રચાર કરવામાં આવે છે. ઉત્પાદનની પ્રક્રિયાની સાથે માનવ સંબંધો પણ બદલાય.જેમાં સમાજનું સામાજિક રચનાતંત્ર બદલાય, સામાજિક પસંદગીનું ક્ષેત્ર વધે, લાગણીમુક્ત પસંદગી કરતાં વૃદ્ધિ ઉપર ભાર મુકાય અને સમાજમાં પ્રવર્તતા ધોરણોનું સાર્વત્રિક થાય, સારા નાગરિક બનવાનો પ્રયત્ન કરે. લોકોની કાર્યક્ષમતા વધે એના ઉપર ભાર મુકવામાં આવે છે.

**ભારત દેશમાં આ કાર્યક્રમ બે વિભાગમાંવહેંચાયેલો છે.**

1. સામુદાયિક વિકાસ યોજનાનો કાર્યક્રમ શરૂ થયાં પહેલાંનો તબક્કો
2. સામુદાયિક વિકાસ યોજનાનો કાર્યક્રમ શરૂ થયા પછીનો તબક્કો

**1. સામુદાયિક વિકાસ યોજના શરૂ થયા પહેલાનો તબક્કો :**

આ તબક્કામાં એનો ઈતિહાસ જોઈએ તો એના પણ બે તબક્કા છે.

(અ) શરૂઆતનો તબક્કો જે 1921 થી 1930 સુધી ચાલ્યો

(બ) 1945થી 1952 સુધી તબક્કો

શરૂઆતના તબક્કામાં 1921થી1930માં જુદા જુદા કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા, જે કાર્યક્રમોમાં નીચે પ્રમાણે વિસ્તારથી રજૂ કરવામાં આવ્યા છે.

**(1) શ્રી નિકેતન**

આ પહેલો કાર્યક્રમ શ્રી નિકેતનનો હતો. આ કાર્યક્રમ રવિન્દ્રનાથ ટાગોર અને ઐલ્મ હસ્ટોએ શરૂ કર્યો. જેમાં ગામડા પુનઃજીવિત બને, ગામડાનો વિકાસ થાય,એમાં ગામનાં લોકોને આત્મનિર્ભય બનાવવા ગામના લોકોની શારીરિક અને બૌદ્ધિક સ્થિતિમાં સુધારો થાય. આ શ્રી નિકેતન કાર્યક્રમમાં માનવના સમગ્ર જીવનને વિકસાવવાનો અભિગમ હતો. આ કાર્યક્રમનો હેતુ ગામડાનાં લોકોને આત્મનિર્ભર બનાવવા ભારતીય સંસ્કૃતિથી વાકેફ કરવા માટે આ સંસ્થા શરૂ કરી. આ આખો કાર્યક્રમ સમગ્ર જીવન વિકાસ સંબંધિત હતો. જેમાં વ્યક્તિના વ્યક્તિત્વના તમામ પાસાઓ ખોલે એના ઉપર ભાર મુકવામાં આવતો હતો. આ સંસ્થાની મર્યાદા એ હતી કે બંગાળની આસપાસના ગામડાંઓ પૂરતી જ શરૂ કરી હતી. એટલે કે એ ગામડાઓને જ કાર્યક્રમની અસર થઈ એ સિવાય બીજાં ગામડાંઓ પર તેની કોઈ અસર થઈ નહીં.

**(2) માર્તન્ડમ્**

દક્ષિણ ભારતમાં કેરાલાની અંદર 1921માં ડૉ. સ્પેન્સર હેલ્સએ આ માર્તન્ડમ્ પ્રયોગ ચાલુ કર્યો. આ કાર્યક્રમ એ ગામનાં લોકોની માનસિક, શારીરિક, સામાજિક અને આર્થિક રીતે વિકાસ કરવા માટે શરૂ કર્યો. કેરાલાની આસપાસના વિસ્તારોમાં 100 કેન્દ્રો સાથે આ કાર્યક્રમ જોડાયેલો હતો અને એમાં ખેતર પશુઓ વગેરે સારો સુંદર વનાવવા પર ભાર મુકવામાં આવ્યો હતો. ત્યાંના સ્થાનિક લોકોને તાલીમ આપવામાં આવી. એમાં વણાટકામ અંગેની મધમાખીના

કેન્દ્રો અંગેની મરઘાં ઉછેર કેન્દ્રો શરૂ કરવાની તાલીમ આપી શરૂ કર્યો. આ કાર્યક્રમના કેન્દ્રો વડોદરા, કોચીન, મદ્રાસ અને હૈદરાબાદમાં ઊભા કરવામાં આવ્યા.

**(3) ગુરેગાંવ**

પંજાબમાં ગુરેગાંવમાં આ પ્રયોગ થયો. ગુરેગાંવ પ્રયોગ એ તે સમયના બ્રિટિશ કલેક્ટર બ્રાયને શરૂ કર્યો. એમણે 1927 ની અંદર એક પુસ્તક 'Better Villages'લખ્યું. પુસ્તકને આધારે ગ્રામ સુધારણા કાર્યક્રમ શરૂ કર્યો. જેમાં એમણે ગ્રામીણ સંગઠન પંચાયતો કેવી રીતે કામ કરે સ્ત્રી શિક્ષણ કેવી રીતે વધારે શકાય, યુવાન વર્ગને નેતૃત્વ કેવી રીતે સોંપાય, લોકોમાં સમાનતા અને બલિદાનની ભાવના કેવી રીતે ઊભી કરી શકાય એ માટેનાં પ્રયત્નો કર્યા.એ પછી વડોદરામાં ગ્રામીણ પુનઃરચના પ્રયોગ ૧૯૩૨માં ગાયકવાડે શરૂ કર્યો. જેમાં આ કાર્યક્રમ અંતર્ગત ગ્રામજનોની જીવનશૈલી વધારે સારી બને એ લોકો આત્મનિર્ભર બને એ માટે આ કાર્યક્રમ શરૂ કર્યો.

1930 થી 1942-43 સુધીમાં વડોદરા જિલ્લાનાં આસપાસનાં 487 ગામોમાં આ કાર્યક્રમ શરૂ કર્યો. જેમાં સંચાર વ્યવસ્થા સારી બનાવવા માટે ગામડામાં પીવાનું પાણી પહોંચાડવા માટે, મેલેરિયા વિરૂદ્ધ ઝુંબેશ ચાલુ કરી જેમાં ગંદકી દૂર કરી ગોચર જમીનનો ઉપયોગ કઈ રીતે કરી શકાય એ માટે પછી ઢોર સુધારણા, બિયારણ સુધારણા, ગ્રામોદ્યોગની કેળવણી, સહકારી મંડળીઓ, ગ્રામસભાઓ, ગ્રામશાળાઓ શરૂ કરવામાં આવી.

**(4) ગાંધીવાદી**

આ કાર્યક્રમો પછી ગાંધીવાદી પરંપરાને કારણે પ્રયોગો શરૂ થયાં જેમાં ગામમાં રચનાત્મક પ્રયોગો શરૂ કર્યા. જેમાં મુખ્ય બાબતો લોકો ખાદી પહેરતા થાય. જેમાં લોકોને સ્વરોજગારી મળે એવો આશય હતો. ગ્રામોદ્યોગનો પ્રયોગ ગામડાંમાં પાયાનું શિક્ષણ અસ્પૃશ્યતા નાબૂદી, સ્ત્રી ઉત્થાન, ગ્રામ સફાઈ, કોમી સંવાદ નશાબંધી અને આરોગ્ય શિક્ષણ લોકોને આપ્યું.

આ બધા પ્રયોગો સમગ્ર ભારતમાં વેરવિખેર અને એકલ-દોકલ સ્વરૂપના હતા. જેમણે આ પ્રયોગો શરૂ કર્યો. એમાં એકબીજાના અનુભવોનો લાભ લીધો નહીં જેથી આવા કાર્યક્રમો લાંબા સમય સુધી ચાલ્યા નહીં. આ પ્રયોગોમાં સરકારી વલણ સહાનુભૂતિ પૂર્વક નહોતું ટેક્નિકલ સાધનોનો અભાવ હતો.

**(2) સામુદાયિક વિકાસ યોજનાનો કાર્યક્રમ શરૂ થયા પછીનો તબક્કો**

**(1) ફિરકા યોજના**

આ બીજા તબક્કામાં મદ્રાસમાં ફિરકા યોજના શરૂ કરવામાં આવી જેમાં 1946ની અંદર 34 ફિરકા (અમુક વિસ્તાર) નક્કી કરવામાં આવ્યા. આ યોજનાનો આશય ગ્રામીણ લોકોને સુખી કરવા, સમૃદ્ધ કરવા સમાજનું સુગ્રથન કરવા માટેનો આ પ્રયોગ હતો. ફિરકા એટલે 50 ગામોનું એક એકમ આવા 39 ફિરકા (1700 ગ્રામ) નક્કી કરવામાં આવ્યા. જેની મુખ્ય બાબતોમાં ગામડામાં પીવાનું પાણી પૂરું પાડવું, સંડાસની સુવિધાઓ આ બધી સુવિધાઓ વાપરવાની ઝુંબેશ શરૂ કરી. ખાદી ઉદ્યોગના વિકાસ પર ભાર મૂક્યો. 1953 અને 54 માં બે કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા. જે ગ્રામ સુધારણા માટેનાં જ હતા. જેમાં

1. C. D. P (Communication Development Programme)
2. N. E. S (National Extension Services)

આકાર્યક્રમો ખેતીની સુધારણાના કાર્યક્રમ તરીકે ચાલે છે. ખેતીનું ટેક્નીકલ જ્ઞાન

આપવામાં આવે છે. ખેત ઉત્પાદન કેવી રીતે વધે તેના પ્રયત્નો થાય છે. આ દરેક પ્રયોગાત્મક કાર્યક્રમો ગામડામાં ખેડૂતોને ખેત ઉત્પાદન આધુનિક બનાવવાનો હેતુ છે. જે આ N. E. S ના કાર્યક્રમમાં જોવા મળે છે. ફિરકા યોજનાને આ બંને કાર્યક્રમો સાથે જોડી દેવામાં આવી.

**(2) નિલાખેરી પ્રયોગ**

S.K.Deyદ્વારા નિલાખોરી પ્રયોગ શરૂ કરવામાં આવ્યો. આ આખા રાષ્ટ્રનું ધ્યાન દોરતો કાર્યક્રમ હતો. આ કાર્યક્રમનું પુસ્તક C.D.Pકાર્યક્રમ દ્વારા લખવામાં આવ્યું. 1948માં આપણા દેશના ભાગલા થયા. એના કારણે ઘણાં બધાએ સ્થળાંતર કરવું પડ્યું. એમાં 9000 સ્થળાંતરીઓના પુનઃવસન માટે એક નિલોખેરી નામનું નગર ઊભું કરવામાં આવ્યું. આ કાર્યક્રમને પછી 100 ગામો સાથે સાંકળી લેવામાં આવ્યા. આ કાર્યક્રમ મજદૂર મનઝી નામે ઓળખાયો. જે વ્યક્તિ કામ ન કરે એને આવવાનો અધિકાર નથી. એમાં સ્વાવલંબન, પાયાની જરૂરિયાત પૂરી પાડવા પર ભાર મૂક્યો. 'વોકેશનલ ટ્રેનિંગ' શરૂ કરવામાં આવી જેમાં દૂધની ડેરી, મરઘાં ઉછેર, પ્રિન્ટીંગ પ્રેસ, વર્કશોપ, ચામડા કાપવાનો ઉદ્યોગ આવી સરકારી પાયા પર રચાયેલી મંડળીઓહતી. એમાં પણ 750 એકર જમીનને ખેતીલાયક બનાવવામાં આવી. જેમાં 1400 માણસો કામ કરી શકતા હતા. અને ત્યાં 1200 લોકોને ઔદ્યોગિક પ્રવૃત્તિમાં નોકરી આપવામાં આવી.

**(3) ઈટાવા(પાઈલોટ પ્રયોગ)**

જેમાં સામુદાયિક વિકાસ કાર્યક્રમ અમલમાં મુકવા માટે સરકારે આ કાર્યક્રમ કર્યો હતો. જેમાં દિલ્હીના નજીકના ગામ ઈટાવામાં આ કાર્યક્રમ શરૂ થયો.જેનાં ગ્રામ સુધારણા પર ભાર મૂક્યો. જેમાં ગ્રામીણ ખેતીમાં પરિવર્તન, ફેરફારો લાવવા, ગ્રામ સફાઇ, ગ્રામ આરોગ્ય સુધારણા, ગ્રામ શિક્ષણ, ગામ સ્વરોજગાર, રોગોની નાબૂદી, ગામ નેતૃત્વ બધી બાબતો પર ભાર મૂકાયો અને ઘણા ખરે અંશે આ પ્રયોગ સફળ થયો. આપણે આઝાદ થયા પછી1952 માં 2, ઓકટોબરથી ગાંધીજીના જન્મ દિવસથી કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો. જેમાં ગ્રામ સુધારણા કાર્યક્રમ લોકોને સ્વાવલંબી બનાવવાં માટે શરૂ કરવામાં આવ્યો.

## 3.6 સામુદાયિક વિકાસ યોજના અને પંચાયતી રાજ

- સમુદાય વિકાસ યોજનામાં લોકશાહી માળખું નહોતું જયારે પંચાયતીરાજમાં લોકશાહી માળખું છે.
- સમુદાય વિકાસ યોજનામાં લોકોના પ્રતિનિધઓ પર ભાર મૂકવામાં આવતો નહોતો પણ એમાં કોઈ ચૂંટણી થતી નહોતી જયારે પંચાયતી રાજમાં ચૂંટણીથી પ્રતિનિધઓ નક્કી થતાં.
- સમુદાય વિકાસ યોજનામાં વિકાસ ઉપર ભાર મૂકવામાં આવતો જયારે પંચાયતી રાજ એ વિકાસ સાથે લોકશાહી પંચાયત પર ભાર મૂકયો.
- સમુદાય વિકાસ યોજનાના વિસ્તરણ માટે લોકશાહી મહત્ત્વની હતી. જયારે પંચાયતીરાજ એ સત્તાને લક્ષમાં લે છે અને લોકપ્રતિનિધિ ઉપર ભાર મૂકયો.
- સમુદાય વિકાસ યોજના એ વિકાસ પ્રાપ્ત કરવા પર ભાર મૂકયો જયારે પંચાયતીરાજ રાજકીય સત્તા પ્રાપ્ત કરવા ઉપર ભાર મૂકયો.

## 3.7 વિકાસ યોજનાના સિદ્ધાંતો

આ કાર્યક્રમનું મૂલ્યાંકન શું આવ્યું ? આ કાર્યક્રમ કેટલા અંશે સફળ થયો અને કેટલા અંશે નિષ્ફળ ગયો એ બાબત નોંધનીય છે.

### (1) ગ્રામ માનસમાં પરિવર્તન

સ્વાવલંબન નવભારતની રચના માટે એક પ્રભાવશાળી કાર્ય સામુદાયિક વિકાસ યોજનાનું હતું. દેશની ભાવના માટે અનેક દેશના લોકોની નવજાગૃતિ માટે એક ઉપયોગી કાર્યક્રમ હતો.

### (2) ગ્રામ પંચાયતોને સત્તા આપવામાં આવી

ગ્રામ પંચાયતોને સ્વતંત્ર સત્તા સોંપવામાં આવી. એમાં ગામમાં કયા ક્ષેત્રમાં સુધારા કરવા કેવું પરિવર્તન લાવવું. શું સુધારવું એ વિશે ગામના લોકો જ ભેગા મળીને પોતાના ગામ માટે નક્કી કરે અને સુધારવાના પ્રયત્નો કરે એ આ કાર્યક્રમ દ્વારા થયું.

### (3) સત્તાનું વિકેન્દ્રીકરણ

સત્તાનું વિકેન્દ્રીકરણ કરવામાં આવ્યું હતું. એટલે કે સત્તાની વહેંચણી કરવામાં આવી હતી. એ ઉપરાંત ગામડાની અંદર પ્રાથમિક સુવિધાઓ આ કાર્યક્રમથી સુધરી જેમાં પીવાનું પાણી, રસ્તાઓ, વાહન વ્યવહાર, વીજળીકરણની પહેલાં જેવી સુવિધાઓ હતી તેમાં ફેરફારો થયાં.

### (4) ગામડાંની અંદર સહકારી પ્રવૃત્તિઓની શરૂઆત થઈ

દૂધની સહકારી મંડળી અને આવાસ રહેઠાણની મંડળીઓ અનેક ગામોમાં શરૂ થઈ. આ કાર્યક્રમના સંદર્ભમાં આ મંડળીઓ શરૂ થઈ.

### (5) ગામ લોકોમાં શિક્ષણ અને સ્ત્રી શિક્ષણ પ્રત્યે હકારાત્મક વલણ ઉદ્દભવ્યું

લોકોમાં સહભાગીપણાની શરૂઆત થઈ. કેટલાંક અંશે લોકોમાં ભાગ્યવાદ ઘટ્યો અને પુરૂષાર્થ વધ્યો એમાં પણ સ્ત્રી શિક્ષણની શરૂઆત થઈ.

### (6) ખેતીનું આધુનિકરણ થયું

સિંચાઈની સગવડો વધારાઈ એના લીધે ખેતીમાં અનાજનું ઉત્પાદન વધ્યું. એના કારણે ગુજરાત અને હરિયાણામાં હરિયાળી ક્રાંતિની શરૂઆત થઈ.

### (7) ગામડાંની અંદર નવી નેતાગીરી વિકસાવાની શરૂઆત થઈ

ગામ એકતામાં ધીમે ધીમે વધારો થવા માંડ્યો. શિક્ષણ શરૂ થયું લોકોમાં આરોગ્ય વિષયક સભાનતા આવવા લાગી. કુટુંબ નિયોજન અંગેની જાગૃતતા આવવાની શરૂઆત થઈ.

### (8) આર્થિક રીતે ગ્રામ સમાજમાં સુવિધાઓ વધી

કલા અને હુન્નર ઉદ્યોગને પ્રોત્સાહન મળતું થયું. વિવિધ યોજનાઓ દ્વારા તે ઉપરાંત એટલે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને મોટા પાયે વિકાસ થયો.

## 3.8 સામુદાયિક વિકાસ યોજનાના નિષ્ફળતાના કારણો

આ કાર્યક્રમ બે રીતે નિષ્ફળ ગયો જેમાં સંપત્તિની અને સમયની દષ્ટિએ નિષ્ફળતા મળી. અક્ષયકુમાર દેસાઈના મતે આ યોજના એ પરિકથા જેવી છે. આ યોજનામાં ફક્ત ખેડૂતો પર જ ધ્યાન આપવામાં આવ્યું હતું. એ સિવાય બીજા વ્યવસાયો પર ધ્યાન અપાયું નહિ. તેથી આ કાર્યક્રમનો વિકાસ ઓછો થયો. આ કાર્યક્રમ માટે બળવંતરાય મહેતા કમિટિ પણ નીમવામાં

આવી હતી. જે આ કાર્યક્રમનું મૂલ્યાંકન કરે છે. એના રિપોર્ટમાં સામુદાયિક વિકાસ યોજનાનું મૂલ્યાંકન હતું. એમાં બ્લોક લેવલે જે ડેવલપમેન્ટ ઓફિસરો હતાં. એ કાર્યક્ષમ ન હતા. બિનતાલીમી અને ઓછા કાર્યદક્ષ હતા. ગ્રામીણ કક્ષાએ એટલી વ્યાપક ગરીબી હતી કે આ કાર્યક્રમમાં લોકો ભાગ લેતા ન હતા જે મુદ્દાઓ ક્રમશઃ જોઈએ.

**(1) નબળું નેતૃત્વ**

આમાં બે તપાસ પંચ નીમવામાં આવ્યાં હતાં. જેમાં બળવંતરાય મહેતા કમિટી અને દેસાઈ કમિશનનાં અભ્યાસમાં જોવા મળ્યું કે ગ્રામીણ કક્ષાએ નબળું નેતૃત્વ હોવાને કારણે આ કાર્યક્રમ નિષ્ફળ ગયો. સરકાર દ્વારા જે કાર્યકરોની નિમણૂક કરવામાં આવી હતી. તેઓ અસરકારક રીતે કામ ઓછું કરતા હતા અને સ્થાનિક કક્ષાએ જે કાર્યકરો હતા તે ગ્રામ લોકોનાં જીવનમાં ઓછો રસ લેતાં હતા. પરિણામે ગ્રામીણ કક્ષાએ નેતૃત્વની ખામીને કારણે આ કાર્યક્રમ નિષ્ફળ ગયેલો છે.

**(2) ખૂબ ઝડપી કાર્યક્રમ**

આ કાર્યક્રમમાં જે ધ્યેયો નક્કી કરવામાં આવ્યા હતા. તેમાં અગ્રતાક્રમને પ્રાધાન્ય અપાયું ન હોતું. સમગ્ર ગ્રામ સમુદાયના સર્વાંગી વિકાસ માટે એક પછી એક પગલાં લેવાની જગ્યાએ ઝડપી તમામ કક્ષાએ આયોજિત કરવામાં આવ્યું હતું. તેથી તેની અસરકારકતા ઓછી જણાઈ. આમ તેના પરિણામે ગ્રામ કક્ષાએ મદદરૂપ બન્યો નહીં.

**(3) લોકોની ભાગીદારીનો અભાવ**

લોકશાહી રીતરસમથી પરિવર્તન આપવા માટે જે પ્રયત્નો થાય છે તેમાં લોકોની ભાગીદારી ઉપર મોટો આધાર રહે છે. આ કાર્યક્રમની શરૂઆત થઈ ત્યારે ગ્રામ કક્ષાએ નિરક્ષરતાનું ઊંચું પ્રમાણ અધિકારીઓનું ગુલામી માનસ ગ્રામીણ લોકોમાં સહકારનો અભાવ હતો. તેમજ સમગ્ર કાર્યક્રમનો રસ લોકો કરતા અમલદારોને વધારે આપવામાં આવતો હતો. તેથી લોકોની આવા કાર્યક્રમોમાંર સ લેવાની તૈયારી ઓછી રહી. વળી અત્યંત ગરીબીની પરિસ્થિતિ પ્રવર્તતી હોવાથી તેઓ કાર્યક્રમમાં ભાગ લઈ શકે નહીં. તેઓના રોજબરોજના પ્રશ્નોજ વધુ વિકટ હતા. તે ઉપરાંત આ કાર્યક્રમના જે ભાગીદારો હતા તેમના પ્રયત્નોના લાભ સમાજના બીજા વર્ગોને મળતા હતા.

## 3.9 ગ્રામીણ વિકાસની યોજનાઓ

**(1) સામુદાયિક વિકાસ યોજના**

સામુદાયિક વિકાસ યોજનાની 1952માં શરૂઆત થઈ. આ યોજનાના ઉદ્દેશો જોઈએ તો કૃષિ સંબંધિત સમસ્યાઓ ઔદ્યોગિક વિકાસના પ્રશ્નો, નિરક્ષરતા સંબંધિત સમસ્યાઓ, ઔદ્યોગિક વિકાસના પ્રશ્નો, નિરક્ષરતા, ગરીબી, કુપોષણ, અસ્વાસ્થ્યની પરિસ્થિતિઓ વગેરેને દૂર કરી ગ્રામીણ સર્વાંગી વિકાસ કરવો તથા ગામડાંઓને આત્મનિર્ભર બનાવવા 1980 થી ગ્રામીણ વિકાસ કાર્યક્રમ અંતર્ગત આઈ.આર.ડી.પી.નો સમાવેશ કરવામાં આવ્યો છે.

**(2) ગ્રામીણ વિકાસ સંકલિત અનાજ :**

2 ઓક્ટોબર 1980 થી આ યોજનાનો આરંભ થયો. આ યોજના બેકારી દૂર કરવી, ઉત્પાદનનાં સાધનોનું વિતરણ કરવું, ગરીબ કુટુંબો શોધવા અને તેની આવકમાં વૃદ્ધિ કરવી અને ભૂમિવિહીન ખેડૂતોને મદદ કરવી.

**(3) કામને બદલે અનાજ**

1977થી આ યોજનાના આરંભ થયેલો હતો. રાજ્ય સરકારો સુરક્ષિત અનાજ ભંડારોમાંથી અનાજ પૂરું પાડે છે. શ્રમિકોને શ્રમનાં બદલે અનાજ તથા રોકડ રકમ આપવામાં આવે છે. આ પ્રકારનાં કામમાં સિંચાઈ, પૂર નિયંત્રણ, બંધોનું નિર્માણ, સડકો, શાળાના મકાનોનું નિર્માણ કરવું વગેરે માટે નિમ્ન વર્ગનાં લોકોને કામ પૂરું પાડવામાં આવેછે.

**(4) જવાહર રોજગાર યોજના**

આ યોજના અંતર્ગત જિલ્લા પંચાયતોને નાણાં ફાળવી તે દ્વારા રોજગારીનું આયોજન કરવું.

**(5) ગ્રામીણ ભૂમિહીન રોજગાર ગેરંટી યોજના**

1983-84માં આ યોજનાનો આરંભ થયો. આ યોજનામાં ભૂમિહીન ગ્રામીણ લોકોને રોજગારી આપવી સાતમી પંચવર્ષીય યોજનામાં આ કાર્યક્રમમાં 2412કરોડ રૂપિયા ખર્ચ્યા હતા.

**(6) ગ્રામીણ યુવકોને સ્વરોજગાર**

1979 થી આ યોજનાનો આરંભ થયો. 18 થી 35 વર્ષની ઉંમરના લોકોનો આમાં સમાવેશ કરવામાં આવ્યો છે. 1997-98 સુધીમાં 2.34, 3.374 યુવકોને રોજગાર મેળવવા માટે શિક્ષિત કર્યા હતા.

**(7) મરુભૂમિ વિકાસ કાર્યક્રમ**

1997-98માં આ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો. જેમાં રાજસ્થાન, ગુજરાત, હરિયાણા વગેરે એમ સાત રાજ્યોમાં 36 જિલ્લાઓ અને 227 વિકાસ ખંડોનો સમાવેશ થયો હતો.

આ ઉપરાંત ગ્રામીણ વિકાસ માટે ઘણી બધી યોજનાઓ અમલમાં આવેલી છે. તે ઉપરાંત હાલના સમયમાં ગ્રામીણ વિકાસમાં પહેલા કરતાં ઘણો બધો ટેક્નોલોજી માધ્યમ, વ્યક્તિત્વ વિકાસ, ઉદ્યોગ ક્ષેત્રે વગેરે બાબતો સારો રહ્યો છે.

## 3.10 સારાંશ

કોઈપણ સમાજ કે સમુદાયની વાત કરીએ ત્યારે સમુદાયના લોકો એકત્રિત થઈ પોતાના વિકાસની વાત કરે જેમાં નીચલા સ્તરથી માંડીને ઉપલા સ્તર સુધી આગળ વધવાનો પ્રયત્ન કરે. એ વિકાસ એમાં સંખ્યાત્મક અને ગુણાત્મક બંને પરિવર્ત્યોનો સમાવેશ થાય છે. એમાં આ બંને દૃષ્ટિએ ગુણાત્મક અને સંખ્યાત્મક પરિવર્તન લાવવાનો પ્રયત્ન થાય છે. સામાન્ય રીતે સામુદાયિક વિકાસ યોજનાની પ્રક્રિયામાં કોઈપણ વ્યક્તિ પોતાની જાતે પોતાના વિકાસનો પ્રયત્ન કરે છે. જે આ યોજનાથી આપણને જાણવા મળે છે.

## 3.11 ચાવીરૂપ શબ્દો

- C.D.P – Communication Development Programme
- N.E.S. – National Extension Services
- ફિરકા — અમુક વિસ્તાર
- નિલાખેરી — એક ગામનું નામ છે.

## 3.12 સંદર્ભસૂચિ :

1. પટેલ જે. સી. : ભારતમાં ગ્રામીણ સમાજશાસ્ત્ર, પાર્શ્વ પબ્લિકેશન અમદાવાદ, 2014
2. શ્રીનિવાસ એમ. એન. (સંપાદક) : ભારતનું ગ્રામજીવન, આર. આર. શેઠ કંપની,

અમદાવાદ, 1967

3. દુબે શ્યામચરણ : ભારતીય સમાજ, નેશનલ બુક ટ્રસ્ટ, ઈન્ડિયા, નવી દિલ્હી, 1995

4. જાદવ નિતિન કે. : ગ્રામીણ સમાજશાસ્ત્ર, દામિની પબ્લિકેશન, અમદાવાદ, 2017

## 3.13 તમારી પ્રગતિચકાસો

**નીચે આપેલ પ્રશ્નોથી તમારી પ્રગતિ ચકાસો.**

**(અ) નીચે આપેલાં પ્રશ્નોના જવાબ ટૂંકમાં આપો.**

1. સમુદાય એટલે શું ?

______________________________
______________________________
______________________________
______________________________
______________________________
______________________________

2. ગામડાની વ્યાખ્યા ચર્ચો.

______________________________
______________________________
______________________________
______________________________
______________________________
______________________________

3. સામુદાયિક વિકાસ યોજના એટલે શું ?

______________________________
______________________________
______________________________
______________________________
______________________________
______________________________

4. સામુદાયિક વિકાસ યોજના ક્યારે શરૂ થઈ હતી ?

______________________________
______________________________
______________________________
______________________________
______________________________
______________________________

5. ગુરેગાંવ કાર્યક્રમ ક્યાં શરૂ થયો હતો ?

______________________________
______________________________
______________________________

6. ‘Better Villages’પુસ્તક કોણે લખ્યું હતું ?

7. માર્તન્ડમ્ કાર્યક્રમ ક્યાં અને કોના દ્વારા શરૂ થયો હતો ?

૮. ફિરકા યોજના શું છે ?

9. પાઈલોટ પ્રોજેક્ટ (પ્રયોગ) એટલે શું ?

10. નિલોખેરી પ્રયોગ કોના દ્વારા શરૂ થયો હતો ?

**(બ)સવિસ્તાર પ્રશ્નોની ચર્ચા કરો.**

1. ગ્રામીણ વિકાસની યોજનાઓ સવિસ્તાર જણાવો.

2. સામુદાયિક વિકાસ યોજનાની લાક્ષણિકતાઓ ચર્ચો.

3. સામુદાયિક વિકાસ યોજના શરૂ થયા પહેલાંનો તબક્કો વિગતવાર ચર્ચો.

4. સામુદાયિક વિકાસ યોજના શરૂ થયા પછીનો તબક્કો વિગતવાર ચર્ચો.

# એકમ-4 ગાંધીજી અને ગ્રામ સ્વરાજનો ખ્યાલ

રૂપરેખા


**4.0 ઉદ્દેશો**

**4.1 પ્રસ્તાવના**

**4.2 ગાંધીજીનો સંક્ષિપ્ત જીવન પરિચય**

**4.3 ગાંધીજીનો ગ્રામ સ્વરાજનો ખ્યાલ/અર્થ**

**4.4 ગ્રામ સ્વરાજના પાયાના સિદ્ધાંતો**

**4.4.1 રોજગારી**

**4.4.2 જાત મહેનત**

**4.4.3 સમાનતા**

**4.4.4 ટ્રસ્ટીપણું/ટ્રસ્ટીપણાંનો સિદ્ધાંત**

**4.4.5 વિકેન્દ્રીકરણ**

**4.4.6સ્વદેશી**

**4.4.7 સ્વાવલંબન**

**4.4.8 સહકાર/સહકારી પદ્ધતિ**

**4.4.9 સત્યાગ્રહ**

**4.4.10 સૌ ધર્મોનું સમાન સ્થાન**

**4.4.11 પંચાયતી રાજ**

**4.4.12 પાયાની કેળવણી**

**4.5 ગ્રામ સ્વરાજ માટે સાધન શુધ્ધિ અને સત્યાગ્રહનો વિચાર**

**4.6 સારાંશ**

**4.7 ચાવીરૂપ શબ્દો**

**4.8 તમારી પ્રગતિ ચકાસો**

**4.9 સંદર્ભ સૂચિ**


## 4.0 ઉદ્દેશો

આ એકમનાં ઉદ્દેશો નીચે મુજબ છે.

- તમે ગ્રામસ્વરાજના ખ્યાલથી પરિચિત થશો.
- તમે ગાંધીજીના મતે ગ્રામ સ્વરાજના પાયાના સિદ્ધાંતોની જાણકારી પ્રાપ્ત કરશો.

## 4.1 પ્રસ્તાવના

આ એકમમાં ગાંધીજીના ગ્રામ સ્વરાજ અંગેના વિચારો વ્યકત કરવામાં આવ્યા છે.

ગાંધીજીએ કલ્પના કરેલ ગ્રામ પંચાયતોનું સ્વરૂપ, તેની ફરજો, કાર્યોની સમજૂતિ આપવામાં આવી છે. ગાંધીજીનો ગ્રામ સ્વરાજનો ખ્યાલ મેળવ્યા બાદ તેના પાયાના સિદ્ધાંતો જેવા કે રોજગારી, જાત મહેનત, સમાનતા, ટ્રસ્ટીપણું, સ્વદેશી, વિકેન્દ્રીકરણ, સહકાર, સત્યાગ્રહ, સૌ ધર્મનું સમાન મહત્ત્વ, પંચાયતી રાજ, પાયાની કેળવણી વગેરેનો અભ્યાસ તમે કરશો.

## 4.2 ગાંધીજીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ગાંધીજીનું પૂરૂં નામ મોહનદાસ કરમચંદ ગાંધી હતું. તેમનો જન્મ 2, ઓકટોબર, 1869માં ગુજરાતના પોરબંદર ખાતે થયો હતો. તેમના પિતા પોરબંદર રાજ્યના દિવાન હતા. તેમની માતાનું નામ પુતળીબાઈ હતું. ગાંધીજીએ પોતાનું શિક્ષણ પોરબંદર, રાજકોટ અને ભાવનગર ખાતે મેળવ્યું હતું. ત્યાર બાદ 1889 થી 1891 દરમિયાન ઈંગ્લેન્ડમાં અભ્યાસ કરીને તેમણે બેરીસ્ટરની પદવી મેળવી હતી. 1891માં ભારત આવી વકીલાત શરૂ કરી હતી પરંતુ જોઇતી સફળતા મળી ન હતી. શેઠ અબ્દુલ્લાહને કોર્ટ કેસમાં સલાહ આપવા અને મુકદમો લડવા તેઓ 1893માં દક્ષિણ આફ્રિકા ગયા હતા. દક્ષિણ આફ્રિકામાં 1914સુધી રહ્યા. દક્ષિણ આફ્રિકામાં વસવાટ કરતા ભારતીયોની ગુલામી જોઇને તેમણે સત્યાગ્રહ કર્યો હતો. ગાંધીજી ઉપર ટોલ્સટોયનું 'સ્વર્ગ તારા હૃદયમાં છે' પુસ્તક અને રસ્કિનનું 'અન ટુ ધી લાસ્ટ' પુસ્તકની અસર ઘણી પડી હતી. 1914માં ગાંધીજી ભારત પરત આવ્યા. સ્વરાજ અને રામરાજ્યના હિમાયતી એવા ગાંધીજીએ જાતિભેદની નાબૂદી, વ્યસન મુક્તિ, અસ્પૃશ્યતા નિવારણ, પાયાની કેળવણી, સ્ત્રી શિક્ષણ, સર્વોદય સમાજની સ્થાપના માટે આજીવન પ્રયત્નો કર્યા. ગાંધીજી એક સમાજ સુધારક, રાજનીતિજ્ઞ અને સત્ય તથા અહિંસાના પુજારી હતા. ભારતને આઝાદી અપાવવા તેમણે સત્યાગ્રહનો આશ્રય લીધો હતો.

અહિંસા તેઓનું પરમ શસ્ત્ર હતું. 1917માં તેમણે સાબરમતી આશ્રમની સ્થાપના અને 1920માં ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી હતી. 1924માં કોંગ્રેસના પ્રમુખ તરીકે તેમની વરણી થઇ હતી. 1929માં લાહોરના કોંગ્રેસ અધિવેશનમાં પૂર્ણ સ્વરાજની ઘોષણા કરી હતી. મીઠાના કાયદાનો ભંગ કરવા સાબરમતીથી દાંડીકુચ કરી. ગોળમેજી પરિષદમાં ભાગ લેવા માટે લંડન પણ ગયા હતા. ગાંધીજીએ સવિનય કાનુનભંગનું આંદોલન કર્યું હતું. ગાંધીજીના લગ્ન ખૂબ નાની ઉંમરે એટલે કે 13 વર્ષે કસ્તૂરબા સાથે થયા હતા. ગાંધીજી ખાદીના આગ્રહી હતા. 30 જાન્યુઆરી 1948ના રોજ ગાંધીજીનું મૃત્યુ થયું હતું. 30 જાન્યુઆરી ગાંધીજીના નિર્વાણ દિન તરીકે ઉજવવામાં આવે છે. ગાંધીજી રાષ્ટ્રપિતાનું બિરુદ પામ્યા હતા.

## 4.3 ગાંધીજીનો ગ્રામ સ્વરાજનો ખ્યાલ/ અર્થ

ગાંધીજીની વિચારસરણીના પાયામાં ગ્રામસ્વરાજનો ખ્યાલ રહેલો છે. ગાંધીજી કહેતા હતા કે મારે મન સ્વરાજ એટલે દેશના અલ્પમાં અલ્પ બંધુની માટે સ્વતંત્રતા... સ્વરાજનો અર્થ છે સરકારના અંકુશથી સ્વતંત્ર થવાનો સતત પ્રયાસ, પછી એ સરકાર પરદેશી હોય કે રાષ્ટ્રીય હોય. સ્વરાજ એ પવિત્ર શબ્દ છે. વેદકાળ જેટલો પ્રાચીન છે અને તેનો અર્થ પોતાનું નિયમન, પોતાનો અંકુશ એવો થાય છે. ગાંધીજીએ કલ્પેલું ગ્રામ સ્વરાજ એટલે એવુ સ્વરાજ જેમાં જાતિ કે ધર્મનો ભેદભાવન હોય. દરેક સ્ત્રી, પુરુષ અને બાળક સાચું સ્વરાજ અનુભવતો હોવો જોઇએ. તે માટે પુરૂષાર્થ સાચી ક્રાંતિ છે તેમ તેઓ માનતા હતા.

ગાંધીજીની દૃષ્ટિએ "ગામ સંપૂર્ણ રીતે પ્રજાસત્તાક હોવું જોઇએ. દરેક ગામ પોતાના જીવનની અત્યંત મહત્ત્વની જરૂરિયાતો માટે એ પ્રજાસત્તાક પોતાના પાડોશીઓથી સ્વતંત્ર હશે, પરંતુ જે બાબતોમાં સહકાર અનિવાર્ય હશે તે બધા કાર્યોમાં પાડોશીઓ સાથે પરસ્પર સહાયથી કાર્ય કરશે..."

ગાંધીજીની દૃષ્ટિએ એક આદર્શ એવુ ગામ જેમાં કોઈ વ્યસની ન હોય. ગામની પોતાની શાળા, નાટકઘર અને સભાગૃહ હોય. દરેક ગામને અને ગામના દરેક વ્યક્તિને સ્વચ્છ પાણી મળે. પાયાની કેળવણી દરેકને પ્રાપ્ત થાય તથા દરેક પ્રવૃત્તિ સહકારી પધ્ધતિના સિદ્ધાંતો પ્રમાણે ચાલવી જોઈએ તેવું માનતા હતા. જેમાં કોઈપણ પ્રકારના ભેદભાવ ન હોય. ગ્રામીણ સમાજની સત્તા પાછળનું સાધન અથવા બળ સત્યાગ્રહ અથવા અસહકારથી પધ્ધતિવાળી અહિંસા હશે તેવું માનતા હતા. નક્કી કરવામાં આવેલ પુખ્તવયના આધારે દરેક લોકો દર પાંચ વ્યક્તિની એક પંચાયત ચુંટે અને તે ગામની સરકાર તરીકે ગામના બધા જાહેર કાર્યો કરે તેવી કલ્પના તેમણે કરી હતી. આ પંચાયતને જરૂરિયાત અનુસારની સત્તા અને અધિકાર આપવાની હિમાયત પણ તેમણે કરી હતી.

ગાંધીજીએ રજૂ કરેલ ગ્રામ સ્વરાજ અથવા ગ્રામ સરકારની રૂપરેખા નમૂનેદાર હતી. તેઓ એવી વ્યવસ્થા ઈચ્છતા હતા જેમાં દરેક વ્યક્તિની સ્વતંત્રતાના પાયા ઉપર રચાયેલી વ્યવસ્થામાં સંપૂર્ણ લોકશાહી હોય. દરેક વ્યક્તિ પોતે સરકારનું ઘડતર કરે. તે સરકાર અહિંસાને વરેલી હોય. આદર્શ ગામની કલ્પના રજૂ કરતા તેમણે જણાવેલું છે કે આદર્શ ગામ એવું હોય જેમાં સંપૂર્ણ સ્વચ્છતા હોય. ગામમાં જરૂરિયાત અનુસાર કૂવા, સાર્વજનિક સભાગૃહો, ગૌચર, શાળાઓ હશે. ગ્રામસેવકે સફાઈના પ્રશ્નનો નિકાલ સૌથી પેહલા કરવાની રજૂઆત ગાંધીજીએ કરી હતી.

## 4.4 ગ્રામ સ્વરાજના પાયાના સિદ્ધાંતો

ગાંધીજીની દ્રષ્ટિએ ગ્રામ સ્વરાજના પાયાના સિદ્ધાંતોમાં રોજગારી, જાતમહેનત, સમાનતા, ટ્રસ્ટીપણું, વિકેન્દ્રીકરણ, સ્વદેશી, સ્વાવલંબન, સહકાર, સત્યાગ્રહ, અને ધર્મોનું સમાન સ્થાન, પંચાયતી રાજ, પાયાની કેળવણીનો સમાવેશ થાય છે. જેની સમજૂતિ નીચે મુજબ મેળવીએ.

### 4.4.1 રોજગારી

માનવીનું સૌથી અધિક મહત્ત્વ પૂરી રોજગારીનું છે. ગાંધીજી માનતા હતા કે દેશની અને આખા જગતની આર્થિક રચના એવી હોવી જોઈએ જેમાં કોઈપણ વસ્ત્ર અને અન્નના અભાવથી પીડાય નહીં, એટલે કે દરેકને પોતાના નિભાવ પૂરતી રોજગારી મળી રહે. ગાંધીજીએ ‘નૈતિક’ શબ્દને ‘આધ્યાત્મિક’ શબ્દના પ્રયાયરૂપે વાપર્યો છે. નૈતિકતાની ઉપેક્ષા કરી શકાય નહી તેવું દઢપણે તેઓ માનતા હતા. દરેક માણસને જીવવાનો અધિકાર છે અને તેથી તે પોતે અન્ન, વસ્ત્ર તથા આશ્રય મેળવી શકે એ માટે જરૂરી ધંધો મેળવવાનો તેને અધિકાર છેસુવ્યવસ્થિત સમાજમાં પોતાના જીવન નિર્વાહ માટે રોજી મેળવવાનું દુનિયામાંસહેલાંમાંસહેલું હોવું જોઇએ તેવું તેઓ માનતા હતા. તેઓ સાથે એમ પણ માનતા હતા કે દેશની સુવ્યવસ્થાની કસોટી તેમાં કેટલાં કરોડપતિઓ છે એ નહી પણ તેની આમ જનતામાં ભૂખમરો ન હોય એ છે. હિંદુસ્તાનમાં વસતા માણસોની સમગ્ર શક્તિને એકત્રિત કરી તેનો સારામાં સારો ઉપયોગ કરવામાં સાચું આર્થિક નિયોજન સમાયેલું છે તેવો મત ગાંધીજીનો હતો. તેઓ માનતા હતા કે “જીવનની મુખ્ય જરૂરિયાતો મેળવવાનો હક જેટલો પશુ-પંખીને છે તેટલો જ સરખો હક દરેક મનુષ્યને છે અને દરેક હકની સાથે તેને લગતી ફરજ અને હક પર હુમલો થાય તો તેની સામેનો ઈલાજ જાણી લેવાના જ હોય છે; તેથી આ પ્રાથમિક, પાયારૂપ સમાનતાને સાચવવાને માટે તેને લગતી ફરજો અને ઈલાજો શોધી કાઢવાના જ રહ્યા. મારા અંગો વડે શ્રમ કરવો એ હકને લગતી ફરજ છે અને એ શ્રમનું ફળ મારી પાસેથી પડાવી લેનાર જોડે અસહકાર કરવો એ હક સાચવવાનો ઈલાજ છે”. આમ, ગાંધીજીએ રોજગારીને મહત્ત્વ આપ્યું હતું.

### 4.4.2 જાત મહેનત

ગાંધીજીએ જાત મહેનતને સૌથી વધુ પ્રાધાન્ય આપ્યું હતું. મજૂરી ન કરે તેને ખાવાનો શો અધિકાર હોય? તેવું તેઓ માનતા હતા. દરેકને પોતાના જીવન ગુજરાન માટે આવશ્યક ખોરાકની પૂરતી કરી શકે તેટલા પ્રમાણમાં મહેનત કરવી જોઇએ. ગાંધીજીએ શારીરિક શ્રમની હિમાયત કરી હતી. દરેક વ્યક્તિએ પોતાના પેટ માટે મજૂરી કરવી જોઇએ. અહી મજૂરીનો અર્થ જાત મહેનત કે પરિશ્રમ એવો થાય છે.

### 4.4.3 સમાનતા

ગાંધીજી જાતિભેદમાં માનતા ન હતા. ઊંચ-નીચના ભેદભાવો ન હોવા જોઇએ તેવું તેવો સ્પષ્ટ રીતે માનતા હતા. ગાંધીજી સમાનતામાં માનતા હતા. એવી સમાનતા જેમાં દરેકનો દરજ્જો સમાન હોય. આર્થિક વ્યવસ્થા એવી હોય, જે સામાજિક ન્યાયને વરેલી હોય અને સમાજના નબળામાં નબળા વર્ગોનું ભલું કરતી હોય. સભ્ય જીવન માટે તે અનિવાર્ય છે તે માટે સમાન વહેંચણી ઉપર તેમણે ભાર આપ્યો હતો.

ગાંધીજી માનતા હતા કે આર્થિક સમાનતાનો મુદ્દો અહિંસક પૂર્ણ સ્વરાજની મુખ્ય ચાવી છે. આર્થિક સમાનતા એટલે દરેકની પાસે પોતાની મૂળભૂત જરૂરિયાતો સંતોષાય એટલી પૂરતી સંપત્તિ હોવી જોઇએ. ગાંધીજી માનતા હતા કે જયાં સુધી દેશમાં આર્થિક અસમાનતા અને અમીર ગરીબ વચ્ચેનું અંતર ચાલુ રહેશે ત્યાં સુધી દેશમાં શાંતિ અને વ્યવસ્થા ટકાવી રાખવી શક્ય નથી. આથી દરેક માનવીની લઘુત્તમ જરૂરિયાતો પૂરી થાય તેટલી સમાનતા તો હોવી જ જોઇએ તેવું તેવો માનતા હતા.

### 4.4.4 ટ્રસ્ટીપણું/ટ્રસ્ટીપણાંનો સિદ્ધાંત

ગાંધીજીના આર્થિક વિચારો સંદર્ભે ટ્રસ્ટીશીપનો કે વાલીપણાંનો સિદ્ધાંત ખૂબ અગત્યનો છે. જે ઉત્પાદનના સાધનો અને સંપત્તિની માલિકી સાથે સંકળાયેલો છે. વાલીપણાંના સિદ્ધાંતને રજૂ કરી તેવો સંપત્તિનું અમુક લોકોના હાથમાં થતું કેન્દ્રિકરણ અટકાવવા માંગતા હતા. સમાજની સંપત્તિનો ઉપયોગ સમાજના હિતમાં કઈ રીતે થવો જોઇએ તેનું પણ માર્ગદર્શન આ સિદ્ધાંતમાં આપેલું છે. ગાંધીજીએ ટ્રસ્ટીશીપનો સિદ્ધાંત આપ્યો હતો. ગાંધીજી સમાજમાં આર્થિક વિષમતાને દૂર કરવા માંગતા હતા. કોઇ વ્યક્તિને ઉત્તરાધિકારી તરીકે સારી સંપત્તિ મળે અથવા કોઇ વ્યક્તિ વ્યાપાર ધંધામાં સારૂં એવુ ધન કમાય તો તે સંપૂર્ણ સમાજની સંપત્તિ છે. વ્યક્તિ પોતે તેનો સ્વામિ ન સમજે. પરંતુ માત્ર ટ્રસ્ટી સમજે. તેની પાસે જે સંપત્તિ છે તેમાંથી પોતાની જરૂરિયાત પૂરતું રાખે અને બાકીની સંપત્તિને સમાજની સમજીને તેનો ઉપયોગ સમાજ માટે કરે. સમાજમાં સન્માનપૂર્વક જીવન પસાર કરવા માટે જેટલી સંપત્તિની જરૂર છે તેટલી સંપત્તિ પર વ્યક્તિ પોતાનો અધિકાર ગણે અને બાકીનું સંપૂર્ણ ધન રાષ્ટ્રનું સમજીને પ્રજાના કલ્યાણ માટે ખર્ચ કરવા તૈયાર રહે તેવું માનતા હતા. આર્થિક ક્ષેત્રે ટ્રસ્ટીશીપનો સિદ્ધાંત સંપત્તિ પ્રત્યે તેમનો આદર વ્યકત કરે છે. ગાંધીજીએ આર્થિક સમાનતા સ્થાપવા માટે આર્થિક વિકેન્દ્રીકરણ, ટ્રસ્ટીશીપ, શ્રમ વગેરે સિદ્ધાંતો અપનાવ્યા હતા. ટ્રસ્ટીશીપના સિદ્ધાંતને રજૂ કરી તેમણે દર્શાવ્યું છે કે દરેક વ્યક્તિ સમાન છે. એક વ્યક્તિનું બીજી વ્યક્તિ દ્વારા શોષણ ન થવું જોઇએ. આ સિદ્ધાંત મુજબ આર્થિક શક્તિ સમુદાયના હાથમાં રહેવી જોઇએ. જેથી દરેક વ્યક્તિ ઉત્પાદન કરી શકે અને પોતાની સંપત્તિના સંચયને સમાજ કલ્યાણ માટે ઉપયોગમાં લઇ શકે. ગાંધીજીનો ટ્રસ્ટીશીપનો સિધ્ધાંત સફળ ત્યારે જ થઇ શકે જયારે નૈતિકતાનું સ્તર ઉચ્ચ કક્ષાનું હોય.

### 4.4.5 વિકેન્દ્રીકરણ

ગાંધીજી વિકેન્દ્રીકરણમાં માનતા હતા. જેમાં દરેક અગત્યની બાબતનું વિકેન્દ્રીકરણ થયેલુ હોય. રાજકીય વ્યવસ્થા હોય કે અર્થવ્યવસ્થા હોય દરેકમાં તેઓ વિકેન્દ્રીકરણના હિમાયતી હતા. સત્તા, કાર્યો કે જવાબદારીઓનું પણ વિકેન્દ્રીકરણ હોવું જોઇએ, તે માટે બળ પ્રયોજનને ટાળવુ પડશે. ગામડાઓના માધ્યમ થકી સાચું વિકેન્દ્રીકરણ શક્ય બનશે તેવું તેઓ માનતા હતા. આધુનિક લોકશાહી વ્યવસ્થામાં ખાસ કરીને પંચાયતીરાજમાં વિકેન્દ્રીકરણનો ખ્યાલ અગત્યનો છે.

### 4.4.6 સ્વદેશી

સ્વદેશી આપણામાં રહેલી તે ભાવના છે કે જે આપણને આપણી પાસેની પરિસ્થિતિનો ઉપયોગ કરવા અને સ્થાનિક સેવા કરવા પ્રેરે છે. સ્વદેશી સિદ્ધાંતનું પાલન કરવા ઉપર તેમણે ભાર આપ્યો હતો. વિદેશી માલનો બહિષ્કાર અને સ્વદેશી માલના ઉપયોગની તેમણે હિમાયત કરી હતી.

### 4.4.7 સ્વાવલંબન

ગાંધીજીએ દરેક ગામ સ્વાવલંબી બને તેના પર ભાર આપ્યો હતો. સમાજનું એક એકમ ગામ છે. પોતાની જરૂરિયાતો પૂર્ણ કરી શકે તેટલું સ્વાવલંબન દરેક ગામે મેળવવું જોઇએ. એટલે કે સ્વાશ્રયી બનવું જોઇએ. વસ્ત્ર, અનાજ વગેરે પાયાની જરૂરિયાતો ગામના લોકો પોતે જ પ્રાપ્ત કરી શકે તેટલા સ્વાવલંબી તે બનવા જોઈએ. સહકારી મંડળીઓ પ્રામાણિકપણે ચાલવી જોઇએ. ગાંધીજી આર્થિક સ્વાવલંબન, સામાજિક સ્વાવલંબન અને માનસિક સ્વાવલંબનમાં શ્રદ્ધા ધરાવતા હતા. શિક્ષણ પણ સ્વાવલંબનની ભાવના લાવે તેવું અપાવવું જોઇએ તેવું તેવો માનતા હતા. આમ,વ્યક્તિનું સ્વાવલંબન અને ગામના સ્વાવલંબનની તેમણે હિમાયત કરી હતી.

### 4.4.8 સહકાર/સહકારી પદ્ધતિ

ગાંધીજી માનતા હતા કે દરેક પ્રવૃત્તિ સહકારી પદ્ધતિના સિદ્ધાંતો પ્રમાણે ચાલવી જોઇએ. સહકારી પદ્ધતિથી ખેતી કરવામાં આવે તો વધુને વધુ નિપજ મળી શકે તેવું તેવો માનતા હતા. સહકારી પદ્ધતિ ચુસ્ત અહિંસાના પાયા પર રચવાના આગ્રહી ગાંધીજી હતા. ખેડૂતોને માટે સહકારી પધ્ધતિ ઘણી વધારે જરૂરિયાતવાળી છે. સહકારી પધ્ધતિથી ખેતી કરવામાં આવે તો વધારેને વધારે નીપજ ઊભી કરવી શક્ય બને છે. આ સહકારી પધ્ધતિ ચુસ્ત અહિંસાના પાયા પર જ રચાયેલી હોવી જોઇએ તેવું ગાંધીજી માનતા હતા. સહકારી મંડળીઓને સફળ બનાવવી હશે તો તેના સભ્યો પ્રામાણિક હોવાં જોઇએ. તેમની સામે એક નિશ્ચિત ધ્યેય હોવું જોઇએ.

### 4.4.9 સત્યાગ્રહ

ગાંધીજી માનતા હતા કે દરેક ગ્રામ સમાજની સત્તા પાછળનું સાધન અથવા બળ સત્યાગ્રહ અથવા અસહકારની પધ્ધતિવાળી અહિંસા હશે. સત્યાગ્રહ એટલે સત્યનો આગ્રહ અધર્મનો અહિંસામય સાધનોથી વિરોધ કરવો એટલે સત્યાગ્રહ. સત્યાગ્રહ એક સાધન છે. સત્યાગ્રહના સિદ્ધાંતોના આધારને સમજાવતા ગાંધીજી જણાવે છે કે મનુષ્ય ગમે તેટલો સ્વાર્થી હોય, અધર્મી હોય, ઘાતકી કે કુટીલ સાધનનો ઉપયોગ કરતો હોય પરંતુ તેનાં હૃદયમાં સત્ય માટે આદર તથા ભય રહેલો જોવા મળે છે. જેને ગાંધીજી અંતઃકરણના અવાજ તરીકે ઓળખાવે છે. ગાંધીજીએ સત્યાગ્રહ માટેની યોગ્યતાઓ પણ જણાવી છે. સત્યાગ્રહી માટેના નિયમો પણ તેમણે કહેલા

છે. સામાજિક સુધારા માટે સત્યાગ્રહ મહત્ત્વનું શસ્ત્ર છે. સત્યાગ્રહની પધ્ધતિઓમાં હડતાલ, સામાજિક બહિષ્કાર, આર્થિક બહિષ્કાર, ધરણા, હિજરત, ઉપવાસ વગેરેનો સમાવેશ થાય છે.

### 4.4.10 સૌ ધર્મોનું સમાન સ્થાન

ગાંધીજી દરેક ધર્મને સમાન માનતા હતા. ગાંધીજી ધર્મની સર્જનાત્મક શક્તિનો સ્વીકાર કરે છે. ગાંધીજીના મતે ધર્મ સમાજની નૈતિક નિયમોની વ્યવસ્થા છે. ગાંધીજીએ ધર્મને જીવન અને સમાજના આધારભૂત તત્ત્વ તરીકે સ્વીકાર્યો હતો. ગાંધીજીનો ધર્મ સાંપ્રદાયવાદમાં માનતો ન હતો. ધર્મ માનવ સમાજનું શાશ્વત તત્વ છે જે હિન્દુત્વ, મુસ્લિમ, ઈસાઈથી પર છે. ગાંધીજીએ માનવતાવાદને ધર્મ તરીકે મહત્ત્વ આપ્યું. ગાંધીજીના ધર્મના મુખ્ય તત્ત્વો સત્ય, પ્રેમ અને અહિંસા હતા. ગાંધીજી ધર્મ પરિવર્તનમાં માનતા ન હતા. ગાંધીજીના ધર્મદર્શનના અંગ રૂપ એકાદશવ્રત છે. ગાંધીજીની સાધનાના અંગરૂપ એકાદશવ્રતો નીચે મુજબ છે. જેમાં ગાંધીજીને ખૂબ શ્રદ્ધા હતી.

1. સત્ય
2. અહિંસા
3. બ્રહ્મચર્ય
4. અસ્તેય (ચોરી ન કરવી)
5. અપરિગ્રહ
6. અસ્વાદ
7. અભય
૮. સ્વદેશી
૯. સર્વધર્મ સમભાવ
10. સ્પર્શ ભાવના (અસ્પૃશ્યતા નિવારણ)
11. શરીરશ્રમ

ગાંધીજીએ કલ્પેલ સમાજ રચનાના નિર્માણ માટે આ એકાદશવ્રતોનું પાલન આવશ્યક જ નહિ પરંતુ અનિવાર્ય છે.

### 4.4.11 પંચાયતી રાજ

ગાંધીજી દરેક ગામને સ્વાવલંબી બનાવવા માંગતા હતા. પંચાયતીરાજ માટે લોકશાહી તંત્ર સ્થાપવા માટે ભેદભાવો દૂર કરવા ઉપર ભાર આપ્યો તથા દરેકને સમાનતાના ધોરણે ગણી રોજીરોટી મેળવી શકે તેવી તક મળવા ઉપર ભાર આપ્યો. પંચાયતની ફરજ એ છે કે તે લોકોની તંદુરસ્તી જળવાય, રસ્તાઓની સગવડ મળે, સ્વચ્છતા જળવાય, ભાઈચારાની ભાવના કેળવાય, તેવા પ્રયત્નો કરવા જોઈએ. જાનવરો માટેની યોગ્ય વ્યવસ્થા હોય જેમાં તેમને જમવાનું મળે. જાતિભેદ ન હોય. નિયમ પ્રમાણે પુખ્ત વયના દરેક સ્ત્રી-પુરૂષો દર વર્ષે પાંચ વ્યક્તિની એક પંચાયતને ચુંટી કાઢે જે ગામની સરકાર તરીકે ગામના બધા જાહેર કાર્યો કરે તેવી રજૂઆત ગાંધીજીએ કરી હતી. આ પંચાયતે જરૂરી બધી સત્તા અને અધિકાર આપવાની વાત પણ તેમણે કરી હતી. બે પંચાયતોની તેમનામાંથી ચૂંટી કાઢેલા એક નેતાની દોરવણી નીચે કાર્ય કરનારી એક મંડળી બને. આવી સો પંચાયતો બને ત્યારે પ્રથમ કક્ષાના પચાસ નેતાઓ પોતાનામાંથી એક

બીજી કક્ષાનો નેતા ચૂંટે અને એ રીતે પહેલી કક્ષાના આગેવાનો બીજી કક્ષાના આગેવાનોની દોરવણી નીચે કાર્ય કરે. આખું હિંદ આવરી લેવામાં આવે ત્યાં સુધી બસ્સો પંચાયતોના આવાં જોડકા રચવામાં આવે અને રચાતું પંચાયતોનું પ્રત્યેક જુથ પહેલાંની જેમ બીજી કક્ષાનો નેતા ચૂંટે. બીજી કક્ષાના નેતાઓ સમગ્ર હિંદ માટે એકત્ર રીતે કામ કરે અને પોતપોતાના પ્રદેશોમાં અલગ-અલગ કાર્ય કરે. તેમને જયારે પણ જરૂર લાગે ત્યારે બીજી કક્ષાના નેતાઓ પોતાનામાંથી એક વડો ચૂંટી કાઢે. તે તેને ચૂંટનારાઓ ઇચ્છે ત્યાં સુધી બધા જુથોને વ્યવસ્થિત કરે તેમજ તેમને દોરવણી આપે. આમ, પંચાયત રાજ અંગે ગાંધીજીના વિચારો આ પ્રકારના હતા.

### 4.4.12 પાયાની કેળવણી

ગાંધીજીના મતે કેળવણી એટલે બાળક કે મનુષ્યના શરીર, મન અને આત્મામાં જે ઉત્તમ અંશો હોય તેનો સર્વાંગી વિકાસ સાધીને તેને બહાર લાવવું. અક્ષરજ્ઞાન એ કેળવણીનું ધ્યેય નથી તેમ તેનો આરંભ પણ નથી. તે સ્ત્રી અને પુરૂષને કેળવણી આપવા પૈકીનું એક સાધન માત્ર છે. અક્ષરજ્ઞાન એ સ્વતંત્રપણે કંઇ કેળવણી નથી. બાળકની કેળવણીનો આરંભ તેને ઉપયોગી હોય તેવા હાથ ઉદ્યોગ શીખવીને કરવો જોઇએ જેથી નવું કંઇક સર્જન કરતાં તે શીખે. આ રીતે દરેક શાળા સ્વાવલંબી થઇ શકે. ગાંધીજી આ સાથે એવું પણ માનતા હતા કે આ શાળાઓએ તૈયાર કરેલી ચીજો રાજયે ખરીદી લેવી જોઇએ. ગાંધીજી બુનિયાદી શિક્ષણના હિમાયતી હતા. બુનિયાદી શિક્ષણનો અર્થ સામાન્ય રીતે એવો થાય છે કે હાથકામના કોઇ હુનર મારફતે કેળવણી આપવી. તેવો શિક્ષણ માતૃભાષામાં આપવાના આગ્રહી હતા. કેળવણીનો એક ઉદ્દેશ્ય ચારિત્ર્ય ઘડતરનો પણ થાય છે. રોજગારલક્ષી શિક્ષણ બાળકોને આપવું જોઇએ તેવું તેવો માનતા હતા. ગાંધીજીએ કહ્યું છે કે ''હું માનું છું કે કેળવણી ફરજિયાત અને મફત હોવી જોઇએ પણ બાળકોને ઉપયોગી ઉદ્યોગ આપી તે મારફતે જ તેમના મન અને શરીર કેળવાવા જોઇએ'' ગાંધીજીના મતે કેળવણી એટલે માત્ર ભણતર નહિ પરંતુ ઘડતર પણ છે. કેળવણી એટલે જીવન જીવવા માટેની સાધના. ગાંધીજે આત્મકેળવણી અને રાષ્ટ્રીય કેળવણી વિદ્યાર્થીઓને આપવાના હિમાયતી હતાં.

આમ, ગાંધીજીએ આ ઉપરાંત ખેતી અને પશુપાલન, ખાદી અને કાંતણ, બીજા ગ્રામ ઉદ્યોગો, ગામડાનો વાહન વ્યવહાર, નાણું, વિનિમય અને કર, ગ્રામ સફાઈ, ગામડાનું આરોગ્ય, ખોરાક, ગ્રામ સંરક્ષણ, ગ્રામ સેવક, સરકાર અને ગામડા વિશે પોતાના વિચારો વ્યક્ત કરેલા છે.

ગાંધીજીએ ગ્રામ સ્વરાજના ચિત્રની જે કલ્પના કરી હતી તે રામ રાજયની સ્થાપના સમાન હતી. ગાંધીજી ભારતમાં ખરા અર્થમાં લોકશાહી સ્થપાય તેમ ઇચ્છતા હતા. સત્તા તે માટેનું સાધન છે. સાચી રાજકીય વ્યવસ્થાનું અંતિમ ચાલક બળ વ્યક્તિ છે. ગાંધીજીના સ્વપ્નની ગ્રામ વ્યવસ્થામાં ગ્રામ સેવકનું સ્થાન ચાવીરૂપ હતું. ગ્રામ સ્વરાજમાં અંતિમ સત્તા વ્યક્તિની હશે.

## 4.5 ગ્રામ સ્વરાજ માટે સાધન શુધ્ધિ અને સત્યાગ્રહનો વિચાર

ગાંધીજી દ્રઢપણે માનતા હતા કે ગ્રામસ્વરાજ એટલે એવું સ્વરાજ જેમાં અંતિમ સત્તા વ્યક્તિની હોય. ગ્રામસ્વરાજ માનવકેન્દ્રી, શોષણમુક્ત વિકેન્દ્રીત સાદી અર્થવ્યવસ્થા છે તેમ તેઓ માનતા હતા. ગ્રામસ્વરાજની કલ્પના સિધ્ધ કરવા માટે તેઓ સાધન શુધ્ધિનો આગ્રહ પણ રાખતા હતા. સાધન તરીકે તેઓ સત્યાગ્રહનો આગ્રહ રાખતા હતા. સત્યાગ્રહ એટલે સત્ય અને શાંતિથી નીપજતા બળનું નામ. ગાંધીજીની દષ્ટિએ રાજકીય સત્તા એ સાધ્ય નહીં પણ

સાધન માત્ર છે. લોકોના વિકાસ માટે સત્તાનો ઉપયોગ થવો જોઇએ. સત્યાગ્રહ એ સર્વધારી તલવાર છે. તે લોહી કાઢતી ન હોવા છતાં પરિણામ લાવે છે. ગાંધીજી માનતા હતા કે "મારો ચોખ્ખો મત છે કે નિઃશસ્ત્ર પ્રતિકાર કઠોરમાં કઠોર હૃદયને પણ પીગળાવી નાખે છે. આ એક ઉત્તમ અને અસરકારક ઉપચાર છે. આ એક અત્યંત શુધ્ધ શસ્ત્ર છે. આ નબળી વ્યક્તિનું શસ્ત્ર નથી. શારીરિક પ્રતિકાર કરવાવાળાં કરતાં નિઃશસ્ત્ર પ્રતિકાર કરવાવાળામાં ઘણું સાહસ હોવુ જોઇએ."

સત્યાગ્રહ નાગરિકનો એક જન્મસિધ્ધ હક્ક છે. સત્યાગ્રહી સમાજમાં કાયદાને માન આપતો હોવો જોઈએ. સત્યાગ્રહ માટે અનિવાર્ય શરત હિંસાનો ત્યાગ છે. સત્યાગ્રહની ખૂબી છે કે તે આપણી પાસે આવે છે, તેને આપણે શોધવા જવું પડતું નથી. સત્ય અને અહિંસાથી દુનિયાને વશ કરી શકાય છે અને સત્યાગ્રહ એ મૂળમાં પ્રજાજીવનમાં સત્ય અને અહિંસાનો પ્રવેશ કરાવવાનો પ્રયત્ન છે. તેવું ગાંધીજી માનતા હતા. ગાંધીજી જણાવે છે કે સત્યાગ્રહ એટલે સંપૂર્ણ આત્મવિલોપન, અત્યંત દીનતા, અતિશય ધીરજ અને જવલંત શ્રધ્ધા. સત્યાગ્રહ જેવું બીજુ બળ દુનિયામાં એકપણ નથી. સત્યાગ્રહમાં નમ્રતા હોય છે. સત્યાગ્રહ કદી કોઇના પર પ્રહાર કરતો નથી. હિંસાનો સંપૂર્ણ ત્યાગ કરીને જ સત્યાગ્રહ અપનાવી શકાય છે. સત્યાગ્રહની લડત કાયર માટે નહીં પરંતુ આત્મબળ ધરાવતા લોકો માટે છે તેવું ગાંધીજી માનતા હતા. ગાંધીજીએ સત્યાગ્રહની સફળતા માટે શરતો જણાવી છે. જે નીચે મુજબ છે.

1. સત્યાગ્રહી પોતાના દિલમાં વિરોધીની સામે કોઇ જાતનું વેર ન રાખે.
2. સત્યાગ્રહનો મુદ્દો સાચો અને સંગીન હોય.
3. પોતાના કાર્યને માટે છેવટ સુધી સહન કરવા સત્યાગ્રહી તૈયાર હોવો જોઇએ.

ગાંધીજીએ ઉપવાસને સત્યાગ્રહનું એક મહાશક્તિશાળી એવું શસ્ત્ર ગણ્યું છે. એટલે કે ઉપવાસ એ સત્યાગ્રહનું એક પવિત્ર સાધન છે.

ગાંધીજીએ સત્યાગ્રહીની લાયકાત વિશે પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. જેમ કે-

1. ઈશ્વર ઉપર અતૂટ શ્રધ્ધા હોવી જોઇએ.
2. સત્ય, અહિંસામાં આસ્થા હોવી જોઇએ.
3. શુધ્ધ જીવન જીવનાર હોય અને પોતાના કાર્ય માટે સર્વસ્વનું ખુશીથી બલિદાન આપવા તૈયાર હોવો જોઇએ.
4. તે ખાદીધારી અને ખાદીપ્રેમી હોય.
5. વ્યસન ન હોવું જોઇએ.
6. શિસ્તના નિયમોનું ચીવટપૂર્વક પાલન કરનાર હોય.
7. જેલના નિયમોનુ પાલન કરનાર હોય. સિવાયકે આ નિયમો પોતાના માનભંગ વિરૂધ્ધના હોય.

આમ, સત્યાગ્રહી પાસે ઉપરોક્ત અપેક્ષાઓ રાખવામાં આવી છે. ગાંધીજીના મતે સત્યના બે પ્રકાર છે.

- સાધન કે વ્રતરૂપે મર્યાદિત સત્ય.
- સાધ્યરૂપ શુધ્ધ અને નિરપેક્ષ સત્ય કે જે પૂર્ણ છે અને દેશકાળથી પર છે. આ શુધ્ધ અને પૂર્ણ સત્યને જ ગાંધીજી ઈશ્વર કહેતા અને દેહધારીને માટે એનું પૂર્ણ દર્શન અશક્ય છે

એમ માનતા. પરંતુ માણસને જે ક્ષણે જે સત્ય લાગે તેને જો તે અનન્ય નિષ્ઠાપૂર્વક આચરે તો તે પૂર્ણ સત્યની ઝાંખી કરી શકે છે તેવી તેમની શ્રધ્ધા હતી. તેથી જ ગાંધીજી સાધ્યરૂપ નિરપેક્ષ સત્યને બદલે રોજિંદા જીવનમાં અનુભવાતા સત્ય (Truth of Life) પર વિશેષ ભાર મુકતા હતા.

## 4.6 સારાંશ

'ગ્રામ સ્વરાજ' માનવ કેન્દ્રી, શોષણમુક્ત, વિકેન્દ્રીત, સાદી અર્થવ્યવસ્થા છે. જેમાં નાગરિકને રોજગારી મળી રહે, પાયાની જરૂરિયાતો બાબતે તે આત્મનિર્ભર બને. કોઈપણ પ્રકારના ભેદભાવ વગર દરેકને સમાન ગણવામાં આવે. ગાંધીજીએ કલ્પેલ **'ગ્રામ સ્વરાજ'**ના ખ્યાલને ચરિતાર્થ કરવા માટે તેના સિદ્ધાંતોનું વ્યવહારમાં શક્ય હોય તે રીતે અમલીકરણ કરવું જોઈએ. ગાંધીજીની કલ્પનાનું ગ્રામ સ્વરાજ સાચી અને શક્તિશાળી લોકશાહી છે. ગાંધીજી ગ્રામ પંચાયતોની સ્થાપના દ્વારા આર્થિક અને રાજકીય સત્તાનું વિકેન્દ્રીકરણ થાય તેવું ઈચ્છતા હતા. પંચાયતી પધ્ધતિના અમલીકરણમાં વૈજ્ઞાનિક અભિગમ અમલમાં મૂકાવો જોઈએ.

## 4.7 ચાવીરૂપ શબ્દો

**સાધન શુદ્ધિ :** ગાંધીજી સાધન શુદ્ધિના આગ્રહી હતા. તેમના મતે સાધ્ય જેટલું શુદ્ધ કે પવિત્ર હોય છે તેટલું જ શુદ્ધ કે પવિત્ર તેને પ્રાપ્ત કરવા માટેનું સાધન પણ હોવું જોઈએ. બીજા શબ્દોમાં સમજીએ તો સાધન પણ સાધ્ય જેટલું યોગ્ય અને ઉચિત હોવું જોઈએ.

## 4.8 તમારી પ્રગતિ ચકાસો

**(અ) નીચે આપેલ પ્રશ્નનો જવાબ તૈયાર કરો.**

1. ગાંધીજીનો ગ્રામ સ્વરાજનો ખ્યાલ સમજાવી ગ્રામ સ્વરાજના પાયાના સિદ્ધાંતોની સમજૂતિ આપો.

## 4.9 સંદર્ભ સૂચિ

1. शम्भू जोशी, मिथिलेश : गांधी-द्रष्टि के विविध आयाम, राजकमल प्रकाशन, दिल्ली, प्रथम संस्करळ, २०२०.
2. ગાંધીજી : ગ્રામ સ્વરાજ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, પુનઃમુદ્રણ, સપ્ટેમ્બર 2006.
3. આર.કે.પ્રભુ, યૂ.આર. રાવ : મહાત્મા ગાંધીના વિચારો, નેશનલ બુક ટ્રસ્ટ, ઈન્ડિયા, બીજી આવૃત્તિ, 2011.
4. મગનભાઈ જો. પટેલ : ગાંધીજીનું ધર્મદર્શન, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, દ્વિતીય આવૃત્તિ, 2000.
5. ગાંધીજી : મારા સ્વપ્નનું ભારત, નવજીવન પ્રકાશન મંદિર, 13મી આવૃત્તિ, 2016.

**સંપાદક :**

| | |
|---|---|
| **પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય** | નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| **ડૉ. દીપ્તિબા કે. ગોહિલ** | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજયશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ |

**વિષય સલાહકાર સમિતિ (PAC) :**

| | |
|---|---|
| **પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય** | નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| **ડૉ. દીપ્તિબા કે. ગોહિલ** | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજયશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ. |
| **ડૉ. મુકેશ ખટીક** | આસિસ્ટન્ટ પ્રોફેસર અને વિભાગાધ્યક્ષ, રાજયશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| **ડૉ. હિતેશ પટેલ** | આસિસ્ટન્ટ પ્રોફેસર, રાજયશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| **શ્રી હિમાંશુ પટેલ** | પૂર્વ સરપંચ, પૂંસલી, સાબરકાંઠા. |
| **ડૉ. સની વઢવાણિયા** | ઓફિસર ઓન સ્પેશ્યલ ડ્યૂટી-રિસર્ચ એન્ડ એક્ષટેન્શન, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ. |

**પરામર્શક (વિષય):**

| | |
|---|---|
| **ડૉ. ગજેન્દ્ર શુક્લ** | નિવૃત્ત પ્રિન્સીપાલ, મહિલા આર્ટસ કોલેજ, નવસારી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત. |
| **ડૉ. પુષ્પાબહેન મોતિયાની** | નિવૃત્ત ડીન અને અધ્યક્ષ, શાંતિ સંશોધન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |

**લેખક :**

| | |
|---|---|
| **ડૉ. હિતેશ પટેલ** | આસિસ્ટન્ટ પ્રોફેસર, રાજયશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| **ડૉ. દીપ્તિબા કે. ગોહિલ** | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજયશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ. |

**પરામર્શક (ભાષા):**

| | |
|---|---|
| **શ્રી ઘનશ્યામ કે. ગઢવી** | નિવૃત્ત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કોલેજ, મહેસાણા. |


**પ્રકાશન વર્ષ :** આવૃત્તિ-2023

**ISBN:** 978-93-91468-80-4

978-93-91468-80-4

**પ્રકાશક : કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**

**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

ગુજરાતમાં પંચાયતી રાજ
પ્રમાણપત્ર અભ્યાસક્રમ
**CPRG**
PPW -SEC -105

# પેપર 04

## લોકભાગીદારી અને કલ્યાણકારી યોજનાઓ


**એકમ : 01**
**પંચાયતી રાજ અને લોકશાહી વિકેન્દ્રીકરણ** **05**

**એકમ : 02**
**પંચાયતી રાજ અને સંચાલકીય બાબતો** **09**

**એકમ : 03**
**સરકારી જનકલ્યાણકારી યોજનાઓ** **16**

**એકમ : 04**
**પંચાયતી રાજને સફળ બનાવવાના સૂચનો અને ભાવિ** **20**

**પેપર 04**

**લોકભાગીદારી અને કલ્યાણકારી યોજનાઓ**

---

**સર્ટીફિકેટ કોર્ષ ઈન પંચાયતી રાજ ઈન ગુજરાતનું પેપર** 04 કુલ ચાર એકમોમાં વહેંચવામાં આવ્યું છે.

**એકમ 01 પંચાયતી રાજ અને લોકશાહી વિકેન્દ્રીકરણ** વિશે સમજાવવામાં આવ્યું છે. જેમાં લોકશાહી વિકેન્દ્રીકરણનો ખ્યાલ, લોકશાહી વિકેન્દ્રીકરણની જરૂરિયાત, પંચાયતી રાજમાં લોકશાહી વિકેન્દ્રીકરણનું મહત્ત્વ,લોકશાહી વિકેન્દ્રીકરણ કરવા માટેના અવરોધક પરિબળો વિશે જાણશો.

**એકમ 02 પંચાયતી રાજ અને સંચાલકીય બાબતો** વિશે જાણકારી આપે છે. જેમાં અધિકારી અને પદાધિકારીના સંબંધો અંતર્ગત અધિકારી અને પદાધિકારીઓ વચ્ચે ઘર્ષણના કારણો સમજાવવામાં આવ્યા છે. ઉપરાંત સાંસદો-ધારાસભ્યો વિકાસગ્રાન્ટ : કેટલાંક પ્રશ્નો વિશે પણ જાણશો. ઉપરાંત  પંચાયતી રાજ માટેની નાણાંકીય સહાય અંગેના વિવિધ પંચોની સમજૂતિ મેળવશો.

**એકમ 03 સરકારી જનકલ્યાણકારી યોજનાઓ** વિશે જાણકારી આપે છે. ગુજરાત સરકારની જનકલ્યાણકારી યોજનાઓ જેવી કે પ્રધાનમંત્રી ગ્રામીણ આવાસ યોજના, વ્હાલી દિકરી યોજના, મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના, મા અમૃતમ યોજના, સૌર ઊર્જા સંચાલિત સિંચાઈ પમ્પ સેટ્સ યોજના, સરકાર આવાસ યોજના – 2, ચિરંજીવી યોજના, ડૉ. આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના વિશે જાણકારી મેળવશો.

**એકમ 04 પંચાયતી રાજને સફળ બનાવવાના સૂચનો અને ભાવિ** વિશે સમજૂતિ આપે છે. જે અતર્ગત પંચાયતી રાજને સફળ બનાવવાના વિવિધ પ્રકારના સૂચનો આપવામાં આવ્યા છે. જેમ કે, લોકશાહી ભાવનાનો ખરા અર્થમાં વિકાસ, પંચાયતી રાજમાં સ્વયંની ભૂમિકા અંગે સ્પષ્ટ થવું, સ્થાનિક લોકોની સક્રિય ભાગીદારી, ગ્રામ સભાની અસરકારકતા વધારવી, પંચાયતી રાજમાં ભરતી તથા તાલીમ અને અન્ય સંચાલકીય બાબતો, સ્ત્રી સશક્તિકરણ, નાણાંકીય બાબતો, વિવિધ સમિતિઓની ભલામણો, પંચાયતી રાજને લગતા સંશોધનોને પ્રોત્સાહન વગેરેની ચર્ચા કરવામાં આવી છે. આ ઉપરાંત પંચાયતી રાજ અંગેના વિવિધ રાજ્યોના મોડેલો અંતર્ગત આંધ્રપ્રદેશનું પંચાયતી રાજનું મોડેલ, પશ્ચિમ બંગાળનું પંચાયતી રાજનું મોડેલ, મહારાષ્ટ્રનું પંચાયતી રાજનું મોડેલ, ગુજરાતનું પંચાયતી રાજનું મોડેલ સમજાવવામાં આવ્યું છે. એકમના અંતમાં પંચાયતી રાજના ભાવિ વિશે ચર્ચા કરવામાં આવી છે.

# એકમ-1 પંચાયતીરાજ અને લોકશાહી વિકેન્દ્રીકરણ

રૂપરેખા


**1.0 ઉદ્દેશો**

**1.1 પ્રસ્તાવના**

**1.2 લોકશાહી વિકેન્દ્રીકરણનો ખ્યાલ**

**1.3 લોકશાહી વિકેન્દ્રીકરણની જરૂરિયાત**

**1.4 પંચાયતી રાજમાં લોકશાહી વિકેન્દ્રીકરણનું મહત્ત્વ**

**1.5 લોકશાહી વિકેન્દ્રીકરણ કરવા માટેના અવરોધક પરિબળો**

**1.6 સારાંશ**

**1.7 તમારી પ્રગતિ ચકાસો**

**1.8 સંદર્ભ સૂચિ**


## 1.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસથી તમે નીચેની બાબતોથી માહિતગાર થશો.

- તમે લોકશાહી વિકેન્દ્રીકરણનો ખ્યાલ સમજશો.
- તમે લોકશાહી વિકેન્દ્રીકરણની જરૂરિયાત જાણશો.
- લોકશાહી વિકેન્દ્રીકરણનું પંચાયતીરાજમાં મહત્ત્વ સમજશો.
- લોકશાહી વિકેન્દ્રીકરણ કરવા માટેના અવરોધક પરિબળોથી માહિતગાર બનશો.

## 1.1 પ્રસ્તાવના

આ એકમમાં પંચાયતીરાજ સંબંધિત લોકશાહી વિકેન્દ્રીકરણને સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. વિકેન્દ્રીકરણ શબ્દને સત્તા અથવા અધિકારની સોંપણી, પ્રતિનિધાન વગેરે શબ્દ સાથે જોડી વાપરવામાં આવતો હોય છે. વિકેન્દ્રીકરણનું એક સ્વરૂપ સત્તા અથવા અધિકારના પ્રતિનિધાનનું પણ છે. પંચાયતીરાજમાં લોકશાહી વિકેન્દ્રીકરણનો ખ્યાલ, તેની જરૂરિયાતો, મહત્ત્વ અને અવરોધક પરિબળોની ચર્ચા આ એકમમાં કરવામાં આવી છે.

## 1.2 લોકશાહી વિકેન્દ્રીકરણનો ખ્યાલ

લોકશાહી વિકેન્દ્રીકરણ એટલે સત્તા, કાર્યો અને જવાબદારીઓનું વિકેન્દ્રીકરણ. જુદાં-જુદાં વિદ્વાનો દ્વારા તેની વ્યાખ્યા નીચે મુજબ આપવામાં આવી છે.

લૂઈસ એ. એલન વિકેન્દ્રીકરણ માટે જણાવે છે કે

"વ્યાવસાયિક સંચાલનની કળા અને શાસ્ત્રના લક્ષણો ધરાવતી અત્યંત ગૂંચવાડા ભરેલી વહીવટી પદ્ધતિ તરીકે વર્ણવે છે."

વિકેન્દ્રીકરણ કેવળ વહીવટી સત્તાની વહેંચણી જ નથી પરંતુ રાજકીય સત્તાની સોંપણીની લોકશાહી પદ્ધતિ પણ છે. સામાન્ય રીતે વિકેન્દ્રીકરણના મુખ્ય ચાર પ્રકારો છે.

વહીવટી, કાર્યલક્ષી, રાજકીય અને ભૌગોલિક. પંચાયતીરાજનો સ્વીકાર કરીને લોકશાહી વિકેન્દ્રીકરણની પ્રક્રિયાને વેગ મળ્યો છે. જિલ્લા સ્તરે, તાલુકા સ્તરે અને ગ્રામીણ સ્તરે સત્તા અને જવાબદારીની વહેંચણી થયેલી છે. આ પ્રકારનું વિકેન્દ્રીકરણ કરવાથી લોકભાગીદારી શક્ય બને છે.

## 1.3 લોકશાહી વિકેન્દ્રીકરણની જરૂરિયાત

લોકશાહી વિકેન્દ્રીકરણની જરૂરિયાત નીચે મુજબ છે.

- લોકભાગીદારીમાં વધારો કરવા માટે
- વહીવટને લોકાભિમુખ કરવા માટે
- પંચાયતીરાજ ની સંસ્થાઓમાં સત્તા અને કાર્યો તથા જવાબદારીનું વિભાજન કરી સ્થાનિક વિકાસના કાર્યોને વેગ આપવા માટે
- કેન્દ્ર સરકારનો કાર્યબોજ હળવો કરવા માટે લોકશાહી વિકેન્દ્રીકરણ આવશ્યક છે.
- રાજ્ય સરકારના આયોજનને અમલમાં મૂકવા માટે પંચાયતીરાજમાં લોકશાહી વિકેન્દ્રીકરણ થવું આવશ્યક છે.
- વિકાસલક્ષી આયોજન અને સંચાલનમાં લોકભાગીદારી માટે લોકશાહી વિકેન્દ્રીકરણ જરૂરી છે.
- સ્થાનિક પ્રશ્નોનો ઉકેલ ઝડપથી લાવવા માટે અને પ્રાથમિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે લોકશાહી વિકેન્દ્રીકરણ જરૂરી છે.
- કાર્યક્ષમ વહીવટ માટે લોકશાહી વિકેન્દ્રીકરણ જરૂરી છે.
- રાજકીય વિકેન્દ્રીકરણ થકી સ્થાનિક સરકારો વધુ અસરકારક રીતે કાર્ય કરી શકે છે.
- વહીવટી વિકેન્દ્રીકરણ પાછળનું પ્રેરકબળ કાર્યક્ષમતા છે. સ્થાનિક સ્તર સુધી પ્રશ્નોને હલ કરવાનું શક્ય બને છે.

લોકોની ભાગીદારી એ લોકશાહીનો મુખ્ય આધાર છે. આ લોકભાગીદારી જેટલી સક્રિય, રચનાત્મક અને બુદ્ધિગમ્ય હોય તે લોકશાહી માટે આદર્શની સ્થિતિ ગણાવી શકાય છે. સરકાર અને પ્રજા વચ્ચેનું કડીરૂપ માધ્યમ લોકશાહી વિકેન્દ્રીકરણ છે. સત્તાની સોંપણી દ્વારા સ્થાનિક કક્ષાએ સરકારોને કે સંસ્થાઓને રાજકીય નિર્ણયો લેવાની, તેનો અમલ કરવાના રસ્તાઓ વિચારવાની, નાણાકીય સંચાલનની, વહીવટને કાર્યદક્ષ બનાવવાની સ્વાયતત્તા આપવામાં આવે છે.

વિકેન્દ્રીકરણ કરવામાં આવેલી સત્તાનો ઉપયોગ લોકો દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે એટલે કે તેમના દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવે છે. લોકશાહી વિકેન્દ્રીકરણ એ એક રાજકીય આદર્શ છે અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ તેનું સંસ્થાકીય સ્વરૂપ છે. ભારતમાં લોકશાહી વિકેન્દ્રીકરણનું સંસ્થાકીય માળખું પંચાયતીરાજ સંસ્થાઓ દ્વારા રચવામાં આવ્યું છે.

## 1.4 પંચાયતીરાજ માં લોકશાહી વિકેન્દ્રીકરણનું મહત્ત્વ

પંચાયતીરાજ વ્યવસ્થામાં વિવિધ સ્તરો એટલે કે જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય સ્તર પર પ્રજા દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ કાર્યરત હોય છે.આ લોક પ્રતિનિધિઓ સ્થાનિક પ્રજાની ઈચ્છા અને મહત્ત્વકાંક્ષાઓનો પડઘો પાડે છે. સ્થાનિક વિકાસના કાર્યોને વેગ આપવા માટે પંચાયતીરાજ માં લોકશાહી વિકેન્દ્રીકરણનો ખ્યાલ સ્વીકારવામાં આવ્યો છે. ગ્રામ પંચાયત એ પાયાનું એકમ

છે. સરપંચ, ઉપસરપંચ અને ગ્રામ પંચાયતના સભ્યો વચ્ચે જવાબદારી વહેંચાયેલી છે. દરેક પોત-પોતાના કાર્યો સારી રીતે બજાવે તો પંચાયતીરાજ નો મુખ્ય હેતુ પૂર્ણ થાય. તેવી જ રીતે તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતમાં પ્રમુખો, ઉપપ્રમુખો અને સભ્યો લોકપ્રતિનિધિ છે. જુદી-જુદી સમિતિઓ જેમ કે સામાજિક ન્યાય સમિતિ, કારોબારી સમિતિ, આરોગ્ય, શિક્ષણ અને બાંધકામ સંબંધિત સમિતિઓ વગેરે હોય છે. દરેક સમિતિ ચોક્કસ ઉદ્દેશ સાથે કાર્ય કરે છે. તે માટે પોતાના કાર્યકાળમાં એજન્ડાઓ નિશ્ચિત કરીને વિકાસલક્ષી કાર્યોનું આયોજન કરે છે. તેના અમલીકરણ માટે પ્રયત્નો હાથ ધરે છે. જરૂર પડે ત્યાં અન્ય સમિતિ કે ઉપરી કક્ષા સાથે સંકલન અને સહકારી અભિગમ ધરાવી કાર્ય કરે છે. આ પ્રકારની વ્યવસ્થા વહીવટમાં સરળતા, સુગમતા લાવે છે. સુશાસન માટે લોકશાહી વિકેન્દ્રીકરણ આવશ્યક છે. ઇ-શાસન જેવાં ખ્યાલો આધુનિક સમયમાં વિકેન્દ્રીકરણના ખ્યાલને વધુ બળવાન બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યાં છે.

લોકોની સહભાગીતામાં સતત વધારો કરવા માટે, વહીવટને લોકાભિમુખ કરવા માટે લોકશાહી વિકેન્દ્રીકરણનું મહત્ત્વ સવિશેષ છે.

## 1.5 લોકશાહી વિકેન્દ્રીકરણ કરવા માટેના અવરોધક પરિબળો

લોકશાહી વિકેન્દ્રીકરણના આદર્શને અમલમાં મૂકવા માટે પંચાયતીરાજ માં ઘણા અવરોધોનો સામનો કરવો પડે છે. મુખ્યત્વે નીચે મુજબના છે.

- સંકલનનો પ્રશ્ન
- પોતાની ‘ભૂમિકા’ શું તે બાબતે અસ્પષ્ટતા
- વહીવટી પ્રશ્નો
- સંવહનના પ્રશ્નો
- સક્ષમ નેતાગીરીનો અભાવ

ઉપરોક્ત અવરોધક પરિબળો હોવા છતાં પંચાયતીરાજ વ્યવસ્થામાં લોકભાગીદારી વધી રહી છે. સમગ્ર પ્રક્રિયામાં છેવટનું ધ્યેય તો લોકોની નિર્ણય પ્રક્રિયામાં ભાગીદારી અને સામેલગીરીનું છે. યોગ્ય માળખાનો વિકાસ કરીને યુવા નેતૃત્વને પ્રોત્સાહિત કરીને લોકોનું વધુને વધુ લોકશાહી ઢબે રાજકીયકરણ કરીને લોકોને વિકાસલક્ષી ગતિવિધિઓ સામેલ કરીને લોકશાહી વિકેન્દ્રીકરણના ખ્યાલને વાસ્તવમાં ચરિતાર્થ કરી શકાય છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના માધ્યમ થકી તે શક્ય છે. ગ્રામીણ વિકાસના કાર્યોને વેગ આપવા માટે લોકશાહી વિકેન્દ્રીકરણ અતિ આવશ્યક છે.

## 1.6 સારાંશ

આ એકમમાં તમે લોકશાહી વિકેન્દ્રીકરણનો અર્થ સમજ્યા છો. આ સાથે તમે લોકશાહી વિકેન્દ્રીકરણની વિવિધ જરૂરિયાતોની પણ સમજ મેળવી. પંચાયતીરાજ વ્યવસ્થામાં લોકશાહી વિકેન્દ્રીકરણનું મહત્ત્વ અને તેના અવરોધક પરિબળોનો અભ્યાસ તમે કર્યો છે. ટૂંકમાં પંચાયતીરાજ માં લોકશાહી વિકેન્દ્રીકરણના ખ્યાલને વાસ્તવમાં ચરિતાર્થ કરવો હોય તો લોકોની ભાગીદારી તેની પૂર્વ શરત છે. વહીવટી અને અન્ય બાબતો પણ આ સાથે ઘણી અગત્યની છે. સહિયારી જવાબદારીની ભાવનાથી આ આદર્શ સિદ્ધ થઈ શકે છે.

## 1.7 તમારી પ્રગતિ ચકાસો

**(અ) નીચે આપેલ પ્રશ્નનો વિગતવાર જવાબ આપો.**

1. લોકશાહી વિકેન્દ્રીકરણનો ખ્યાલ સમજાવી તેની જરૂરિયાતો, મહત્ત્વ અને અવરોધક પરિબળોની વિગતવાર ચર્ચા કરો.

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

## 1.8 સંદર્ભ સૂચિ

1. EPA-02, બ્લોક 06 ઉદ્દભવતા પ્રશ્નો, ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ, 1989.
2. EPA-03, બ્લોક 05 વિકેન્દ્રીકરણ અને વિકાસ, ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ, 1992.
3. S. N. Mishra, Shweta Mishra, Chaitali Pal : Decentralised Planning and Panchayati Raj, Mittal Publications, New Delhi, India, First Edition, 2000.

# એકમ-2 પંચાયતી રાજ અને સંચાલકીય બાબતો

## રૂપરેખા


2.0 ઉદ્દેશો

2.1 પ્રસ્તાવના

2.2 અધિકારી અને પદાધિકારીના સંબંધો

2.2.1 અધિકારી અને પદાધિકારીઓ વચ્ચે ઘર્ષણના કારણો

2.3 સાંસદો-ધારાસભ્યો વિકાસગ્રાન્ટ : કેટલાંક પ્રશ્નો

2.4 પંચાયતી રાજ માટેનું નાણાંકીય આયોજન

2.4.1 પંચાયતો માટેના નાણાંકીય સહાય અંગેના વિવિધ પંચો

2.5 સારાંશ

2.6 તમારી પ્રગતિ ચકાસો

2.7 સંદર્ભ સૂચિ


## 2.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસથી વિદ્યાર્થી નીચેની વિગતોથી માહિતગાર બનશે.

- પંચાયતી રાજ અતર્ગત અધિકારી અને પદાધિકારીઓ વચ્ના સંબંધો, ઘર્ષણના કારણો જાણશે.
- સાંસદો-ધારાસભ્યો વિકાસ ગ્રાન્ટ અંગેના કેટલાંક પ્રશ્નો વિશે માહિતી મેળવશો.
- પંચાયતી રાજ માટેનું નાણાકીય આયોજન સંબધિત બાબતોની સમજ મેળવશો.

## 2.1 પ્રસ્તાવના

લોકશાહીમાં જનતાને પોતાના પ્રતિનિધિઓ અંગે વિગતવાર જાણવાનો અધિકાર હવે તો સર્વોચ્ચ અદાલતે પણ માન્ય કર્યો છે. 02/05/2002ના રોજ આપવામાં આવેલા ઐતિહાસિક ચુકાદામાં સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ આદેશ કર્યો છે કે ગ્રામપંચાયતથી લઇને લોકસભા-રાજયસભા અને રાજયોની વિધાનસભાઓની ચૂંટણી પ્રક્રિયા ન્યાયી નિષ્પક્ષ અને પારદર્શક પદ્ધતિ દ્વારા થવી જોઇએ તે જવાબદારી ચૂંટણી પંચની છે.

પંચાયતીરાજમાં સરપંચ એ ગામડાના સ્તરે પાયારૂપ છે. તેની ભૂમિકા મહત્ત્વની છે. પંચાયતીરાજને સફળ અથવા નિષ્ફળ બનાવવામાં સરપંચની ભૂમિકા ખૂબ નિર્ણાયક માનવામાં આવે છે. જો પંચાયતીરાજ દ્વારા ગામમાં વિશ્વાસનું વાતાવરણ ઊભું કરવામાં આવે તો તે ગામ રાજયમાં નમૂનારૂપ ભૂમિકા ભજવી શકે તેમ છે. સરપંચ સફળ ત્યારે થાય જયારે ગામલોકો તેનામાં વિશ્વાસ મૂકતાં થાય. એ માટે જરૂરી છે કે સરપંચ પોતે પણ રાજ્યસરકાર તથા કેન્દ્રની સરકારની જન કલ્યાણકારી યોજનાઓથી માહિતગાર હોય અને તેનો યોગ્ય લાભ પોતાના ગ્રામવાસીઓને અપાવી શકે.

આ અભ્યાસક્રમનો હેતુ ગામડાની જનતા પંચાયતીરાજ અને પોતાના ચૂંટાયેલા પ્રતિનિધીઓ વિશેની માહિતી મેળવે તથા ચૂંટાયેલા જનપ્રતિનીધીઓ સરકારની વિભિન્ન પ્રકારની જનકલ્યાણકારી યોજનાઓની માહિતગાર બને તથા અન્ય તાલુકાઓમાં પણ આવી કામગીરી હાથ ધરાશે. લોકશાહીની સફળતાનો આધાર આખરે તો જનતાની જાગૃતિ પર રહેલો છે અને ગ્રામ્ય સ્તરે જેટલા પ્રમાણમાં આવી જાગૃતિ જેટલા પ્રમાણમાં વધુ તેટલા પ્રમાણમાં લોકશાહી સફળ બની શકે છે.

## 2.2 અધિકારી અને પદાધિકારીના સંબંધો

પંચાયતીરાજમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં અધિકારીઓ અને પદાધિકારીઓનાં સંબંધોના પ્રશ્નો નવી ભૂમિકા પૂરી પાડે છે. હેની મેડિક કહે છે કે "આ સંબધોમાં પ્રજાના પ્રતિનિધિઓ લોકોની ઈચ્છા પ્રમાણે વહીવટ ચલાવવામાં અધિકારીઓને સલાહ સૂચન આપે. પરંતુ જે નીતિ નક્કી થાય તેનો અમલ કરવાનું કામ તો અધિકારીઓ પાસે જ રહે છે. આ આદર્શ પરિસ્થિતિ થઇ કહેવાય."

કેન્દ્ર તથા રાજ્ય સરકારોનાં સનદી અધિકારીઓ રાજકીય નેતાઓનાં પ્રભાવમાં સહજ રીતે આવતા નથી. પરંતુ પંચાયતીરાજમાં આવું બનતું નથી. પરિણામે પંચાયતરાજનાં અધિકારીઓ ગ્રામીણ કક્ષાના નેતાઓ અને પ્રજાનાં સીધા સંપર્કમાં આવતાં હોય છે. પરિણામે અધિકારીઓ અને ચૂંટાયેલા પદાધિકારીઓ એકબીજા પર પ્રભાવ પાડવાનું રાજકારણ શરૂ કરે છે. પરીણામ સ્વરૂપે તેમનાં સંબંધો તનાવભર્યા બને છે.

શ્રી આઇ.એચ. ખાન લખે છે કે "Political pressure tends to be more intensive at the lower levels, as individual staves in administrative decisions become more direct and clear and so, maintaining correct and cordial relations with non-official without violating the rules as prescribed by government, is more difficult in panchayati raj institutions than in the comparatively refined atmosphere of state or central institutions."

અધિકારી અને પદાધિકારીઓ વચ્ચેના સંબંધો ઉપર જ પંચાયતીરાજની સફળતાનો આધાર રહેલો છે. તેમણે સાથે મળીને કાર્ય કરીને જ લોકતંત્રનો વ્યાપને વધારવાનો છે. સમાજમાં દેશમાં રાજ્યમાં આર્થિક, સામાજીક અને રાજકીય સમાનતા લાવવાની છે.

પંચાયત વિભાગની પોતાની કેડર પણ હોય છે અને ઘણાં અધિકારીઓ રાજ્યસેવામાંથી ડેપ્યુટેશન પર પણ આવતાં હોય છે. પંચાયતરાજનાં અધિકારીઓએ એ ન ભૂલવું જોઇએ કે ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ ભલે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલાં ન હોય કે સરકારી યોજનાઓથી માહિતગાર ન હોય પરંતુ તેઓ ગ્રામીણકક્ષાએ લોકોનાં દુઃખ સમસ્યાઓને દૂર કરવાનાં દ્રઢ નિશ્ચય સાથે જાહેર જીવનમાં આવે છે. તેમનામાં કંઇક નવું શીખીને સ્થાનિક લોકોની સેવા કરવાની ભાવનાથી પ્રેરિત હોય છે. માટે અધિકારીઓએ તેમને સાથે રાખીને વિકાસનાં કાર્યમાં જોડાવું જોઇએ અને સુમેળભર્યા સંબંધો રાખવાં જોઇએ.

### 2.2 .1 અધિકારી અને પદાધિકારીઓ વચ્ચે ઘર્ષણના કારણો

**1. દરરોજ કામકાજમાં વધારે સત્તાની માગણી :**

પંચાયતીરાજનાં દરરોજનાં વહીવટની સંચાલનની જવાબદારી અધિકારીઓની ગણાય છે. પદાધિકારીઓ નીતિ વિષયક નિર્ણયો લે છે.અને તેના અમલનું કામ જે તે અધિકારીઓ સંભાળી લે છે. જરૂર પડે પદાધિકારીઓ સલાહ-સૂચનો-માર્ગદર્શન આપી શકે છે. પરંતુ જયારે પદાધિકારીઓ દરરોજના સામાન્ય વહીવટમાં દખલ કરે છે ત્યારે સંઘર્ષ ઉત્પન્ન થાય છે.

**2. નિમણૂક અને બદલી :**

અધિકારીઓ અને પદાધિકારીઓ ઘર્ષણનો બીજો મુદ્દો કર્મચારીઓની નિમણૂક અને બદલી અંગેનો છે. દા.ત. ઘણીવાર જીલ્લા પરિષદનીશિક્ષણ સમિતિએ ખાસ કરીને પ્રાથમિક શિક્ષકોની નિમણૂક, બદલી અને બઢતીની બાબતમાં ઘણો રસ દર્શાવ્યો જોવા મળે છે. ગુજરાતમાં માનનીય શ્રી ઝીણાભાઇ દરજી કમિટી(1973)નીદ્વારા પણ આ પ્રકારની ફરિયાદ જોવા મળી છે. તેનાં અધિકારીઓ અને પદાધિકારીઓ વચ્ચેનું ઘર્ષણ તાલુકા કક્ષાએ વિશેષ જોવા મળે છે. તાજેતરમાં ગુજરાતના એક જિલ્લામાં ડી.ડી.ઓ અને જિલ્લા પ્રમુખની વચ્ચે પણ આવો કિસ્સો બન્યો હોવાનું જાણવા મળ્યું છે.

**3. સીધો કાબૂ :**

ઘણાં પ્રસગો એવા પણ બન્યા છે કે જેમાં જિલ્લા પંચાયતનાં પ્રમુદ દ્વારા સમગ્ર વહીવટીતંત્ર પર પોતાનો સીધો કાબૂ પ્રસ્થાપિત કરવાનાં પ્રયત્નો કરવામાં આવે છે અને પોતાના રાજકીય પ્રભાવનો ઉપયોગ કરીને તાલુકા કક્ષા સુધી પોતાનો વ્યાપ વધારવાનાં પ્રયત્નો થાય છે. અધિકારીઓ દ્વારા નિયમો અનુસાર વહીવટીકાર્યો કરવાનો આગ્રહ રાખવામાં આવે છે અને ઘર્ષણ થાય છે.

**4. વિશ્વાસનો અભાવ :**

અધિકારીઓ અને પદાધિકારીઓ વચ્ચે હજુ પણ જોઇએ તેવો વિશ્વાસ નિર્માણ થઇ શક્યો નથી. રામમૂર્તિ કમિટીએ પણ ટકોર કરી છે કે સરકારી કર્મચારીઓ પંચાયતીરાજની સંસ્થાઓના આદેશનો અમલ નહી કરે તેવી નીતિ રાખવી અસ્થાને છે. લોકશાહી અને કાર્યદક્ષ વહીવટીતંત્રનાં લાભ માટે આપણે એવી પરિસ્થિતિનું નિર્માણ કરીએ જેથી મુખ્ય વહીવટી અધિકારીને ભય કે લાલચ સિવાય નિર્ણય લેવાનું શક્ય બને. દરજી કમિટીએ માર્મિક રીતે કહ્યું છે કે સરકારી અધિકારીઓનું જાહેરમાં અપમાન થાય તો ભાગ્યે જ પરસ્પર વિશ્વાસ સંપાદન કરી શકાય.

**5. અન્ય કારણ :**

આ પ્રકારનું ઘર્ષણ અનિવાર્ય નથી તે તો સ્વયં સ્પષ્ટ છે. જો ઘર્ષણના મૂળમાં રહેલાં કારણો દૂર કરવામાં આવે તો પરિસ્થિતિ ઘણી હળવી બની શકે છે. સાથે સાથે પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓને સરકારની કલ્યાણકારી યોજનાઓ તથા તેમનાં અધિકારો અને ફરજોને સમજાવીને તથા અધિકારીને તે કેવી રીતે જનપ્રતિનિધિને સાથે લઇને પ્રજાનાં પ્રશ્નો દૂર કરવાના કાર્ય કરી શકે તે માટેનાં પ્રશિક્ષણવર્ગો દ્વારા સુધારો લાવી શકાય.

## 2.3 સાંસદો-ધારાસભ્યો વિકાસગ્રાન્ટ : કેટલાંક પ્રશ્નો

38લાખ લોકપ્રતિનિધીઓ દેશનાં જુદાં-જુદાંરાજયોનાં 4862 સાંસદો અને ધારાસભ્યો,500 જેટલી જિલ્લા પંચાયતો, 6000 તાલુકા પંચાયતો, 2,50,000 ગ્રામ પંચાયતો, 89 મ્યુનિસિપલ કોર્પોરેશનો, 1500 મ્યુનિસિપાલિટીઓ, 1800 જેટલાં બરો મ્યુનિસિપાલિટીઓ સહિતના લોકોએ ચૂંટીને મોકલેલા લભગભગ 38લાખ લોક પ્રતિનિધિઓ છે. ગુજરાત સરકારે દરેક ધારાસભ્યોને પોતાની વિધાનસભા ક્ષેત્રના તેમનાં વિકાસ માટે વાર્ષિક 1 કરોડથી પણ વધારે આપી છે. દર વર્ષે આટલીરકમનાં વિકાસનાં કામો ધારાસભ્ય કહે ત્યાં વહીવટીતંત્ર દ્વારા કરી આપવાનાં તેજ પ્રમાણે દેશનાં સંસદસભ્યોને પણ કરોડો રૂપિયાની ગ્રાન્ટ કેન્દ્ર સરકાર દ્વારા વિકાસ માટે ફાળવવામાં આવે છે.

લોકસભાનાં સભ્યોને આ ગ્રાન્ટની રકમ પોતાના મત વિસ્તારમા યોગ્ય લાગે તે રીતે વાપરવાની છૂટ હોય છે. અલબત નક્કી કરેલા માર્ગદર્શક માપદંડોના આધારે રાજ્યસભાના સભ્ય પોતાની ગ્રાન્ટના ઉપયોગ માટે જિલ્લો પસંદ કરી શકે છે. જયારે રાજ્યસભાના નિયુકત સભ્ય દેશનાં કોઈપણ ભાગમાં એક અથવા વધારે જિલ્લાઓને પોતાની ગ્રાન્ટનાં ઉપયોગ માટે પસંદ કરી શકે છે. આ યોજનાનું વહીવટી મંત્રાલય કેન્દ્રનું આંકડાકીય અને કાર્યક્રમ અમલીકરણ ખાતું છે.

આ યોજના નીચે દરેક સાંસદ જિલ્લા કલેકટરને એક વર્ષમાં 5 કરોડ રૂપિયાના કામોની ભલામણ કરી શકે છે. સામાન્ય રીતે સાંસદની ભલામણ સ્વીકારાતી હોય છે. જો તે ટેકનિકલ રીતે શકય બનતી હોય તો મંત્રાલય મંજુર યોજનાના નાણાં સીધા કલેકટરને સુપરત કરે છે. જેઓ તેનો અમલ સરકારી એજન્સીઓ અથવા પંચાયતીરાજસંસ્થાઓ દ્વારા કરાવે છે. આ કામોમાં ખાનગી કોન્ટ્રાકટરો રોકવામાં આવતા નથી.

કાયમી અસ્કાયમત રૂપે કરાવાતા આ કામો સરકારની માલિકીના થાય છે. સરકારે હાથ ધરી શકવાના 28 કામોની યાદી આપી છે. જેમાં શાળાનાં મકાનો, માર્ગો, નાળા જેવા કાર્યોનો પણ સમાવેશ થાય છે.

સાથે સાથે કયા પ્રકારનાં કામો ન કરી શકાય તેની પણ યાદી છે. જેમાં સરકારી ઓફિસનુ મકાન, ખાનગી સંસ્થાઓના કામો, મરામત યા જાળવણીના કામો, સ્મારકો ઊભા કરવાનાં કામો, જમીન સંપાદનના કામો, વ્યક્તિગત લાભ માટે મિલકતો ઊભી કરવી અને ધાર્મિક સ્થળો બાંધવા વગેરેનો સમાવેશ થાય છે.

એક અહેવાલ પ્રમાણે 16968પૂરા થયેલાં કામોમાંથી 11915કામોમાં ગ્રાન્ટ મળે ત્યારે તે વાપરવાનું સર્ટીફિકેટ કલેકટરો મેળવી શકતા નથી. પરિણામે કરોડો રૂપિયાની ગ્રાન્ટ એજન્સીઓ પાસે વપરાયા વિનાની પડી રહે છે. સરકારનાં નિયમો પ્રમાણે આવી ન વપરાયેલી ગ્રાન્ટ રકમ વર્ષને અંતે કોન્સિવીડેટેડ ફંડમાં પછી જમા થાય છે. માટે પંચાયતીરાજનાં ચૂંટાયેલા જનપ્રતિનિધિએ આવી વિકાસલક્ષી ગ્રાન્ટોનો પ્રજાનાં હિતમાં ઉપયોગ થાય તથા તે માટેની બધી પ્રોસિજર્સનું પાલન થાય તે ધ્યાને રાખવાની જરૂર છે.

કેન્દ્ર અને રાજયોની સરકારો દ્વારા જનપ્રતિનિધિ એવા સાંસદો તથા ધારાસભ્યોને કરોડો રૂપિયા જનતાનાં વિકાસ માટે ગ્રાન્ટ સ્વરૂપે આપવામાં આવે છે. પરંતુ ઘણીવાર નેતાઓ તથા અધિકારીઓ દ્વારા નિયત કાયદાકીય પ્રક્રિયાનું નિયમ પ્રમાણે પાલન કરવામાં આવતું નથી. પરિણામે જે ગ્રાન્ટનો ઉપયોગ લોકોની સુખાકારી અને સમસ્યાઓનાં ઉકેલ માટે વપરાવા જોઇએ તેની જગ્યાએ તે પાછા ચાલ્યા જાય છે માટે પંચાયતી રાજનાં ચૂંટાયેલા જનપ્રતિનિધિઓની પાસે એ અપેક્ષા રાખવામાં આવે છે કે તે સરકારી યોજનાઓનો લાભ છેવાડાનાં લોકો સુધી પહોંચાડે તથા સાંસદ અને ધારાસભ્યોની વિકાસલક્ષી ગ્રાન્ટનો ઉપયોગ પણ યોગ્ય રીતે થાય તે સાચા અર્થમાં વિકાસનાં ફળ છેવાડાનાં નાગરિક સુધી પહોંચી શકે.

## 2.4 પંચાયતીરાજમાટેનું નાણાંકીય આયોજન

ભારતનાં બંધારણનાં આર્ટિકલ 280માં નાણાપંચની રચના કરવા માટેની જોગવાઇ છે. હાલનાં પંદરમાં નાણાંપંચ (Fifteenth Finance Commission) દ્વારા પંચાયતીરાજની સંસ્થાઓ નં 4.36લાખ કરોડ રૂા. સીધા જ આપવામાં આવ્યા છે.

લોકતંત્રને મજબૂત બનાવવા માટે સત્તા અને નાણાંકીય સત્તાનું સાચું વિકેન્દ્રીકરણ થવું જોઇએ. પંચાયતીરાજમાં સ્થાનિક વિકાસનાં કામોમાં કયા કામો પહેલા લેવા તે નિર્ણય પણ સ્થાનિક કક્ષાએ જ થવો જોઇએ.

### 2.4.1 પંચાયતો માટેના નાણાંકીય સહાય અંગેના વિવિધ પંચો

સરકાર દ્વારા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની નાણાંકીય હાલત સુધારવા અનેકવાર પ્રયત્નો કર્યા છે. તેના અનુસંધાનમા ઉચ્ચ કક્ષાનાં કમિશનો અને કમિટીઓ રચી તેનાં અહેવાલો પણ મેળવ્યાં છે.

1. સ્થાનિક નાણાંકીય તપાસ કમિટી,1950,Chairman : P. K. Wattal

   **પંચાયતો અંગેની મુખ્ય ભલામણો :**

   1. દરેક પંચાયતે ઘરવેરો, સફાઇવેરો, મિલકતવેરો નાંખવો.
   2. શ્રમકર મરજીયાત કરવો.
   3. જમીન મહેસૂલનાં 15% પંચાયતને આપવા.
   4. સ્થાવર મિલકતની તબદિલી પર સરચાર્જ નાંખવો.
   5. પ્રાથમિક શિક્ષણની જવાબદારી સરકારે સંભાળવી.
   6. પંચાયતનાં કર્મચારીનાં પગારનો 314હિસ્સો સરકારે ભોગવવો.
   7. પંચાયતોને રાજ્ય સરકારની માલિકીની જમીનનો ઉપયોગ કરવાનો હક હોવો જોઇએ.
   8. પંચાયતોને બીજી આવક થાય તેવાં સ્ત્રોત ઉત્પન્ન કરવા.
   9. પંચાયતોએ સહકારી ખેતી અને દૂધની ડેરી જેવી પ્રવૃત્તિઓ પણ ચલાવવી જોઇએ.

2. કરવેરા તપાસ પંચ,1954, Chairman : John Mathai

   **સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ માટેનાં સૂચનો :**

   1. જમીન અને મકાન પર કર નાંખવો જોઇએ.
   2. ઓકટ્રોઈ દ્વારા આવક મેળવવી.
   3. યાંત્રિક વાહનો સિવાયનાં વાહનો પર કર નાંખવો.
   4. જાનવરો તથા હોડીઓ પર કર નાંખવો.
   5. ધંધો, વ્યવસાય, કારીગરી અને સેવા પર કર.
   6. જાહેરાતો પર કર.
   7. સિનેમા કર /મનોરંજર કર.
   8. મિલકતની તબદિલી પર કર.

**3. આયોજન પંચના મૂલ્યાંકન અભ્યાસો (1957-58)**

આયોજન ખર્ચ તરફથી પી.ઇ.ઓ.ના જે અભ્યાસો બહાર પડયા છે. તેમાં ધ્યાન ખેંચનાર કોઇ ભલામણ હોય તો તે પ્રજાને સહાય માટે સીધી અપીલ કરવાની બાબત અંગેની છે. પરિણામે સારો એવો ''લોકફાળો'' મળ્યો છે. આ પદ્ધતિના બે ફાયદા છે.

1. પ્રજા યથાશક્તિ ફાળો આપે.

2. લોકો પોતાનાં ટેક્ષ આપવા માટે જાગૃત થાય.

આ પદ્ધતિનો વ્યાપ વધે તેવી ભલામણ કરવામાં આવી.

**4. સંથનમ કમિટીનો અહેવાલ,1963,**Chairman K. Santhanam

પંચાયતોની નાણાંકીય પરિસ્થિતિનો અભ્યાસ કરવા માટેની સૌથી મહત્ત્વની સમિતિ છે.

- **ભલામણો :**

1. મકાનવેરો, વ્યવસાયવેરો, વાહનવેરો ફરજીયાત
2. મકાનોની આકારણી માટે સ્વતંત્ર એજન્સી
3. ઓક્ટ્રોયની જગ્યાએ કોઈ પ્રગતિશીલ કરતી વ્યવસ્થા વિચારવી જોઈએ.
4. ખાતાવેરો પંચાયતનાં ત્રણ સ્તરો વચ્ચે વહેંચાવો જોઈએ.
5. પાણીવેરો, ગટરવેરો, દિપાવલી અને સફાઈ વેરાનો દર ખર્ચના પ્રમાણમાં હોવો જોઈએ.
6. સરકારે તેની પાસેની ફાજલ જમીનમાથી પંચાયતને ઓછામાં ઓછી 5એકર જમીન સામુદાયિક કામો વાપરવા માટે આપવી જોઈએ. દા.ત. મકાનો બાંધવા, દેશી ખાતરના ખાડા બનાવવા, બાગ બગીચા માટે.

## 2.5 સારાંશ

આપણો ભારત દેશ સંસદીય લોકતંત્રને વરેલો દેશ છે. જેમાં સંસદનું પોતાનું આગવું સ્થાન છે. પરંતુ તેની સાથે-સાથે લોકતંત્રને મજબૂત બનાવવામાં ‘‘પંચાયતીરાજ’’ પણ ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવે છે અને માટે જ સામાન્ય માનવી પંચાયતની ઉપરની કક્ષાની ચૂંટણીમાં મત આપીને ભૂલી જાય છે પરંતુ પંચાયતો તો નજર સમક્ષ કામ કરતી હોવાથી તથા તેની પાસે વધારે વાર કામ પડતું હોવાથી સામાન્ય ગ્રામવાસીઓનું રાજકીયકરણ કરવામાં પંચાયતની ચૂંટણી અને તેની રોજિંદી કામગીરી પંચાયતીરાજ નો ફાળો ઘણો જ મહત્ત્વનો છે.

પંચાયતીરાજલોકશાહી વિકેન્દ્રીકરણના પ્રયોગથી હવે આગળ વધી ગયું છે. સ્થાનીય લોકપહેલ અને પ્રજાકીય ભાગીદારીના કેન્દ્ર તરીકેનો તેનો અનુભવ મર્યાદિત સ્વરૂપનો છતાં પ્રોત્સાહક રહ્યો છે.તેથી જ **રજની કોઠારી**એ તેને માટે કહેલું ‘‘આ સંસ્થાકીય નવતર ઘટના તરીકે પંચાયતીરાજ ભાષાકીય રાજ્યોની પુનર્રચના અને આયોજનપંચની સ્થાપના કરતાં પણ વધારે અગત્યનું છે’’

આપણા દેશના વિશાળ ગ્રામસમાજનું રાજકીયકરણ કરીને, રાજકીય સુગ્રથનની સામેલગીરીના મૉડલ (Incorporation Modal of Political intergration) તરીકે પણ કલ્પના તેમણે કરી હતી.

## 2.6 તમારી પ્રગતિ ચકાસો

**(અ) નીચે આપેલ પ્રશ્નોના જવાબ તૈયાર કરો.**

1. અધિકારી અને પદાધિકારી વચ્ચેના સંબંધો સ્પષ્ટ કરો.

2. પંચાયતીરાજમાટેનું નાણાંકીય આયોજન વિશે નોંધ તૈયાર કરો.

## 2.7 સંદર્ભ સૂચિ

1. શાહ બી.સી., : 'ભારતમાં પંચાયતીરાજ' , યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, 1981.
2. આગજા બલદેવ : '73માં બંધારણીય સુધારા પશ્ચાત ભારતમાં પંચાયતીરાજ', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

# એકમ-3 સરકારી જનકલ્યાણકારી યોજનાઓ

રૂપરેખા

**3.0** ઉદ્દેશો

**3.1** પ્રસ્તાવના

**3.2** સરકારની જનકલ્યાણકારી યોજનાઓ

**3.2.1** પ્રધાનમંત્રી ગ્રામીણ આવાસ યોજના

**3.2.2** વહાલી દિકરી યોજના

**3.2.3** મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના

**3.2.4** મા અમૃતમ યોજના

**3.2.5** સૌર ઊર્જા સંચાલિત સિંચાઈ પમ્પ સેટ્સ યોજના

**3.2.6** સરકાર આવાસ યોજના- 2

**3.2.7** ચિરંજીવી યોજના

**3.2.8** ડૉ. આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના

**3.3** સારાંશ

**3.4** સ્વાધ્યાય

**3.5** સંદર્ભ સૂચિ

## 3.0 ઉદ્દેશો

- આ એકમના અભ્યાસથી વિદ્યાર્થી સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓની જાણકારી મેળવશે.

## 3.1 પ્રસ્તાવના

આપણો ભારત દેશ "વસુધૈવ કુટુંબકમ"ની સાંસ્કૃતિક ધરોહર ધરાવતો દેશ છે.

આઝાદી પ્રાપ્ત થયા પછી રાજ્ય અને કેન્દ્ર સરકારો પર દેશના વિવિધતા ધરાવતા ભિન્ન ભિન્ન પ્રદેશ, જાતિ, ધર્મ, સંપ્રદાયનાં લોકોને તેમની ક્ષમતા પ્રમાણે વિકસવાની તકો પ્રાપ્ત થાય અને તેઓ રાષ્ટ્રનિર્માણની પ્રક્રિયામાં જોડાઈને પોતાનો તથા દેશનો વિકાસ કરે તેવા ઉમદા ઉદ્દેશ્યથી સરકારી જનકલ્યાણકારી યોજનાઓ કેન્દ્ર સરકાર અને રાજ્યોની સરકારો દ્વારા બનાવવામાં આવી.

દેશમાં તથા રાજ્યમાં સામાજિક, આર્થિક, શૈક્ષણિક, આરોગ્યલક્ષી સુવિધાઓ યોગ્ય લાભાર્થીઓ સુધી પહોંચે અને તેનો બહોળા પ્રમાણમાં લાભ લેતાં થાય તે ઉદ્દેશ્ય છે.

### 3.2.1 પ્રધાનમંત્રી ગ્રામીણ આવાસ યોજના(PM Awaas Yojana)

ગ્રામીણ વિસ્તારોમાં ગરીબીના વિષચક્રમાં ફસાયેલાં લોકોને પોતાના પાક્કા ઘર

બનાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા આર્થિક સહાયતા આપવામાં આવે છે તથા સબસિડી (Subsidy) વિશેષ રાહતો આપવામાં આવે છે.

- **આવેદન કરવાની પદ્ધતિ :**

સૌથી પહેલા પ્રધાનમંત્રી આવાસ યોજનાની વેબસાઈટ પર જાવ http://pmaymis.gov.in

અત્યાર સુધીમાં દેશનાં લાખો લોકો દ્વારા આ પ્રધાનમંત્રી ગ્રામીણ આવાસ યોજનાનો લાભ લઈને પોતાના પાકા મકાનો બનાવ્યા છે તથા વિશેષ રાહતો પ્રાપ્ત કરી છે.

### 3.2.2 વ્હાલી દિકરી યોજના

જેન્ડર ઇક્વાલિટીની દિશામાં ગુજરાત સરકારનો મહત્ત્વપૂર્ણ નિર્ણય.

દીકરીના જન્મ વેળા માતા-પિતાને આર્થિક સહાય આપીને જેન્ડર રેશિયો જાળવવાની દિશામાં ગુજરાતનું મહત્ત્વપૂર્ણ પગલું.

રૂપિયા બે લાખની વાર્ષિક આવક ધરાવતાં પરિવારને પ્રથમ બે દીકરી માટે આ યોજનાનો લાભ ધોરણ 1 માં પ્રવેશ લેતી કન્યાને રૂા.4000/-તથા ધોરણ 9 માં પ્રવેશ લેતી કન્યાને રૂા.6000/- અને ઉચ્ચ શિક્ષણ માટે અથવા 18 વર્ષની ઉંમરે લગ્ન વખતે રૂા.1 લાખની આર્થિક સહાય. અત્યાર સુધીમાં 6000 થી પણ વધારે પરિવારોને આ યોજનાનો લાભ મળ્યો છે.

### 3.2.3 મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના (MMUY)

આ યોજના અંતર્ગત ગ્રામ્ય વિસ્તારોમાં 50,000 તથા શહેરી વિસ્તારોમાં 50,000 મળીને કુલ 1 લાખ મહિલાઓના જૂથની રચના કરવી.

એક જૂથમાં 10 મહિલા હોય આવા 1 લાખ જૂથ એટલે કે 10 લાખ મહિલાઓને 0 ટકા વ્યાજે રાજ્ય સરકાર દ્વારા 1,000 કરોડની લોન સહાય આપવી. (વ્યાજ મુક્ત લોન)

મહિલાઓનાઆર્થિક સશક્તિકરણ દ્વારા વિકાસ પ્રક્રિયામાં તેમને દેશનાં વિકાસનાં મહાયજ્ઞમાં સમાન અવસર આપવા માટે આગળ વધતું ગુજરાત.

### 3.2.4 મા અમૃતમ યોજના [Mukhyamantri Amrutam Yojana (Ma)]

4 લાખથી ઓછી આવક ધરાવતા બધા જ પરિવારો તેનો લાભ લઈ શકે છે. જિલ્લા કક્ષાએ નાયબ મામલતદાર તથા તાલુકા કક્ષાએ તાલુકા આરોગ્ય અધિકારી અને નગરપાલિકામાં આરોગ્ય અધિકારી દ્વારા નોંધણી કરવામાં આવે છે. મા યોજના દ્વારા લાભાર્થી પરિવારોને રૂા.3 લાખને બદલે 5 લાખનું આરોગ્ય સુરક્ષા કવચ તથા 70 લાખ પરિવારોનાં 3 કરોડ 50 લાખ લાભાર્થીઓને આવરી લેવાયા. અત્યાર સુધીમાં 3710 કરોડના 25 લાખથી વધારે દાવાઓ મંજૂર થયા.વાર્ષિક 6 લાખ સુધીની આવક ધરાવતાં કુટુંબના 60 કે તેથી વધુ વયના સિનિયર સિટીઝનને આવરી લેવાયા. કિડની, લીવર, પેન્ક્રિયાઝના પ્રત્યારોપણ માટે રૂા.2 લાખની સહાયની રકમમાં વધારો કરીને 5 લાખ કરવામાં આવી.આવક મર્યાદા વધારીને 4 લાખ રૂપિયા કરવામાં આવી પરિણામે વધુ 80 લાખ પરિવારોને આવરી શકાયા. જિલ્લા આરોગ્ય અધિકારી, www.magujarat.com

### 3.2.5 સૌર ઊર્જા સંચાલિત સિંચાઈ પમ્પ સેટ્સ યોજના

- **કોને લાભ મળી શકે :**

(1) જે અરજદારનાં નામે એક જ સર્વે નંબરમાં અથવા પાસ પાસેના સંયુક્ત સર્વે

નંબરો ગણતરીમાં લેતા ઓછામાં ઓછી એક એકર જમીન તેમાં બોર-કૂવો હયાત હશે તેમને જ આ યોજનાનો લાભ મળી શકશે. આમ છતાં જે અરજદારની જમીનમાં બોર/કૂવો નહિ હોય છતાં અરજી કરેલ હશે તો તેમને લાભાર્થી ફાળો ભરવાની જાણ કર્યા પછી બોર/કૂવો બનાવવા માટે બે મહિનાનો સમય આપવામાં આવશે. (2)પરંપરાગત ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા નોંધાયેલ અંદાજપત્ર ભરપાઈ કરેલ, અંદાજપત્ર ભરપાઈ કરવાનાં બાકી હોય એવા લાભાર્થીઓ સોલાર ગેસ પંપ સેટ્સ માટે પોતાનું સ્વીચ ઓવર (તબદીલ) કરી શકશે.અગાઉ જો પરંપરાગત ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા અરજીની નોંધણી ન કરાવેલ હોય એવા અરજદારો પણ સોલાર વોટર પમ્પ સેટ્સ માટે નોંધણી કરાવી શકશે.

આ યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા દરેક લાભાર્થી ખેડૂતને જરૂરિયાત અનુસાર ત્રણથી પાંચ હોર્સ પાવર અથવા 7.5 હોર્સ પાવરના સૌર ફોટો વોલ્ટીક આધારિત સબમર્સિબલ પમ્પ સેટ્સ (AC/DC પ્રવાહ આધારિત) પૂરા પાડવામાં આવશે.

આ યોજનાનો લાભ મેળવવા માટે વિસ્તારમાં લાગુ પડતી વીજ વિતરણ કંપનીની પેટા વિભાગીય કચેરીમાં અરજી કરી શકાશે.

### 3.2.6 સરદાર આવાસ યોજના - 2

- **આ યોજનાના લાભાર્થીઓની પાત્રતા**

(1) કાચું મકાન ધરાવતા અને બીપીએલ (BPL) યાદીમાં 21 થી ઉપર ગુણાંક ધરાવતાં ગ્રામ્ય વિસ્તારમાં વસવાટ કરતાં લાભાર્થીઓ.

(2) જે તે ગામની બીપીએલ યાદીમાં 21 થી ઉપર ગુણાંકમાં નામ સમાવિષ્ટ હોવું જોઈએ.

(3) સરકારી યોજનામાંથી અગાઉ મકાન સહાયનો લાભ મળેલ હોવો જોઈએ નહિ.

40,000 મકાન સહાય (કાચા મકાનની જગ્યાએ નવું મકાન બનાવવા માટે)

તાલુકા વિકાસ અધિકારી TDO તથા જિલ્લા વિકાસ અધિકારી DDOનો સંપર્ક કરવો.

### 3.2.7 ચિરંજીવી યોજના

આ યોજનામાં ગરીબી રેખા હેઠળની (બી.પી.એલ.) કાર્ડ ધરાવતી કુટુંબની પ્રસૂતા બહેનો તથા ગરીબી રેખા હેઠળ ઉપરની (એ.પી.એલ. કાર્ડ ધરાવતી) પરંતુ આવક વેરો ન ભરતી હોય તેવા અનુસૂચિત જનજાતિ કુટુંબોની પ્રસૂતા બહેનોને લાભ, જે લાભાર્થી પાસે બી.પી.એલ. કાર્ડ ઉપલબ્ધ ન હોય તેમણે તેઓનાં વિસ્તારનાં તલાટી કમ મંત્રી, સરપંચ, મામલતદાર પાસેથી આવકનું પ્રમાણપત્ર મેળવવું.

આ યોજના હેઠળ બહેનો સરકાર દ્વારા નક્કી કરાયેલા ખાનગી દવાખાનામાં વિનામૂલ્યે પ્રસૂતિ કરાવી શકે છે. દવાખાનામાં દાખલ થયેલ પ્રસૂતાએ દવાખાનામાં કોઈપણ રકમ ચૂકવવાની હોતી નથી. એટલું જ નહીં પણ સરકાર સારવાર માટે જરૂરી દવાઓ પણ ડૉક્ટર જ આપશે વિનામૂલ્યે. ઉપરાંત પ્રસૂતાને દવાખાને આવવા માટે ભાડા પેટે રૂા.200/-ડૉક્ટર દ્વારા આપવામાં આવશે.

યોજનાનો લાભ લેવા માટે જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા પંચાયત અને કોર્પોરેશન કક્ષાએ આરોગ્ય અધિકારીનો સંપર્ક સાધવો.

### 3.2.8 ડૉ. આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના

(SCશિડ્યુલ કાસ્ટ – અનુસૂચિત જાતિ)નાં વિદ્યાર્થીઓ માટે ડૉ. આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજનામાં 4% વ્યાજના દરે 15 લાખની લોન મળે છે.

- **પાત્રતા :**

  ધો.12 પછીના અભ્યાસક્રમમાં જવા માટે 50% કે તેથી વધારે ગુણ તથા અનુસ્નાતક/ માસ્ટર ડિગ્રીમાં જવા માટે પણ 50% થી વધારે ગુણ હોવા જોઈએ. કોઈ આવકમર્યાદા નથી.

ગુજરાત સરકારે પ્રજાલક્ષી અને લોકકલ્યાણના માનવીય અભિગમ સાથે સર્વસમાવેશક અને સર્વપોષક વિકાસનો રાજમાર્ગ અપનાવ્યો છે.

રાજ્ય સરકારની પ્રત્યેક યોજનાઓ અને વિકાસ કાર્યક્રમનું લક્ષ્ય વંચિતો અને છેવાડાના માનવીનું કલ્યાણ રહ્યું છે. રાજ્ય સરકારે પ્રગતિશીલ ગુજરાતના કાર્યમંત્ર દ્વારા સર્વતોમુખી વિકાસની નવી આગવી પરિભાષા અપનાવી છે.

રાજ્ય સરકાર દ્વારા અનેકવિધ જનહિતલક્ષી યોજનાઓનો અસરકારક અમલ કર્યો છે સાથે વ્યક્તિગત લાભાર્થીઓના ઉત્કર્ષ-કલ્યાણની યોજનાઓ પણ એટલી જ સુલભ બનાવી છે.

## 3.3 સારાંશ

આ એકમમાં તમે ગુજરાત સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓનો અભ્યાસ કર્યો. જેમાં પ્રધાનમંત્રી ગ્રામીણ આવાસ યોજના, વહાલી દીકરી યોજના, મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના, મા અમૃતમ યોજના, સૌર ઊર્જા સંચાલિત સિંચાઈ પમ્પ સેટ્સ યોજના, સરદાર આવાસ યોજના, ચિરંજીવી યોજના, SC શિડ્યુલ કાસ્ટ - અનુસૂચિત જાતિનાં વિદ્યાર્થીઓ માટે ડૉ. આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના વિશે તમે જાણકારી મેળવી છે. જરૂરિયાતમંદ નાગરિકો વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ સરળતાથી મેળવી આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને વૈયક્તિક ઉત્કર્ષ માટે સાધે તે અપેક્ષિત છે.

## 3.4 સ્વાધ્યાય

**(અ) નીચે આપેલ પ્રશ્નનો વિગતવાર જવાબ તૈયાર કરો.**

1. સરકારી જનકલ્યાણકારી વિવિધ યોજનાઓ વિશે સવિસ્તાર ચર્ચા કરો.

## 3.5 સંદર્ભ સૂચિ

3. શાહ બી.સી.: ' ભારતમાં પંચાયતીરાજ' , યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, 1981.

4. આગજા બલદેવ : '73માં બંધારણીય સુધારા પશ્ચાત ભારતમાં પંચાયતીરાજ', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

**નોંધ :** વિશેષ માહિતી માટે ધ ગુજરાત પંચાયતી એક્ટ-1993,
https://www.panchayatgujarat.gov.in અને
https://www.panchayat.gov.in નો ઉપયોગ કરી શકશો.

# એકમ-4 પંચાયતીરાજને સફળ બનાવવાના સૂચનો અને ભાવિ

રૂપરેખા

**4.0** ઉદ્દેશો

**4.1** પ્રસ્તાવના

**4.2** પંચાયતીરાજને સફળ બનાવવાના સૂચનો

- **4.2.1** લોકશાહી ભાવનાનો ખરાઅર્થમાં વિકાસ
- **4.2.2** પંચાયતીરાજમાં 'સ્વ' કે 'પોતાની' ભૂમિકા અગે સ્પષ્ટ થવું
- **4.2.3** સ્થાનિક લોકોની સક્રિય ભાગીદારી
- **4.2.4** ગ્રામસભાની અસરકારકતા વધારવી
- **4.2.5** પંચાયતીરાજમાં ભરતી
- **4.2.6** અનામત બાબત
- **4.2.7** સરપંચને દૂર કરવાની રીત
- **4.2.8** આદર્શ આચાર સંહિતાનું પાલન
- **4.2.9** અધિકારીઓ અને પદાધિકારીના સૂમેળ સંબધો
- **4.2.10** સમરસ પંચાયતને પ્રોત્સાહન
- **4.2.11** તાલીમની અસરકારતામાં વધારો કરવો
- **4.2.12** સંકલન, દેખરેખ અને અંકુશ
- **4.2.13** સ્ત્રી સશક્તિકરણ ઉપર ભાર
- **4.2.14** નાણાંકીય બાબત
- **4.2.15** લોકશાહીનું ખરા અર્થમાં વિકેન્દ્રીકરણ
- **4.2.16** સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન
- **4.2.17** રાજકીય પક્ષોની ભૂમિકા અને જવાબદારી
- **4.2.18** વિવિધ સમિતિઓની ભલામણ
- **4.2.19** પંચાયતીરાજને લગતા અભ્યાસક્રમો અને સેમીનારને મહત્ત્વ આપવું
- **4.2.20** પંચાયતીરાજમાં સંશોધનોને પ્રોત્સાહન
- **4.2.21** સલાહકાર સમિતિઓનું ગઠન

**4.3** પંચાયતી રાજની ઉપસતી ભાતો

**4.4** પંચાયતી રાજનું ભાવિ

**4.5** સારાંશ

**4.6** ચાવીરૂપ શબ્દો

**4.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો**

**4.8 તમારી પ્રગતિ ચકાસો**

**4.9 જવાબો**

## 4.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસથી વિદ્યાર્થી નીચેની બાબતો સમજી શકશે.

- પંચાયતીરાજને સફળ બનાવવાના સૂચનોની સમજ પ્રાપ્ત કરશે.
- પંચાયતીરાજને સુદઢ કરવાના ઉપાયો સૂચવી શકશે.
- પંચાયતીરાજની ઉપસતી ભાતોને સમજી શકશે.
- પંચાયતીરાજનું ભાવિ સમજી શકશે.

## 4.1 પ્રસ્તાવના

આ એકમમાં આપણે પંચાયતીરાજને નડતી મુશ્કેલીઓને દૂર કરવા માટે અને પંચાયતીરાજને સફળ બનાવવા માટે શું કરવુ જોઈએ? પંચાયતીરાજને સફળ બનાવવા કેવા પરિવર્તનો લાવી શકાય? સરકાર,પંચાયતીરાજની સંસ્થાઓ અને લોકોની એમાં શુ ભૂમિકા હોઈ શકે ? જેનાં કારણે પંચાયતીરાજની સસ્થાઓ વધુ સક્રિય અને જીવંત બને આ સમગ્રની ચર્ચા આપણે આ એકમમાં કરીશું. આ એકમમાં આપણે પંચાયતીરાજની શક્યતાઓ, ઉપસતી નવી ભાતો કે તરાહોને સમજીને તેનાં ભાવિ વિષે વિગતવાર ચર્ચા કરવાના છીએ.

પંચાયતીરાજની સ્થાપનાથી લઈ વર્તમાન સમય સુધી પંચાયતીરાજ ઘણી બધી સમસ્યાઓ વિટંબણાઓ અને મૂંઝવણોની ગતિવિધીઓમાંથી પસાર થયું છે. દેશમાં જુદાં-જુદાં રાજ્યોમાં જુદાં-જુદાં સમયે તબક્કાવાર તેનો અમલ કરવામાં આવ્યો છે. રાજ્યોને એવી સ્વાયત્તતા આપવામાં આવી છે કે તેઓ પોતાના રાજ્યને અનુરૂપ એવું પંચાયતીરાજનું માળખું સ્વીકારે. પંચાયતીરાજના પાયાનાં પ્રશ્નો અને મૂંઝવણો લગભગ બધા રાજ્યોની સરખી જ છે. જયારે કેટલાંક પ્રશ્નો દરેક રાજ્ય મુજબ અલગ અલગ જોવા મળે છે. પંચાયતી રાજનાં ભાવિનો વિચાર કરીએ ત્યારે પંચાયતીરાજની વિવિધ ભાતો કે તરાહને તપાસવી જોઈએ. પંચાયતી રાજનાં પુનરૂત્થાનને સમજીને તેની શકયતાઓ અને સંભાવવાનો વિચાર કરવો ઘટે. તેનાં આધારે જ પંચાયતીરાજનું ભાવિ સુનિશ્ચિત થશે.

## 4.2 પંચાયતીરાજને સફળ બનાવવાના સૂચનો

પંચાયતીરાજ લોકશાહી સરકારનો પાયો છે. લોકશાહીનાં પાયાનાં શિક્ષણની શરૂઆત ત્યાંથી જ થાય છે. લોકશાહીને જીવંત રાખી સફળ કરવી હોય તો આ પાયાની યોગ્ય માવજત યોગ્ય રીતે થાય તે ખૂબ જ આવશ્યક છે. લોકશાહીમાં લોકભાગીદારીએ પાયાની શરત છે. પંચાયતીરાજના અમલીકરણમાં પડતી મુશ્કેલીઓને ત્યારે જ દૂર કરી શકાય જયારે આપણે આપણી નિષ્ફળતાના કારણો અને મર્યાદાઓને સારી રીતે સમજી શકીએ. આની સમજ પ્રાપ્ત કર્યા બાદ આપણે પંચાયતીરાજની સંસ્થાઓને વધુ સુદઢ કરી તેને ઉન્નત બનાવવાના પ્રયત્નો કરી શકીએ. વળી આ સૂચનો વ્યવહારું, સ્પષ્ટ અને અસરકારક હોવાં જોઈએ. જે ઉપાયો વાસ્તવમાં કારગત નીવડી શકે નહીં તે ઉપાયો અજમાવવા કરતાં, વાસ્તવમાં ઉપયોગી થાય તેવા સૂચનોનો વિચાર અને અમલ થાય તે જરૂરી છે. આ ઉપાયોની વિગતવાર સમજૂતિ નીચે મુજબ પ્રાપ્ત કરીએ.

### 4.2.1 લોકશાહી ભાવનાનો ખરાઅર્થમાં વિકાસ

પંચાયતીરાજની સંસ્થાઓ ત્યારે જ સારી રીતે કાર્ય કરી શકે જયારે લોકોમાં તેની યોગ્ય સમજ હોય. લોકશાહી માત્ર કાગળ ઉપર લોકશાહી ન રહેતા ખરા અર્થમાં લોકોએ એક જીવનરીતિ તરીકે તેનો સ્વીકાર કરવો જોઈએ. જેથી પંચાયતીરાજનાં ઉદ્દેશોને લોકો સારી રીતે સમજી શકે. સત્તાનું વિકેન્દ્રીકરણનો ખ્યાલ સમજે તે જરૂરી છે.

### 4.2.2 પંચાયતીરાજમાં 'સ્વ' કે 'પોતાની' ભૂમિકા અંગે સ્પષ્ટ થવું

પંચાયતીરાજમાં એક યા બીજી રીતે સંકળાયેલ દરેક અધિકારીઓ તથા પદાધિકારીઓ અને લોકોએ પંચાયતીરાજમાં પોતાની ભૂમિકા શું છે ? તે કેવી રીતે નિભાવવાની છે ? તે અંગેનો વિચાર કરી સ્પષ્ટ થવું જોઈએ. તો જ તે પોતાની સક્રિય ભૂમિકા ભજવી શકે.

### 4.2.3 સ્થાનિક લોકોની સક્રિય ભાગીદારી

સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓ ત્યારે જ અસરકારક બની શકે જયારે સ્થાનિક લોકો તેમાં રસ લેતાં થાય. સઘળા વિકાસ કાર્યોને સરકારી કાર્યો માનવાની માનસિકતા પણ બદલવાની જરૂર છે. સ્થાનિક પ્રશ્નોની સમજ સ્થાનિક લોકોને સારી રીતે હોવાથી તેનો ઉકેલ પણ સ્થાનિક કક્ષાએ લોકોનાં સહયોગ અને માધ્યમથી લાવવો જોઈએ. આ માટે લોકોની સક્રીય ભાગીદારીએ અનિવાર્ય છે. ખાસ કરીને લોકોની રાજકીય જાગૃતિ વધે તે જરૂરી છે. લોકોનું ખરા અર્થમાં રાજકીયકરણ થવું જોઈએ.

### 4.2.4 ગ્રામસભાની અસરકારકતા વધારવી

ગ્રામસભા સીધી પ્રત્યક્ષ પાયાની લોકશાહી છે. ગામના લોકો અને યુવાનોને લોકશાહી અને વિકાસનાં કાર્યો કરવાં તથા વહીવટી તાલીમ આપતી સંસ્થા ગ્રામસભા છે. આ ગ્રામસભા વધુને વધુ સક્રિય અને અસરકારક બનાવવી જોઈએ. જય પ્રકાશ નારાયણે કહ્યું હતું કે "મારે મન ગ્રામસભા જ ગામની લોકશાહી છે. ગામથી દિલ્હી સૂધીની માત્ર પ્રતિનિધિત્વવાળી જ સરકાર હોવી જોઈએ નહિ. ઓછામાં ઓછી એક જગ્યાએ સીધી લોકશાહી સરકાર હોવી જોઈએ. પંચાયત અને ગ્રામસભા વચ્ચેનો સંબંધ મંત્રીમંડળ અને વિધાનસભા જેવો હોવો જોઈએ." જો કે ગ્રામસભા વર્ષોથી કાર્યરત છે. આમ છતાં પંચાયતીરાજની સમગ્ર કામગીરી ઉપર એકંદરે તેનો પ્રત્યક્ષ અને સીધી રીતે કહી શકાય એવો પ્રભાવ પડયો નથી. વાસ્તવમાં ગ્રામસભાએ ધારાસભા અને ગ્રામપંચાયતે કારોબારી બનવાની જરૂર છે. ગ્રામસભાની મિટીંગમાં સરપંચ, મંત્રી તથા ગ્રામ સેવકોની અસરકારક હાજરી ફરજિયાતની સાથે વ્યવહારમાં ઉપયોગી થાય તે પ્રકારે હોવી જોઈએ. ગ્રામપંચાયતે ગ્રામિણ વિકાસની દરેક બાબતમાં ગ્રામસભાનો વિશ્વાસ અને મત મેળવીને જ આગળ વધવું જોઈએ.

### 4.2.5 પંચાયતીરાજમાં ભરતી

પંચાયતીરાજને બાહોશ, દીર્ઘ દષ્ટિવાળા, સહિષ્ણુ અને આવડતવાળા અધિકારીઓ અને કર્મચારીઓની ખાસ જરૂરિયાત છે. મોટાભાગનાં રાજયોમાં પંચાયતીરાજનાં વહીવટીતંત્રમાં નિમાયેલાં સિનિયર અધિકારીઓ રાજય સેવામાંથી લેવામાં આવે છે. આ અધિકારીઓ સ્થાનિક સંસ્થાઓમાં થોડાં વર્ષો નોકરી કરી પોતાની મૂળ જગ્યાએ પાછા જતા રહે છે. તેમની ખાલી પડેલી જગ્યાએ ફરી બીજા અમલદારો રાજય સેવામાંથી લેવામાં આવે છે. આમ આ ક્રમ ચાલ્યા જ કરે છે. જેથી ચોક્કસ, નક્કર અને પરિણામલક્ષી કાર્ય થઈ શકતું નથી. પંચાયતીરાજમાં સેવા આપતાં અધિકારીઓ ઉપર પંચાયતો કરતાં રાજયનો કાબૂ વધુ હોય છે. જો કે કેટલાક રાજયોએ

પંચાયતો માટે અલગ સેવા સંસ્થા ઊભી કરી છે. પંચાયતીરાજનાં કર્મચારીઓ 'પંચાયતીરાજ સેવા' માંથી લેવામાં આવે તેવા પ્રબંધનો વિચાર થવો જોઈએ.



### 4.2.6 અનામત બાબત

પંચાયતીરાજનાં સંદર્ભમાં અનામતનો વિચાર કરીએ તો આ બાબતે કોઈ યુક્તિ સંગત આધાર અને માપદંડ નક્કી કરવો જોઈએ. બંધારણીય જોગવાઈઓ અનુસાર પંચાયતીરાજમાં અનામત નક્કી કરવાની સ્વાયત્તા જે તે રાજ્યની વિવેક બુદ્ધિ પર છોડવામાં આવી છે. આ બાબતે રાજ્યોએ બુદ્ધિગમ્ય અભિગમ અપનાવવો રહ્યો.

### 4.2.7 સરપંચને દૂર કરવાની રીત

પંચાયતીરાજનાં સરપંચને પોતાના હોદ્દા પરથી દૂર કરવાની રીત ન્યાય આધારિત હોવી જોઈએ. સરપંચોને દૂર કરવાની પધ્ધતિ અલગ-અલગ રાજ્યમાં અલગ-અલગ જોવા મળે છે. સામાન્ય રીતે આ પધ્ધતિ વિવેકબદ્ધિ પર આધારિત અને ન્યાય આધારિત રાખવી જોઈએ. દરેક રાજ્યમાં આ રીત અલગ-અલગ જોવા મળે છે.

### 4.2.8 આદર્શ આચાર સંહિતાનું પાલન

ચૂંટણીએ લોકશાહીની પારાશીશી છે. પંચાયતીરાજમાં ચૂંટણીઓ દરમિયાન આદર્શ આચાર સંહિતાનું પાલન થાય તેમજ કયાંય કોઈ નકારાત્મક વાતાવરણ ઉભું ન થાય તે આવશ્યક છે.

### 4.2.9 અધિકારીઓ અને પદાધિકારીના સૂમેળ સંબધો

પંચાયતીરાજમાં લોકો દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધીઓ સ્થાન પામે છે. આ સાથે સિવિલ સેવામાંથી ભરતી દ્વારા આવેલાં અધિકારીઓ પણ હોય છે. અધિકારીઓ અને પદાધિકારીઓ વચ્ચે સહકારયુક્ત અને સુમેળભર્યા સંબંધો સ્થપાય તે જરૂરી છે. વાસ્તવમાં બન્નેની જવાબદારીઓ અને કાર્યક્ષેત્રમાં ભિન્નતા હોવા છતાં બન્ને સાથે મળીને પંચાયતીરાજનો મૂળ ઉદ્દેશ પૂર્ણ કરવામાં હકારાત્મક અભિગમ દાખવે એ જરૂરી છે. ઘર્ષણને ઘટાડીને લોકવિકાસના કાર્યો સાથે મળીને કરે તે અપેક્ષિત છે.

### 4.2.10 સમરસ પંચાયતને પ્રોત્સાહન

ગ્રામપંચાયત સર્વ સંમતિથી રચાય તેવી સમરસ ગ્રામ પંચાયત યોજનાનો લાભ વધુને વધુ લેવામાં આવે તો ગ્રામ વિકાસના કાર્યોને વધુ વેગ મળે. મહિલા સમરસ પંચાયતોને પણ આવકારવી જોઈએ. સરકાર દ્વારા મળતાં અનુદાનના લાભો લેવામાં આવે તો લાભાર્થીઓને તેનો વધુને વધુ લાભ આપી શકાય. સમરસ ગ્રામ પંચાયત યોજનાનો વધુને વધુ પ્રમાણમાં પ્રચાર અને પ્રસાર કરવો જોઈએ.

### 4.2.11 તાલીમની અસરકારતામાં વધારો કરવો

પંચાયતીરાજની સંસ્થાઓમાં ચૂંટાયેલા સભ્યોને તાલીમ સેવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ. અધિકારીઓ, પદાધિકારીઓ તથા ખાતાના વડાઓ, ગ્રામસેવકો, કારકુનો, પંચાયતનાં મંત્રીઓ વગેરે માટે તાલીમની અસરકારકતા અને ગંભીરતા વધારવી જોઈએ. પંચાયતીરાજની સંસ્થાઓની ખરા અર્થમાં સફળતાનો આધાર તેમાં કાર્ય કરતાં કર્મચારીઓ ઉપર રહેલો છે. કર્મચારીઓમાં યોગ્ય સમજ વિકસે માટે તાલીમ આપવી આવશ્યક છે. આ માટે જુદાં-જુદાં કક્ષાનાં તાલીમ કેન્દ્રો રચવા તથા જે તાલીમ કેન્દ્રો કાર્યરત છે તેને વધુ સક્રિય અને અસરકારક બનાવવા જોઈએ. આ તાલીમમાં નીચેની બાબતોને આવરી લેવી જોઈએ.

- પંચાયતી અને સમિતિઓને લગતા નિયમો તથા જોગવાઈઓ.
- પંચાયતના મંત્રી, સરપંચ, ઉપસરપંચ, સભ્યોનાં કાર્યો, ફરજો, સત્તાઓ અને જવાબદારીઓની યોગ્ય અને સ્પષ્ટ સમજ આપવી.
- કર્મચારીઓને લગતી જોગવાઈઓ
- ઑડિટને લગતી જોગવાઈઓની સમજ
- પંચાયત અધિનિયમ અન્વયે સરકારે બહાર પાડેલ જુદા-જુદા ઠરાવો, નિયમો, હુકમો, પરિપત્રો, જાહેરનામા, પત્રો, તિજોરી નિયમો વગેરેને જુદાં-જુદાં વિષયોમાં અથવા મુદ્દાઓમાં વિભાજીત કરી તાલીમ આપવી.

જુદા જુદા તાલીમ કેન્દ્રોએ આ બાબતે સક્રિયતા દાખવી તાલીમને અસરકારક બનાવવી જોઈએ. જેથી લાભાર્થીઓ ખરાઅર્થમાં તાલીમ લેતા હોય તેવું અનુભવે. આ તાલીમનો લાભ તેમની જવાબદારીઓ નિભાવતી વખતે કરી શકે.

### 4.2.12 સંકલન, દેખરેખ અને અંકુશ

પંચાયતીરાજમાં દેખરેખ અને અંકુશ માટે પરંપરાગત ત્રણ પદ્ધતિઓ છે.

1. કાયદા દ્વારા
2. અદાલતો દ્વારા
3. સરકારી ખાતા દ્વારા

વર્તમાન સમયમાં સંસ્થાકીય અંકુશ, વહીવટી અંકુશ, ટૅકનિકલ અંકુશ અને નાણાંકીય અંકુશ જોવા મળે છે. આ અંકુશને હકારાત્મક રીતે લેવા જોઈએ. ઉપલી કક્ષાએ સંકલનને અસરકારક બનાવવું જોઈએ.કોઈપણ કાર્યોના અસરકારક અમલ માટે ગામ, તાલુકા કે જિલ્લા કક્ષાએ નીચેથી ઉપર સુધી યોગ્ય સંકલન થાય તે આવશ્યક છે.

ગ્રામસભાએ ગ્રામ પંચાયત ઉપર દેખરેખ રાખવી જોઈએ. ગ્રામજનો ગ્રામ સભામાં અગત્યના પ્રશ્નો પૂછીને પંચાયતનાં તત્રને ચેતનવંતુ રાખી શકે છે. તાલુકા પંચાયતના પ્રમુખો અને ચેરમેનોને ઘણી વ્યક્તિઓ મળે છે. આવી મુલાકાતો અને પોતાનાં પ્રવાસોને હેતુપૂર્ણ બનાવવાં જોઈએ. તાલુકાના વહીવટ અને દેખરેખ માટે પ્રશ્નો પૂછતા રેહવું જોઈએ. જિલ્લા પંચાયતનાં પ્રમુખ અને ચેરમેને જિલ્લામાં આયોજનની દર મહિને દરેક ખાતાના અધિકારી અને સમિતિઓના ચેરમેનની સાથે બેઠક કરવી જોઈએ. આ બેઠકમાં ભાવિ આયોજનો તેના અમલીકરણના મુદ્દાઓ, સંભવિત પ્રશ્નો અને આ પ્રશ્નોને દૂર કરવાનાં ઉપાયોની પણ વિસ્તૃત ચર્ચા થવી જોઈએ. ચાલુ કાર્યોની પ્રગતિ, મૂલ્યાંકન અને અવરોધોની ચર્ચા તથા સમીક્ષા થવી જોઈએ. જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓ જેમ કે કારોબારી સમિતિ, સામાજિક ન્યાય સમિતિ, જાહેર બાંધકામ સમિતિ વગેરેની કાર્યવાહી સઘન રીતે થાય તથા પ્રજા કલ્યાણલક્ષી પ્રવત્તિઓમાં ખરા અર્થમાં વધારો થાય તે રીતે ચર્ચા વિચારણા, આયોજન અને અમલીકરણ થવું જોઈએ.

### 4.2.13 સ્ત્રી સશકિતકરણ ઉપર ભાર

પંચાયતીરાજમાં સ્ત્રીઓને અનામત આપવામાં આવી છે. સ્ત્રીઓ વાસ્તવમાં સશક્ત બને તે જરૂરી છે. સ્ત્રી સશક્તિકરણ માટે તેમને નેતૃત્વની યોગ્ય તાલીમ મળે તે આવશ્યક પાયાની શરત છે. આ તાલીમની વ્યવસ્થા ગ્રામ, તાલુકા, જિલ્લા કે રાજય સ્તરે કરવી જોઈએ. સરળ ભાષામાં છપાયેલું હોય તેવું ઉપયોગી સામગ્રીનું વિતરણ પણ તાલીમનાં અંતે કરવું જોઈએ.

જેથી તેનો પુનઃ અભ્યાસ કરી શકાય. મહિલાઓને તાલીમ આપતી વખતે સમાવેશ કરવા યોગ્ય બાબતો આ મુજબ છે.

- સમરસ પંચાયતોના ખ્યાલ વિષે સમજ આપવી
- સ્વાસ્થ્ય, સફાઇ, શિક્ષણ, જાહેર બાંધકામક્ષેત્ર, આત્મરક્ષણ, આયોજન, વહીવટી રીતભાત, ખેતીવાડી, જંગલ અને પશુ સંવર્ધન તથા ગ્રામોદ્યોગ ક્ષેત્રે, નાણાંકીય બાબતો, હિસાબી નિયમો બાબતે, કરવેરાને લગતી જોગવાઈઓ પંચાયત ભંડોળ, બિલની કાર્યવાહી, માલસામાનની ખરીદી કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો, પંચાયત વતી કરાર કરતા પહેલા ધ્યાનમાં રાખવાની બાબતો ઑડિટને લગતી બાબતોનો ખાસ સમાવેશ કરવો જોઈએ.
- ગુજરાતમાં ગાંધીનગર, બારડોલી, સમોડા, સાદરા, જૂનાગઢ વગેરે સ્થળે પ્રાદેશિક તથા પંચાયતીરાજ તાલીમ કેન્દ્રો આવેલા છે. વળી, તાલીમ આપનાર સ્ટાફની પસંદગી પણ સારી રીતે થવી જોઈએ.

### 4.2.14 નાણાંકીય બાબત

ગ્રામપંચાયતની નાણાંકીય સ્થિતિ સુધારવી જોઈએ. જેથી ગ્રામપંચાયતને સોંપાયેલા કાર્યો અને ફરજો તે અસરકારક રીતે કરી શકે. ગામનો સર્વાંગી અને સંતુલન વિકાસ કરવા માટે લોક સુખાકારીમાં વધારો કરતા કાર્યો થાય તે જરૂરી છે. પંચાયતીરાજની સંસ્થાઓમાં કાર્યોને કાર્યાન્વિત કરવા માટે જોઇતા નાણાંની સગવડનો પ્રશ્ન આજે પણ અગત્યનો છે.

સામાન્ય રીતે સ્થાનિક સંસ્થાઓને નાણાં માટે નીચેના ચાર સ્ત્રોતો પર આધાર રાખવો પડે છે.

- **કરવેરામાંથી થતી આવક**
- **રાજ્ય સરકારે નાંખેલા કરવેરામાંથી મળતો હિસ્સો**
- **રાજ્ય સરકાર દ્વારા મળતું અનુદાન**
- **બિન-કરવેરાનાં ક્ષેત્રમાંથી થતી આવક**

સ્થાનિક કરવેરાનાં સંબંધમાં તથા પંચાયતો માટે નાણાંકીય સહાય અંગે વિવિધ પંચાની ભલામણોને પણ ધ્યાનમાં રાખવી જોઇએ. આ અનુસંધાને સ્થાનિક નાણાંકીય તપાસ કમિટી 1950, કરવેરા તપાસ પંચ 1954, સંથનમ કમિટીનો અહેવાલ 1963 વગેરેની ભલામણોનો અભ્યાસ કરી વર્તમાન સમયને અનુરૂપ શકય હોય તેટલી બાબતોનો સ્વીકાર કરી અમલમાં મૂકવી જોઇએ.

આ સાથે ગ્રામીણ વિકાસનાં કાર્યોમાં પ્રજાની સહભાગીતાનાં પ્રતીક તરીકે લોક ફાળાને આવકારવો જોઇએ. જેમાં સ્થાનિક લોકો પોતાની જરૂરિયાતો પોતે જ નક્કી કરીને ફાળો ઉઘરાવે છે. પ્રાથમિક જરૂરિયાતોની સાથે, દવાખાનું વગેરે માટે યથાશકિત મુજબ ફાળો ઉઘરાવી હકારાત્મક વિકાસલક્ષી વાતાવરણ ઊભું કરી શકાય. વિકાસનાં ભગીરથ કાર્યમાં સરકાર જ બધું કરી આપે એવી એક તરફી માનસિકતામાંથી બહાર આવવું પડશે.

### 4.2.15 લોકશાહીનું ખરા અર્થમાં વિકેન્દ્રીકરણ

લોકશાહીમાં સત્તાનું વિકેન્દ્રીકરણ થાય તે જરૂરી છે. સત્તા કેન્દ્ર સરકાર, રાજય સરકાર અને સ્થાનિક સરકાર વચ્ચે વહેંચાયેલી હોય તો ખરા અર્થમાં લોકકલ્યાણના કાર્યોને વેગ આપી શકાય છે. આ સાથે નાણાંનું વિકેન્દ્રીકરણ પણ જરૂરી છે.

### 4.2.16 સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન

પંચાયતીરાજની સંસ્થાઓ સાથે જોડાયેલા લોકો, અધિકારીઓ અને પદાધિકારીઓનું તેમની કામગીરીનું સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન થાય તે ખૂબ જ જરૂરી છે. આ મૂલ્યાંકનનો હેતુ સ્પષ્ટ હોવો જોઈએ. કોઈએ તેને વ્યક્તિગત ન લેતા આવી પ્રવૃત્તિમાં સાથ-સહકાર આપી વાસ્તવિક ચિત્ર જાણવામાં ઉપયોગી થવું જોઈએ. જેથીપંચાયતીરાજને નડતી મુશ્કેલીઓ જાણી શકાય અને તેને દૂર કરવાનાં ઉપાયો પ્રયોજી શકાય.

### 4.2.17 રાજકીય પક્ષોની ભૂમિકા અને જવાબદારી

આધુનિક સમયમાં લોકશાહીમાં રાજકીય પક્ષોની અનિવાર્યતાથી આપણે સૌ પરિચિત છીએ. પંચાયતીરાજમાં જૂથવાદ અને કોમવાદ જેવા દુષણોનો પ્રવેશ થઈ ચૂક્યો છે. ઘણીવાર પંચાયતો વિકાસની બદલે સંઘર્ષનું માધ્યમ બની જાય છે. પંચાયતીરાજ આયોજિત વિકાસને વરેલું છે તેથી તેણે પક્ષીય રાજકારણથી દૂર રહેવુ જોઈએ. રાજકીય પક્ષોએ પંચાયતની ચૂંટણીમાં ખોટી બિનજરૂરી દરમિયાનગીરીથી દૂર રેહવું જોઇએ. જ્ઞાતિ, વર્ગ, કોમવાદને ડામવો જોઇએ. આ માટે સ્થાનિક પ્રજાનું રાજકીયકરણ થાય તે જરૂરી છે.

### 4.2.18 વિવિધ સમિતિઓની ભલામણ

પંચાયતીરાજની સંસ્થાઓ સારી રીતે કાર્ય કરી શકે તે માટે વિવિધ સમિતિઓની ભલામણોને ધ્યાને રાખીને શક્ય તેટલો અમલ કરવો જોઈએ. દા.ત. રાજસ્થાનની વ્યાસ કમિટીએ 1962માં પંચાયતોની કામગીરી સરળ અને સફળ બનાવવા નીચેની ભલામણો કરી હતી.

- પંચાયતોની નાણાંકીય સ્થિતિ સુધારવી જોઇએ.
- પંચાયતોનાં કાર્યો અને સત્તા વધુ સ્પષ્ટતાથી લખવાં જોઇએ.
- કાર્યક્ષમ વહીવટી કર્મચારીઓની સેવા મેળવવી જોઇએ.
- નિયમો અને કામ-કાજની પધ્ધતિને સરળ બનાવવી.
- મહેસુલ અને પોલીસ ખાતા તરફથી યોગ્ય સહકાર મેળવવો.
- સરકારી અન્ય ખાતાઓએ પંચાયતો પ્રત્યે આત્મીયતા કેળવવી જોઇએ.
- ગુનેગારો પ્રત્યે કડક વલણ અખત્યાર કરવું.
- સરપંચને હિસાબી કામકાજની જવાબદારીમાંથી મુક્ત કરવા જોઇએ.
- સામાજિક શિક્ષણને વેગીલું બનાવવું.

### 4.2.19 પંચાયતીરાજને લગતા અભ્યાસક્રમો અને સેમીનારને મહત્ત્વ આપવું

પંચાયતીરાજને ખરા અર્થમાં સુદૃઢ કરવા તથા તેના બહોળા પ્રચાર અને પ્રસાર માટે તેને લગતા વિવિધ સર્ટિફિકેટ, ડિગ્રી અભ્યાસક્રમોને સતત પ્રાત્સાહન આપવું જોઈએ. સરકારશ્રી તરફથી પણ આ બાબતે યોગ્ય માર્ગદર્શન લઇ વિવિધ કક્ષાના પ્રાદેશિક, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સેમીનારોનું આયોજન થવું જોઇએ. શૈક્ષણિક સંસ્થાઓએ આવા સેમિનારમાં અગત્યની ભૂમિકા ભજવવી જોઇએ.

### 4.2.20 પંચાયતીરાજમાં સંશોધનોને પ્રોત્સાહન

પંચાયતીરાજને લગતી બાબતો ઉપર વિવિધ કેસ સ્ટડી અને ક્રિયાત્મક અને ગુણાત્મક સંશોધનો થવાં જોઇએ. આવા સંશોધનો જેમ વધુ થશે એમ પંચાયતીરાજની મુશ્કેલીઓ સામે

આવશે. તેને દૂર કરવાના ઉપાયો પણ એટલા જ કારગત હોવાં જોઇએ. આ માટે સંશોધકને પ્રોત્સાહનરૂપે પારિતોષિક કે ઇનામ પણ આપવાની જોગવાઇ કરવી જોઇએ.

### 4.2.21 સલાહકાર સમિતિઓનું ગઠન

પંચાયતીરાજને વધુ સુદૃઢ બનાવવા માટે સહાયક અને સલાહકાર સમિતિનું ગઠન કરવું જોઇએ. જો ગઠન થયેલું હોય તો આ સમિતિઓએ સક્રિયતાપૂર્વક પોતાની ભૂમિકા નિભાવવી જોઇએ. પંચાયતીરાજમાં જણાતી વિસંગતતાઓ દૂર કરવી તથા સંભવિત મુશ્કેલીઓની આગોતરી જાણ કરવી, જેવી બાબતો ઉપર આ સમિતિઓએ કાર્ય કરવું જોઇએ. સરકારશ્રીને સમયાંતરે આ બાબતે સૂચન અને ભલામણો કરવી તથા પંચાયતીરાજની સંસ્થાઓમાં કાર્યરત કર્મચારીઓને ઉપયોગી બાબતોનું ધ્યાન રાખવું જોઇએ.

ઘણીવાર પંચાયતીરાજમાં કાર્ય કરતાં લોકોમાં પોતાનાં કાર્યો, ભૂમિકા અંગે સ્પષ્ટતા હોતી નથી. આવા સમયે લોકોને તથા પંચાયતીરાજની સંસ્થાઓ સાથે જોડાયેલા વ્યક્તિઓને સંભવિત બાબતોથી અવગત કરવા જોઇએ.

## 4.3 પંચાયતી રાજની ઉપસતી ભાતો

પંચાયતીરાજનાં અમલનાં આટલાં વર્ષો બાદ અનુભવથી આપણે ઘણું શીખ્યાં છીએ અને હજી ઘણું શીખવાનું બાકી છે. આપણા દેશની ભૂગોળ, કદ, વસ્તી, વિસ્તાર, વિવિધતા અને જટિલતાઓને ધ્યાને લેતા આ કાર્ય ઘણું પડકારજનક છે. સમગ્ર દેશમાં એક સરખા પંચાયતીરાજનાં માળખાનો સ્વીકાર થયેલો નથી. પરંતુ પોતાની પરિસ્થિતિઓને અનુકૂળ આવે એ રીતે દરેક રાજ્યએ પંચાયતીરાજની વ્યવસ્થાનો સ્વીકાર કર્યો છે. હૈદરાબાદમાં 1959માં સેન્ટ્રલ કાઉન્સિલ ઑફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટની પાંચમી બેઠક મળી હતી. આ બેઠકમાં થયેલ ચર્ચા અનુસાર " પંચાયતીરાજની વિશાળ ભાત અને તેનાં મૂળભૂત તત્ત્વો ભલે બધે એક સરખા હોય પણ અમુક એક ભાત વિષે કોઇ ચુસ્તતા ન હોવી જોઈએ. હકીકતમાં આપણો દેશ એટલો વિશાળ છે અને પંચાયતીરાજએ દુરગામી પરિણામો ધરાવતો એક અત્યંત સંકુલ વિષય છે. તેમાં જુદી જુદી ભાતો અને વિકલ્પોનો પ્રયોગ કરવાની પુરેપુરી ગુંજાશ રહેલી છે. સૌથી મહત્ત્વની બાબત એ છે કે સત્તા ખરેખર સાચા અર્થમાં લોકોને સુપ્રત કરવાની છે. જો આ હેતું પાર પડતો હોય તો પછી જુદાં જુદાં રાજ્યોમાં પ્રવર્તતી પરિસ્થિતિઓને આધારે તેની ભાત અને સ્વરૂપમાં વૈવિધ્ય આવવાનું." હવે આપણે ભારતમાં પંચાયતરાજની વિવિધ ઉપસતી ભાતો અને તરાહોનો વિગતે અભ્યાસ કરીશું.

- **આંધ્રપ્રદેશમાં પંચાયતીરાજનું મૉડેલ**

1959 થી 1983 સુધી આંધ્રપ્રદેશમાં પંચાયતીરાજના ત્રિસ્તરીય માળખાનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. રાજ્યમાં તેલુગુ નામના પ્રાદેશિક પક્ષના ઉદ્દભવ અને પ્રભાવની અસર પંચાયતીરાજ ઉપર ખાસ પડેલી જોવા મળે છે. કેટલાંક ફેરફારો પછીથી દાખલ કરવામાં આવ્યા હતા. જેમાં આંધ્રપ્રદેશ મંડળ પ્રજા પરિષદ, જિલ્લા પરિષદ, જિલ્લા પ્રણાલિકા અભિવૃદ્ધિ મંડળ ઍકટ 1986 પર આધારિત છે. આ કાયદા મુજબ પંચાયતીરાજમાં ચાર સ્તરીય માળખું સ્વીકારવામાં આવ્યુ જેમાં ગ્રામ્ય કક્ષાએ ગ્રામપંચાયત, ગામોનાં જૂથ માટે મંડળ પ્રજા પરિષદ, દરેક જિલ્લા માટે જિલ્લા પરિષદ અને દરેક જિલ્લા માટે અભિવૃદ્ધિ સમીક્ષા મંડળીનો સ્વીકાર કરવામાં આવ્યો. જો કે એક સમીક્ષા એવી પણ કરવામાં આવી છે કે અભિવદ્ધિ મંડળને કારણે વિકેન્દ્રીકરણને બદલે કેન્દ્રીકરણ વધ્યું છે. મંડળ પચાયતોને કારણે ગ્રામ પંચાયતોનું મહત્ત્વ

ઘટ્યું છે. મહિલાઓને પ્રતિનિધિત્વ આપવાથી તેમની ભાગીદારીમાં વધારો થયો છે. અહીં મંડળ પંચાયતનો પ્રયોગ નવીનતમ કહી શકાય.

1983 પહેલાના ત્રિસ્તરીય માળખામાં ગ્રામસભા અને ગ્રામપંચાયતએ સૌથી નીચેનું પાયાનું એકમ હતું. મધ્ય કક્ષાએ પંચાયત સમિતિની સ્થાપના કરવામાં આવી હતી. જેમાં હોદ્દાની રૂએ અને કો-ઓપ્ટ થયેલા સભ્યો બેસતા હતા. જયારે જિલ્લા પરિષદ એ પંચાયતીરાજની ટોચની સંસ્થા હતી. પંચાયત અને જિલ્લા પરિષદમાં બંનેમાં સાત જેટલી સ્થાયી સમિતિઓ પણ આવેલી હતી. આ સંસ્થાઓ મુખ્યત્વે નાગરિક સુવિધાને લગતા કલ્યાણલક્ષી અને વિકાસલક્ષી કાર્યો ઉપર ભાર આપે છે.

- **પશ્ચિમ બંગાળમાં પંચાયતીરાજનું મૉડેલ**

પશ્ચિમ બંગાળમાં ગ્રામપંચાયતોને સક્રિય બનાવવા પર ખાસ ભાર મૂકવામાં આવેલ છે. પંચાયતીરાજમાં માળખાકીય કોઈ મોટા ફેરફારો અહી કરવામાં આવ્યા નથી. અહીં ત્રિસ્તરીય માળખાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. પંચાયતીરાજની સંસ્થાઓની કામગીરી અંગે સરકારનો એક આગવો દૃષ્ટિકોણ જોવા મળે છે. ખેડૂતો અને શ્રમજીવીઓ માટે સામાજિક તથા આર્થિક સુધારાઓનાં તેઓ હિમાયતી છે. અહીં ગ્રામીણ વિકાસ ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. પશ્ચિમ બંગાળમાં મહિલાઓ અને ગરીબ વર્ગોનાં પ્રતિનિધિઓની ભાગીદારી વધી રહી છે.

- **મહારાષ્ટ્રમાં પંચાયતીરાજનુ મૉડેલ**

મહારાષ્ટ્રમાં પંચાયતીરાજનો અમલ 1962 થી કરવામાં આવ્યો હતો. 1960માં વી.પી. નાયકના અધ્યક્ષપદે નિમાયેલ સમિતિની ભલામણોને આધારે મહારાષ્ટ્રમાં પંચાયતીરાજનું ત્રિસ્તરીય માળખું સ્વીકારવામાં આવ્યું છે. તત્કાલ સમયની પંચાયતીરાજની વ્યવસ્થાનો અભ્યાસ કર્યા પછી તેની નિષ્ફળતાનાં કારણોનો અભ્યાસ કર્યા બાદ નાયક સમિતિએ સૂચવ્યું હતું કે બધી જ વિકાસલક્ષી યોજનાઓને ત્રણ વિભાગોમાં વહેંચી દેવી જોઈએ.

1. રાજ્ય કક્ષાની યોજનાઓ
2. સ્થાનિક કક્ષાની યોજનાઓ
3. સામુદાયિક વિકાસની યોજનાઓ

મહારાષ્ટ્રમાં ગ્રામપંચાયતએ પાયાનું એકમ છે. તેની રચના જિલ્લા પરિષદથી સ્વતંત્ર રીતે કરવામાં આવેલી છે. પંચાયત સમિતિએ જિલ્લા પરિષદની એક ધારાકીય સમિતિ છે. સમિતિનાં સભ્યોમાં ચુંટાયેલ જિલ્લા પરિષદનાં સભ્યો, કો-ઓપ્ટ કરવામાં આવેલા સભ્યો વગેરેનો સમાવેશ થાય છે. પંચાયત સમિતિના સભ્યો પોતાનામાંથી ચેરમેન અને ડેપ્યુટી ચેરમેનને ચૂંટે છે. દરેક જિલ્લામાં જિલ્લા પરિષદોની રચના કરવામાં આવી છે. જિલ્લા પરિષદએ વિકેન્દ્રીકરણનું મુખ્ય એકમ છે. જિલ્લાની પંચાયત સમિતિઓના અધ્યક્ષો જિલ્લા પરિષદનાં હોદ્દાની રૂએ સભ્યો હોય છે. જેથી સમિતિ અને જિલ્લા પરિષદ વચ્ચે યોગ્ય સંકલન અને સાયુજય સ્થપાય. જિલ્લા પરિષદનાં સભ્યો પોતાનામાંથી પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી કરે છે. વિષય સમિતિઓના ચેરમેન તરીકે બે સભ્યોની ચૂંટણી કરવામાં આવે છે.

- **ગુજરાતમાં પંચાયતીરાજનું મૉડેલ**

ગુજરાતમાં પંચાયતીરાજનો અમલ 1963થી કરવામાં આવ્યો છે. ગુજરાતનું પંચાયતીરાજનું મૉડેલ અને મહારાષ્ટ્રનાં પંચાયતીરાજનું મોડેલમાં ઘણી સામ્યતાઓ જોવા મળે છે. એકંદરે ગુજરાતમાં પંચાયતીરાજને ઘણી સફળતા મળી છે. દેશમાં શ્રેષ્ઠ જિલ્લા પંચાયત

તરીકેની પસંદગી 1986માં સુરત જિલ્લા પંચાયતની થઈ હતી. પંચાયતીરાજનાં જિલ્લા પંચાયતોનાં પ્રમુખની બનેલી 'ગુજરાત પંચાયત પરિષદ' એક નવતર પ્રયોગ છે. આ સાથે રાજ્યની સાથે સંકલન કરવા માટે રચવામાં આવેલ 'ગુજરાત પંચાયત પરિષદ'ની શરૂઆત ગુજરાતે કરી છે. ગુજરાતમાં પંચાયતીરાજનાં ત્રણેય એકમોનું મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે. ગુજરાતનાં પંચાયતીરાજની ખાસિયત એ છે કે પંચાયતી ચૂંટણીઓ નિરંતર ચાલતી રહે છે. રાજકીય નેતાઓ વિકાસલક્ષી કાર્યોને આધારે મતદારોને આકર્ષવા માટે ચાલક બળ બન્યાં છે. પંચાયતીરાજની સંસ્થાઓમાં અગ્રવર્ગની સાથે હવે સમાજનાં તમામ વર્ગોનું પ્રતિનિધિત્વ વધી રહ્યું છે. જો કે ગુજરાતમાં મહારાષ્ટ્રની જિલ્લા પરિષદો જેટલી ગુજરાતની જિલ્લા પંચાયતો મજબૂત બની શકી નથી.

- **કર્ણાટકમાં પંચાયતીરાજનું મૉડેલ**

કર્ણાટકમાં 1959માં પંચાયતીરાજનો અમલ કરવામાં આવ્યો. પહેલા અહીં ત્રિસ્તરીય માળખાનો સ્વીકાર કરવામાં આવેલ છે. સૌથી નીચે ગ્રામપંચાયતો/નગર પંચાયતો આવેલી છે. તેનાં સભ્યોની ચૂંટણી સીધી રીતે કરવામાં આવે છે. અનુ.જાતિ, અનુ.જનજાતિ અને સ્ત્રીઓ માટે અનામત બેઠકોની જોગવાઈ પણ કરવામાં આવેલી છે. બીજા રાજ્યોની જેમ કર્ણાટકમાં પણ ગ્રામસભાની જોગવાઇ કરવામાં આવેલી છે. તાલુકા કક્ષાએ તાલુકા વિકાસ બોર્ડની રચના કરવામાં આવી છે. તેની ચૂંટણી પ્રત્યક્ષ રીતે મતદારો દ્વારા કરવામાં આવતી. દરેક જિલ્લામાં જિલ્લા પરિષદની રચના કરવામાં આવી છે. જેમાં સ્થાનિક વિધાન સભ્યો, વિધાન પરિષદનાં સભ્યો અને સંસદ સભ્યોનો સમાવેશ થાય છે. કર્ણાટકમાં શ્રી રામકૃષ્ણ હેગડેની જનતા સરકારે પંચાયતીરાજને નવો આકાર આપવા 1985માં ઘણી નવી બાબતોનો સમાવેશ કર્યો હતો.

કર્ણાટકમાં પંચાયતીરાજની પ્રથા 'જિલ્લા પરિષદો', તાલુકા પંચાયત સમિતિઓ, મંડળ પંચાયતો અને ન્યાય પંચાયતો, કાનૂન 1985 પર આધારીત છે. જૂના ત્રિસ્તરીય માળખાને બદલે ફેરફાર કરીને અનુક્રમે જિલ્લા પરિષદો, તાલુકા પંચાયત સમિતિઓ, મંડળ પંચાયત અને ગ્રામ સભા એમ ચાર સ્તરો ધરાવતી પંચાયતીરાજનાં માળખાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. આ નવા માળખામાં જિલ્લા પરિષદોને વધુ મજબૂત બનાવવામાં આવી છે.જિલ્લા પરિષદમાં પ્રમુખ અને ઉપપ્રમુખને રાજ્ય કક્ષાના પ્રધાન કે નાયબ પ્રધાન જેટલું માન અપાશે.

મંડળ પંચાયતોની રચના તાલુકા અને ગ્રામ પંચાયતોની વચ્ચે એક નવા સ્તર તરીકે કરવામાં આવી છે. કર્ણાટકમાં મૃતઃપાય થયેલી ગ્રામસભાને પુનર્જીવિત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. 1959માં ન્યાય પંચાયતની કોઇ જોગાવઈ કરવામાં આવી ન હતી. પરંતુ 1987 થી તેની જોગવાઈ કરવામાં આવી છે. અહીં રાજકીય પક્ષોને ચૂંટણી કરવાની છૂટ આપવામાં આવી છે. પક્ષ પલ્ટા વિરોધી કાનૂન તેમાં દાખલ કરવામાં આવ્યો છે અને તેનાં નાણાંકીય જોગવાઈનો પાયો મજબૂત બનાવવામાં આવ્યો છે. કર્ણાટકમાં આ નવી પંચાયતીરાજની વ્યવસ્થાએ એક અલગ જ મૉડેલ રજૂ કર્યુ છે.

## 4.4 પંચાયતીરાજનું ભાવિ

પંચાયતીરાજનાં અમલથી લઈને વર્તમાન સમય સુધી તે અનેક ચડાઉ-ઉતાર માંથી પસાર થયું છે. પંચાયતીરાજની સંસ્થાઓ પોતાના અનુભવથી શીખીને આગળ વધી રહી છે. ભારત જેવા લોકશાહી અને વિકાસશીલ દેશમાં લોકશાહીકરણની પ્રક્રિયાના ભાગ તરીકે પંચાયતીરાજની સંસ્થાઓનું મહત્ત્વ રહેવાનું જ એ એક નિર્વિવાદ છે. પંચાયતીરાજનાં અમલિકરણમાં વ્યવહારમાં પડતી મુશ્કેલીઓને નિવારી શકાય એવા ઉપાયો પ્રયોજીને

પંચાયતીરાજના પાયાનાં ઉદ્દેશો પૂર્ણ કરવા જોઈએ. પંચાયતીરાજની સફળતાની પૂર્વ શરતોને પણ ધ્યાને લેવી આવશ્યક છે. પંચાયતીરાજની વ્યવસ્થામાં કાર્ય કરતાં લોકોમાં પોતાનાં કાર્યો અને ભૂમિકા અંગે જાગૃતિ વધતી જાય છે. એટલું ચોક્કસ કે નાણાંકીય કે માળખાગત સુવિધાઓ, એકીકૃત અને સંકલિત વહીવટી માળખું અને બંધારણીય જોગવાઈઓને ધ્યાને રાખીને આગળ વધવામાં આવે તો આવનારા વર્ષોમાં પંચાયતીરાજની રોશની એક હકારાત્મક અને વિકાસાત્મક વાતાવરણ ઊભું કરશે. આ માટે પંચાયતીરાજની સંસ્થાઓને સુદૃઢ અને મજબૂત બનાવવા માટે યોગ્ય પગલા લેવાની પણ તાતી જરૂરિયાત છે. પંચાયત રાજની સંસ્થાઓની આત્મનિર્ભરતા જરૂરી છે. આવનાર સમયમાં સમાજનાં તમામ વર્ગોનું પ્રતિનિધિત્વ અને હિસ્સેદારી વધતી જાય છે અને વધતી રહેવાની. આ સાથે જરૂર છે યોગ્ય સમજ, સંકલ્પ અને સંનિષ્ઠ પ્રયત્નની. ભારતમાંથી પંચાયતીરાજને દૂર કરવું હવે શક્ય નથી પરંતુ પંચાયતીરાજને ખરા અર્થમાં સાકાર કરીને અપેક્ષિત સફળતા મેળવવાનું હજી બાકી છે.

## 4.5 સારાંશ :

પંચાયતીરાજનો મુખ્ય ઉદ્દેશ જ એ છે કે ગ્રામીણ પ્રજાનો વિકાસ કાર્યોમાં મહત્તમ હિસ્સો મેળવવો. સ્થાનિક સ્તરે નડતા પ્રશ્નો કે મૂંઝવણોનો ઉકેલ સ્થાનિક કક્ષાએ લાવી શકાય. આ માટે સ્થાનિક કક્ષાએ જ મજબુત વહીવટીતંત્ર ઊભુ કરવુ. યોગ્ય નેતાગીરીનું નિર્માણ કરવું. પ્રાદેશિક વિભિન્નતાઓ, જટીલતાઓ, વિકાસની વ્યૂહરચનામાં અડચણરૂપ બાબતો આ બધા પરિબળોને સમજીને પંચાયતીરાજની સંસ્થાઓની કામગીરીમાં જણાતી આંતરિક ઉણપો કે મુશ્કેલીઓ દૂર કરવા સહિયારા પ્રયત્નો કરવાં જોઇએ. પંચાયતીરાજના ખ્યાલ વિશે પ્રવર્તતી સંદિગ્ધતા દૂર થશે તો જ પ્રજાકીય સહભાગિતાથી પંચાયતીરાજનો મૂળ ઉદ્દેશ પૂર્ણ કરી શકાશે. આ માટે માત્ર સરકાર પાસેથી કે અધિકારીઓ અને પદાધિકારીઓ પાસેથી અપેક્ષા ન રાખતા લોકોની સ્વયંભૂ જાગૃતિ અને સક્રિયતા પણ એટલી જ જરૂરી છે. પંચાયતીરાજની સંસ્થાઓમાં કાર્ય કરતા અધિકારીઓ અને પદાધિકારીઓએ પણ લોકોની ઇચ્છા, અપેક્ષા અને મહત્ત્વકાંક્ષાઓને સમજીને તેને સાકાર કરવામાં અગત્યની કડીરૂપ ભૂમિકા ભજવવાની છે. સરકારશ્રીનો શકય એટલો સહયોગ લઇ ત્રિસ્તરીય માળખાને વધુ સુદૃઢ, કાર્યશીલ અને શંકાવિહીન બનાવવાનું છે. આ માટે શિક્ષણનું માધ્યમ સર્વોત્તમ ઉચિત છે.

પંચાયતીરાજની સંસ્થાઓને માત્ર વિકાસની 'એજન્સી' જ ન માનતા ખરા અર્થમાં સ્થાનિક સ્વશાસનનાં પાયાના એકમ તરીકે તેનો સ્વીકાર થવો જોઈએ. દૃઢ રાજકીય ઇચ્છા શક્તિ અને સ્થાનિક લોકોની જાગૃતિ અને સક્રિયતા આ માટે પૂર્વ શરત છે. કોઇપણ વ્યવસ્થાનો ઉદ્દેશ હંમેશા સારો જ હોય છે પરંતુ તેની સફળતા અને નિષ્ફળતાનો આધાર ઘણાં પરિબળો પર આધારિત છે. ભારતમાં સ્થાનિક સ્વશાસનના સંદર્ભમાં 73મો બંધારણીય સુધારો અને 74મો બંધારણીય સુધારો એક ક્રાંતિકારી કદમ ગણાવી શકાય. પંચાયતીરાજમાં સમાજનાં અલિપ્ત અને પછાત વર્ગોની અને મહિલાઓની ભાગીદારીથી આવનાર સમયમાં એક હકારાત્મક વાતાવરણ ઊભું થાય તેવી શક્યતા છે. વ્યવહારમાં નડતા અવરોધોને પાર કરીને તેમાંથી ઉકેલો શોધી આ દિશામાં આગળ વધવું ઘટે. ભારત જેવા સોપાનિક સ્તરીકરણનાં સમાજમાં પંચાયતીરાજની સફળતા અને ઉજ્જવળ ભાવિની મનોકામનાં મક્કમ રીતે રાખી આગળ વધતા રહીએ તે આવશ્યક છે.

## 4.6 ચાવીરૂપ શબ્દો :

**ગ્રામસભા :** ગ્રામસભા એટલે ગ્રામ્ય સ્તરે પંચાયત વિસ્તારની ગામની મતદાર યાદીમાં નોંધાયેલા લોકોની બનેલી સંસ્થા. જો કોઇ ગ્રામપંચાયતમાં એક થી વધારે મહેસૂલી ગામ હોય તો તેવા તમામ ગામોની મતદાર યાદીમાંના મતદારોની એક ગ્રામસભા બનેલી ગણાય.

**તાલીમ :** સેવા પૂર્વેની તાલીમ સેવામાં પ્રવેશ લીધા પછીની તાલીમ. તાલીમના પણ ઘણા પ્રકારો હોય છે જેમ કે બુનિયાદી તાલીમ, પુનરાવર્તન તાલીમ, વિશિષ્ટ તાલીમ વગેરે.

**સત્તાનું વિકેન્દ્રીકરણ :** સત્તાનુ વિભાજન જેમાં સત્તા ઉપરથી નીચે સુધી વહેંચાયેલી હોય.

**સ્ત્રી સશક્તિકરણ :** સ્ત્રીઓને સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને રાજકીય એવા તમામ ક્ષેત્રમાં સશકત કરવી.

**અલિપ્ત :** જેનો સમાવેશ થયો નથી એ અર્થમાં આ શબ્દ પ્રયોજાયો છે.

**સોપાનિક સ્તરિકરણનો સમાજ :** જ્ઞાતિ કે આર્થિક શકિતનાં ધોરણે વિવિધ કક્ષાઓમાં વહેંચાયેલો સમાજ.

## 4.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો :

1. S.N.Mishra, Shweta Mishra, Chaitali Pal, Decentralised Planning and Panchayati Raj Mittal Publications, New Delhi, Inida, first Edition, 2000.
2. D. Bandyopadhyay, Amitava Mukherjee, Mitali sen Gavai, 'Empowering Panchayats Handbook for Master Trainers Using Participatory Approach' Rajiv Gandhi foundation, Concept Publishing Company, New Delhi first Published 2003.
3. गिरवरसिंह राठौड : 'भारत में पंचायती राज' पंचशील प्रकाशन जयपुर, प्रथम संस्करळ,2004.
4. उमेश प्रसाद सिंह : पंचायती राज व्यवस्था में पंचायत समिति, राधा पब्लिकेशन्स, नई दिल्ली, प्रथम सस्करळ,2004.
5. બી. સી. શાહ : 'ભારતમાં પંચાયતીરાજ', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, ચોથી આવૃત્તિ,2015
6. સં. બિપીનચંદ્ર વૈષ્ણવ :'પંચાયત નિયમો' ભાગ-1,નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ,2001.
7. સં. બિપીનચંદ્ર વૈષ્ણવ: 'પંચાયતીરાજ' નવસર્જન પ્રકાશન, અમદાવાદ, 2000.

## 4.8 તમારી પ્રગતિ ચકાસો

**(અ) નીચે આપેલા ખરાં-ખોટા જણાવો.**

1. પંચાયતીરાજની સફળતા માટે ગ્રામ સભાની અસરકારતા જરૂરી છે.
2. પંચાયતીરાજમાં માત્ર અધિકારીઓની જ ભૂમિકા અગત્યની છે.
3. સરપંચને હોદ્દા પરથી દૂર કરવાની રીત દરેક રાજ્યમાં અલગ જોવા મળે છે.

4. પંચાયતીરાજમાં ભરતી અને તાલીમનું કોઈ મહત્ત્વ નથી.
5. આંધ્રપ્રદેશમાં 1983સુધી પંચાયતીરાજનું ત્રિસ્તરીય માળખું અમલમાં હતું.
6. ગુજરાતમાં દરેક જિલ્લા પ્રમાણે જિલ્લા અભિવૃધ્ધિ સમીક્ષા મંડળીનો સ્વીકાર કરવામાં આવ્યો છે.
7. પશ્ચિમ બંગાળમાં ચાર સ્તરીય માળખાનો સ્વીકાર કરવામાં આવ્યો છે.
8. મહારાષ્ટ્રમાં પંચાયતીરાજનો અમલ 1960થી કરવામાં આવ્યો હતો.
9. ગુજરાતમાં 'ગુજરાત પંચાયત પરિષદની' સ્થાપના કરવામાં આવેલી છે.
10. 73મો બંધારણીય સુધારો પંચાયતીરાજને લગતો છે.

**(બ) નીચે આપેલ ખાલી જગ્યા પૂરો**

1. મહારાષ્ટ્રમાં ________ના અધ્યક્ષ પદે નિમાયેલ સમિતિની ભલામણનાં આધારે પંચાયતીરાજનાં માળખાનો સ્વીકાર કરવામાં આવ્યો છે.
2. ગુજરાતમાં પંચાયતીરાજનો અમલ ________થી કરવામાં આવેલો છે.
3. _________રાજ્યમાં શ્રી રામકૃષ્ણ હેગડેની સરકારે પંચાયતીરાજને લગતા ઘણા ફેરફારો કર્યા હતા.

**(ક) નીચે આપેલા બહુવૈકલ્પિક પ્રશ્નોનાં જવાબ આપો.**

**1. પંચાયતરાજમાં દેખરેખ અને અંકુશ માટે પરંપરાગત પધ્ધતિઓ કેટલી છે ?**

A બે　　B ત્રણ
C ચાર　　D પાંચ

**2. ગુજરાતમાં પંચાયતીરાજના તાલીમ કેન્દ્રો છે.**

A ગાંધીનગર　　B બારડોલી
C જૂનાગઢ　　D ત્રણેય

**3. પંચાયતોનો નાણાંનો સ્ત્રોત છે. ——**

A કરવેરામાંથી થતી આવક
B રાજ્ય સરકાર દ્વારા મળતું અનુદાન
C બિનકરવેરા ક્ષેત્રમાંથી થતી આવક
D ઉપરોક્ત ત્રણેય

**4. પંચાયતીરાજની સંસ્થાઓની સફળતા માટે આવશ્યક છે.——**

A સ્થાનિક લોકોની સક્રિય ભાગીદારી
B તાલીમ
C સલાહકાર સમિતિઓનું ગઠન
D ઉપરોક્ત ત્રણેય

**(ખ) નીચે આપેલ પ્રશ્નનો વિગતવાર જવાબ આપો.**

1. પંચાયતીરાજને સફળ બનાવવાના ઉપાયોની વિગતવાર ચર્ચા કરો.

2. ભારતમાં પંચાયતીરાજની ઉપસતી ભાતોનું વર્ણન કરો.

**(ગ) નીચે આપેલ પ્રશ્ન પર ટૂંકનોંધ તૈયાર કરો.**

1. પંચાયતીરાજનું ભાવિ.

**4.9 જવાબો**

- **ખરાં-ખોટાં જવાબો**

| | | | | |
|---|---|---|---|---|
| 1. સાચું | 2. ખોટું | 3. સાચું | 4. ખોટું | 5. સાચું |
| 6. ખોટું | 7.ખોટું | 8. ખોટું | 9. સાચું | 10. સાચું |

- **ખાલી જગ્યાના જવાબો**

1. વી. પી. નાયક 2. 1963 3. કર્ણાટક

- **બહુવૈકલ્પિકના જવાબો**

1. ત્રણ
2. ત્રણેય
3. ઉપરોકત ત્રણેય
4. ઉપરોકત ત્રણેય